શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

શ્રી કચ્છી સમાજ
અમદાવાદ

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૬મું
મે : ૨૦૨૩ ● અંક : ૧૧
કુલ પાના : ૬૦

૧૫ મે, ૨૦૨૩ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૫-૨૦૨૩ કિંમત : રૂા. ૧૮/-



## ભારતનો અભિશાપિત પુત્ર
## વીર સાવરકર

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

કચ્છ શ્રુતિને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

સાચા મિત્રોના હાથ પર ક્યારેય
ફ્રેંડશિપ બેલ્ટ નથી હોતા
મિત્રતાના દિવસ નહિ,
પણ દાયકાઓ હોય છે.

મિત્રતા હોય તો સુદામા - કૃષ્ણ
જેવી હોવી જોઈએ સાહેબ
એક કશું માંગતો નથી,
એક બધું જ
આપીને જણાવતો નથી.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર
(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ






**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
- GE Centricity® **સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.**
- **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડ્રેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગ્રેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેક્શન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT Certified Green Operated On Theater

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS®
Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

# અંગ્રેજી શીખવા માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો

રોજિંદા જીવનમાં અંગ્રેજીનો પ્રભાવ ખૂબ વધી રહ્યો છે. એટલા માટે અંગ્રેજી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ આજે અત્યંત જરૂરી બન્યો છે. અંગ્રેજી શીખવા ઈચ્છુક બધા અભ્યાસાર્થીઓ માટે આ પુસ્તકો તૈયાર કરવામાં આવ્યાં છે.




દરેક બુકસેલરને ત્યાં મળે છે.

NAVNEET®

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

દ્વારા આયોજિત

## અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષ નિમિત્તે સમાજ પરિવારજનોનું સ્નેહ મિલન સમારંભ સાથે ગુજરાતી સામાજિક નાટક અને સ્વરૂચિ ભોજન

**રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૨૩ ● સ્થળ : દિનેશ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ**
**નાટક : બપોરે ૩.૦૦થી સાંજે ૬.૦૦ અને ત્યારબાદ ભોજન સમારંભ**

*સ્નેહી પરિવારજનો,*

અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષને પોંખવા અને પરસ્પર મળવા રવિવાર, તા. ૨૫-૦૬-૨૦૨૩ના રોજ નૂતન વર્ષ મિલન સમારંભ અને તે સાથે ગુજરાતી સામાજિક નાટકનું આયોજન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે.

- ❖ *મુંબઈનું પ્રખ્યાત નાટક : શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈ નિર્મિત ડ્રામા "આવજે"*
- ❖ *દિગ્દર્શક : વિજય ગાલા અને રીષભ છેડા*
- ❖ *માધ્યમ : ગુજરાતી*
- ❖ *અવધિ : અંદાજે ૩ કલાક.*

**આ કાર્યક્રમ માટે ★ કાર્યક્રમના સૌજન્ય ★ હોલ સૌજન્ય ★ ભોજન સૌજન્ય તરીકેના સવિશેષ સૌજન્ય દાતા આવકાર્ય છે.**

**પાસ અંગે વિગત**

*આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યશ્રીઓ માટે પ્રવેશ પાસની કિંમત ગત વર્ષ મુજબ રૂા. ૧૦૦૦/-, રૂા. ૫૦૦/- અને રૂા. ૩૦૦/- વ્યક્તિ દીઠ રાખવામાં આવેલ છે. જે સમાજના કાર્યાલયમાં તા. ૨૦-૫-૨૦૨૩થી તા. ૨૦-૬-૨૦૨૩ સુધી જમા કરાવીને પોતાના પ્રવેશ પાસ મેળવી લેવાના રહેશે કે જેમાં નાટકના પાસ અને ભોજન સામેલ છે.*

આપનો સાથ સહકાર એ જ સંસ્થાની સમૃદ્ધિ - સેવા.

***વધુ માહિતી માટે સંપર્ક :*** *હિમાંશુભાઈ ઠક્કર મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪*
*દીપકભાઈ ચૌહાણ મો. ૯૮૭૯૫ ૪૯૭૬૫*

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**અશોક મહેતા**
**પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*માણસ એટલો શક્તિશાળી નથી કે તે પોતાને ઘડી શકે, છેવટે તો પરિસ્થિતિ જ તેને ઘડતી હોય છે.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

સંચાલિત

# દવા વિતરણ યોજના

અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારમાં હાલે લગભગ ૫૦૦૦થી પણ વધુ કચ્છી પરિવારોનો વસવાટ રહેવા પામેલ છે. મોટાભાગના પરિવારોમાં સિનિયર સિટીઝનોનો સમાવેશ લગભગ હોય છે કે જેમને મહિને રૂા. ૨૦૦૦/- થી રૂા. ૩૦૦૦/- સુધીની દવાની જરૂરિયાત રહે છે.

***દરેક ઘરની આ જરૂરિયાતને સમજી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદે એક યોજના વિચારેલ છે કે જેના દ્વારા જરૂરિયાત અનુસારની દરેક બ્રાન્ડેડ દવા દરેક પરિવારને ત્યાં M.R.P.ના ભાવ કરતાં ૨૨ ટકા ડિસ્કાઉન્ટમાં અને ફ્રી ડિલીવરી ચાર્જથી પહોંચાડવામાં આવે.***

અમદાવાદમાં વિવિધ કચ્છી પરિવારોના ૩૦ની આસપાસની સંખ્યાના કચ્છી ઘટક સમાજો અસ્તિત્વ ધરાવે છે કે જે દરેક સમાજને આ પ્રકારની દવા વિતરણની યોજના મોકલી આપવામાં આવેલ હતી.

અમારી આ અપીલને માન આપી, અત્યાર સુધી નીચે મુજબના કચ્છી ઘટક સમાજોએ પોતાના પરિવારની સંખ્યા, તેમની મુખ્ય વ્યક્તિના નામ અને તેમના મોબાઈલ નંબર મોકલી આપેલ છે કે જેમનો અમે દવા વિતરણ ગ્રુપ નં.-૧ અથવા ગ્રુપ નં.-૨ માં સમાવેશ કરી શક્યા છીએ.

| ક્રમ | કચ્છી ઘટક સમાજ | પરિવારોની સંખ્યા |
|---|---|---|
| ૧. | શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ | ૩૭૩ |
| ૨. | શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ - અમદાવાદ | ૪૩૨ |
| ૩. | શ્રી કચ્છી ભાનુશાળી સેવા સમાજ - અમદાવાદ | ૧૪૮ |
| ૪. | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ | ૧૧૨ |
| ૫. | શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ - અમદાવાદ | ૧૪૯ |
| ૬. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નિકોલ | ૮૯ |
| ૭. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડા | ૪૭૧ |
| ૮. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવ | ૧૧૮ |
| ૯. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - જશોદાનગર | ૩૧ |
| ૧૦. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - પશ્ચિમ વિભાગ | ૩૧૪ |
| | | ૨૨૩૭ |

ઉપરોક્ત ૨૨૩૭ની સંખ્યાના પરિવારોની સામે જેઓના વૉટ્સએપ નંબર છે, તેઓ બધાનો સમાવેશ આ દવા વિતરણ ગ્રુપમાં કરી દેવામાં આવેલ છે. ***ઉપરોક્ત ૨૨૩૭ની સંખ્યામાંથી લગભગ ૬૦૦થી પણ વધુ વ્યક્તિઓના ફોન નંબર એવા છે કે જેઓ વૉટ્સઍપ ગ્રુપમાં નથી. તેથી તેઓનો સમાવેશ થઈ શકેલ નથી.***

*કોઈને પણ આપણે આપેલું દુ:ખ, એ જ આપણા દુ:ખનું કારણ છે.*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે પોતાના પરિવારો માટે આ પ્રકારની દવા વિતરણ યોજના અગાઉથી શરૂ કરી દીધેલ હોવાથી એ સભ્યોના નામોની પણ ગણના કરવામાં આવેલ નથી.

*ઉપરોક્ત પરિવારોમાંના અનેક લોકોએ આ પ્રકારની દવા વિતરણ યોજનાનો લાભ લેવાનું શરૂ કરી દીધેલ હોવાથી તેઓને સારો એવો ફાયદો થઈ રહેલ છે.* આ હકીકતના અનુસંધાને બાકી રહેતા નીચે મુજબના સમાજોને આ યોજનામાં વહેલી તકે જોડાઈ જવા અમે અપીલ કરીએ છીએ કે જેથી એ સમાજના આપણા કચ્છી પરિવારો પણ આ યોજનાનો લાભ લઈ શકે.

## આ યોજનામાં જોડાવા માટે બાકી રહેતા અમદાવાદ સ્થિત કચ્છી ઘટક સમાજોની યાદી

*૧. શ્રી કચ્છ વડનગરા નાગર સમાજ - અમદાવાદ*
*૨. શ્રી કચ્છી હાલાઈ કંઠી ભાટીયા મહાજન - અમદાવાદ*
*૩. શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ*
*૪. શ્રી કચ્છી મચ્છુ કઠિયા સઈ સુથાર સમાજ - અમદાવાદ*
*૫. શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ*
*૬. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિર*
*૭. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સીંગરવા*
*૮. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - કુંજાડ*
*૯. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સી.ટી.એમ.*
*૧૦. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સીંગરવા કંપા સમાજ*
*૧૧. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગોતા*
*૧૨. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સોલા રોડ*
*૧૩. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - શેરપુરા કંપા સમાજ*
*૧૪. શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ - ગાંધીનગર*
*૧૫. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - ગાંધીનગર*
*૧૬. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સાણંદ*
*૧૭. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ધોળકા*
*૧૮. શ્રી કચ્છ કડવા પાટીદાર શહેરી સમાજ - બાવળા*
*૧૯. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - બારેજડી*
*૨૦. શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - દહેગામ*
*૨૧. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, સો મિલ વિભાગ - દહેગામ*
*૨૨. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - દહેગામ*
*૨૩. શ્રી કચ્છ મિત્ર મંડળ - ગાંધીનગર*
*૨૪. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ (જે પરિવારોનો સમાજ અમદાવાદમાં ના હોય તેવા કચ્છી પરિવારોના સભ્યો “શ્રી કચ્છી સમાજ - અમદાવાદ”ના નેજા હેઠળ આ યોજનામાં સામેલ થઈ શકે છે. દા.ત. સોમપુરા સમાજ, બ્રાહ્મણ સમાજ, બ્રહ્મક્ષત્રિય સમાજ વગેરે.)*

*ઉપરોક્ત સ્થળોમાંથી જે સ્થળે દવા વિતરણ કંપનીના પ્રતિનિધિ ડિલીવરી આપવા રૂબરૂ નહીં પહોંચી શકે તે સ્થળે કુરિયર દ્વારા દવા મોકલી આપવામાં આવશે કે જેની કુરિયર ચાર્જની રકમ જે-તે પરિવારે અલગથી ચૂકવવાની રહેશે.*

---

*અશક્ય છે પતન એનું, જેને ચાલતા જ ઠોકરોએ શીખવાડ્યું છે.*

વૉટ્સએપ ગ્રુપમાં જે વ્યક્તિ દવા મંગાવે તેણે માત્ર નીચેની વિગતો જ ટાઈપ કરીને મોકલી આપવાની રહેશે :

★ *વ્યક્તિનું નામ*

★ *પેશન્ટનું નામ*

★ *વ્યક્તિનો મોબાઈલ નંબર*

★ *વ્યક્તિનું સરનામું*

★ *દવાની વિગત સાથે તેનું લીસ્ટ*

વૉટ્સએપથી દવાનો ઑર્ડર આપ્યાના ૩ દિવસની અંદર જે તે પરિવારને ત્યાં દવા જરૂરથી પહોંચાડી દેવામાં આવશે અને તે પણ ***બ્રાન્ડેડ દવાના MRPના ભાવ કરતાં ૨૨ ટકાની ઓછી કિંમતે.***

***શ્રી કચ્છી સમાજ - અમદાવાદે અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોની સેવા કરવાની ભાવના માત્રથી આ યોજના શરૂ કરેલ છે. પરંતુ એ વિગતો જણાવતા અમને દુઃખ થાય છે કે આપણા સમાજના કેટલાક સભ્યો આ વિગત અને હકીકતને પૂરેપૂરી ચકાસી તથા જાણ્યા વગર ગ્રુપમાંથી બહાર નીકળી જાય છે. શું તેઓને ક્યારે પણ દવાની જરૂરત નહીં પડે? શું તેઓ આ કિફાયતી મૂલ્યવાળી યોજનાનો લાભ લેવા નથી માંગતા?... દલીલને ખાતર માની લઈએ કે તેઓને આ યોજનાની જરૂરત નથી, તેમ છતાં પણ એક ઔચિત્ય જાળવવા ખાતર અને આ યોજના પાછળ મહેનત કરી રહેલ કાર્યકર વર્ગને ઠેસ ના પહોંચે એ રીતે ઓછામાં ઓછા શાંતિથી આ હકીકતો જોયા કરે અને ગ્રુપમાંથી બહાર નીકળી જવાના પગલા ના ભરે એ જરૂરિયાત છે. જે કચ્છી સભ્યો ગ્રુપમાંથી બહાર નીકળી ગયા છે તેઓને વિનંતી સહ અપીલ કરવામાં આવે છે કે તેઓ આ ગ્રુપમાં ફરીથી જોડાઈ જાય કે જેથી કાર્યકર વર્ગ તેની સેવાની ભાવનાની બુલંદી પર પહોંચી શકે.***

**અશોક મહેતા**
**પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*ડાળ પરથી તૂટેલા ફૂલને પાછું ના લગાડી શકાય પરંતુ ડાળી પર ફરીથી નવું ફૂલ ઉગી શકે,*
*એવી જ રીતે જિંદગીમાં વીતી ગયેલો સમય પાછો નથી આવી શકતો પરંતુ વિશ્વાસ અને ઉમેદથી આવનારો સમય ખૂબ જ સુંદર બનાવી શકાય.*


**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **03** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** — **જાહેરાતની સાઈઝ :** ૯૦ mm x ૬૦ mm ● **કલર :** મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)


*ન્યાયમાં એક ઘરે દીવો થાય અને બીજા ઘરે અંધારું; જ્યારે સમાધાનમાં બંને ઘરે દીવા થાય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ॥ હાર્દિક આમંત્રણ ॥

આગામી કચ્છી નૂતન વર્ષ મંગળવાર, તા. ૨૦-૬-૨૦૨૩ના રોજ આવી રહેલ છે કે જ્યારે અમદાવાદ ખાતે ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાનો કાર્યક્રમ યોજાયેલ હશે.

આગામી કચ્છી નૂતન વર્ષ નિમિત્તે રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેના પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન પર એક સંમેલન યોજવા અંગેનો નિર્ણય લેવામાં આવેલ છે.

આ સંમેલન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩ના રોજ સાંજના ૪ વાગે શરૂ થશે કે જેની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સહુ કચ્છી ભાઈઓ મેઘલાડુ અને સમૂહ ભોજનનો લાભ લઈ છૂટા પડી શકશે.

આ સંમેલનમાં અમદાવાદ સ્થિત તથા અમદાવાદની આજુબાજુના વિસ્તારો જેવા કે ગાંધીનગર, દહેગામ, આણંદ, ધોળકા, બારેજડી સ્થિત કચ્છી ઘટક સમાજના હાલના પ્રમુખશ્રીને તથા માનદ્ મંત્રીશ્રીને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. શક્ય હોય તો પૂર્વ પ્રમુખ તથા પૂર્વ મંત્રીશ્રીને પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

આ સંમેલનનો હેતુ માતૃભૂમિ કચ્છ છોડીને અમદાવાદમાં તથા તેની આજુબાજુના વિસ્તારમાં સ્થાયી થયેલા કચ્છી પરિવારોના સમાજની હાલની પ્રવૃત્તિઓ અને તેને વિશાળ સ્વરૂપ આપી ભવિષ્યમાં થઈ શકે તેવી પ્રવૃત્તિઓના ઉંડાણમાં જઈ તે અંગે ચર્ચા વિચારણા કરવાનો રહેશે.

આ પત્ર દ્વારા અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તથા પૂર્વ પ્રમુખશ્રી - મંત્રીશ્રીને ઉપરોક્ત સંમેલનમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

*કાર્યક્રમની વિગત નીચે મુજબ રાખવામાં આવેલ છે :*

- *દિવસ : રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩*
- *સમય : સાંજના ૪.૦૦ વાગ્યાથી શરૂ*
- *પુર્ણાહૂતિ : સાંજના ૬.૩૦ વાગે*
- *સમૂહ ભોજન : પુર્ણાહૂતિ બાદ તે જ સ્થળે સમૂહ ભોજન*
- *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ*
- *કાર્યક્રમ : અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજોની પ્રવૃત્તિઓનું વિશ્લેષણ અને ભવિષ્યમાં વિશાળ પાયે કરવાની સામાજિક પ્રવૃત્તિઓ અંગે ચર્ચા વિમર્શ.*

*ઉપરોક્ત પત્રની વિગતમાં સૂચવેલ દરેક કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રી - મંત્રીશ્રીને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.*

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*દીવાને પોતાનું કોઈ ઘર નથી પરંતુ જ્યાં મૂકો ત્યાં તે અજવાળું કરે છે.*

૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા





આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

ફેશન ડીઝાઈનીંગ,
ગારમેન્ટ મેકિંગ
અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.
સરકાર માન્ય તેમજ ખાનગી

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

વર્ષ-૩૯ ● અંક – ૧૧
૧૫ મે, ૨૦૨૩

● માનદ્ સલાહકાર ●
શ્રી હંસરાજ કંસારા

● તંત્રી મંડળ ●
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

હિમાંશુભાઈ ઠક્કર
મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪

❖

પત્ર વ્યવહારનું સરનામું
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

❖

'Kutch-Shruti' Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

❖

કચ્છ શ્રુતિ લવાજમ

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*

*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*
*- મુખ્ય તંત્રી*

## આ અંકમાં....

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : કચ્છી નૂતન વર્ષની ઉજવણી .... ૫
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત "દવા વિતરણ યોજના" .... ૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : હાર્દિક આમંત્રણ .... ૯

**તંત્રી લેખ**
- આજનો મોટા ભાગનો ભારતીય સમાજ .... **અશોક મહેતા** .... ૧૨

**પ્રેરણાત્મક વિચારણા**
- મણકો-૧૭ : પ્રાર્થના - ધ્યાન દ્વારા ભગવાન સાથે વાત કરો .... **પ્રવીણચંદ્ર ઠક્કર** .... ૧૬

**ક્રાંતિ કથા**
- ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા
ચરણ-૧૮ : ભારતનો અભિશાપિત પુત્ર : વીર સાવરકર .... **પારસ દવે** .... ૧૭

**સ્ટાર્ટ અપ ક્ષેત્ર**
- આપણે સ્ટાર્ટ અપ ક્ષેત્રે જાગૃતતા કેળવીએ .... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૧૯

**કચ્છ**
- ભગ્ન કે ભવ્ય – એકમેવ ભુજ ★ પહેલું પગલું : પરિચય .... **બકુલેશ અંતાણી** .... ૨૦
- કચ્છના ક્ષત્રપ શિલાલેખો .... **વનરાજસિંહ જાડેજા** .... ૨૫

**વિવિધા**
- સર્જકે અક્કલ માત્ર માનવીને જ આપી .... **હાજી મહમદ લોટીયા** .... ૨૬
- પ્રેમ કોને કહેવાય? .... ૨૮
- માનવતાની મહેક .... **ડૉ. શરદ ઠાકર** .... ૨૯

**વિશિષ્ટ દિવસ**
- રક્તદાન – મહાદાન .... **ડૉ. મિહિર એમ. વોરા** .... ૩૧

**વ્યક્તિ વિશેષ**
- કરમશી જેઠાભાઈ સોમૈયા .... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૩૩
- હિંદી ફિલ્મ જગતમાં કચ્છી માડુનું ભવ્ય પદાર્પણ : 'ગાંધી-ગોડસે – એક યુદ્ધ'માં
ગાંધીજીની મુખ્ય ભૂમિકામાં શ્રી દીપકભાઈ અંતાણી .... **દિનેશ લ. માંકડ** .... ૩૫
- રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા કર્મઠ શિક્ષક : કિશોરસિંહ ખીમુભા જાડેજા .... **સંજય પી. ઠાકર** .... ૩૬

**તંદુરસ્તી**
- માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ
અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૫ .... **ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)** .... ૩૮
- મહત્ત્વનો સંદેશ .... **ડૉ. શ્વેતલ દિલીપકુમાર ભાવસાર** .... ૪૦

**વાર્તા**
- આવો, અહમને ઓગાળીએ .... **એમ. ડી. સોલંકી** .... ૪૧

**લઘુકથા**
- કળીયુગમાં પરિસ્થિતિ ● ચપ્પલ : **ધીરજલાલ ડી. તન્ના** .... ૪૪

- **અન્ય સંસ્થાઓના સમાચાર** .... ૪૬
- **માતૃભૂમિ કચ્છના સમાચાર .... સંકલન : ચૌલા કુરૂવા** .... ૪૮
- **વિજ્ઞાન જગત / માહિતી જગત .... સંકલન : રસીકલાલ ખીમજી મહેતા** .... ૫૪
- કાવ્ય : બહુ યાદ આવે માવતર .... ૫૬

તંત્રીલેખ

# આજનો મોટાભાગનો ભારતીય સમાજ



અશોક મહેતા

આપણે દરરોજના સમાચારપત્રો વાંચીએ છીએ ત્યારે તેના મોટાભાગના હેડિંગ્સ કરચોરી, દગાબાજી, લૂંટફાટ, અનૈતિક બનાવો વગેરેના હશે. પોઝીટીવ સમાચારો પ્રમાણમાં ઓછા હશે અને નેગેટીવ સમાચારોનું પ્રમાણ વધુ પડતું હશે. તે માટે છેલ્લા કેટલાક દિવસોના વર્તમાનપત્રોની હેડલાઈન પર એક નજર ફેરવી લઈએ.

**ગુજરાત સમાચાર : રવિવાર, તા. ૧૬-૪-૨૦૨૩**

★ કડક સલામતી વચ્ચે અતીક – અશરફને અજાણ્યા લોકોએ ઠાર કર્યા.

★ ઉત્તર પ્રદેશ – મહારાષ્ટ્રમાં અકસ્માત, બિહારમાં લઠ્ઠાકાંડ – ૫૩ના મોત થયા.

★ ૧૩ હજાર કરોડના કૌભાંડી મેહુલ ચોક્સીને હવે ભારત લાવવો મુશ્કેલ.

★ ગુજરાતના સૌથી મોટા ડમી કાંડમાં ખુલાસો : બોર્ડ તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ડમી પરીક્ષાર્થીઓના કેસમાં કરોડોનો વહેવાર.

★ અમદાવાદમાં બનાવાયેલો બ્રિજ તોડી પાડવાની પહેલી ઘટના. કોંક્રિટની નબળી ગુણવત્તાને લીધે ૪૦ કરોડનો હાટકેશ્વર બ્રિજ તોડી પડાશે.

★ કિરણ પટેલ વિરુદ્ધ વધુ એક ઠગાઈની ફરિયાદ. જી-૨૦ સમિટની ઈવેન્ટ કરાવી ડૉક્ટર સાથે વિશ્વાસઘાત કર્યો. કાશ્મીરમાં મેડિકલ ઈવેન્ટ આપવાની વાત કરી ડૉક્ટર પાસે ફલાઈટની ટિકિટ અને હોટલનો રૂમ બુક કરાવ્યો હતો.

★ એસ.બી.આઈ.ના બ્રાંચ મેનેજર સહિત સાત લોકો સામે રૂા. ૭૩૧ કરોડની ઠગાઈનો કેસ.

★ ડુંગળી – બટાકાના વેપારી સાથે વેપારી બંધુની ૭૩ લાખની ઠગાઈ.

★ જે ફ્લેટનું અસ્તિત્વ ન હતું, તેનો વેચાણ દસ્તાવેજ રજૂ કરી દેના બેંકમાંથી લોન લઈ, ૩ કરોડની ઠગાઈ. દંપતિ સહિત પાંચ સામે ફરીયાદ.

**ગુજરાત સમાચાર : સોમવાર, તા. ૧૭-૪-૨૦૨૩**

★ એક જ વ્યક્તિના ફોટો આઈ.ડી.થી ૨૯ હજાર જેટલા સીમકાર્ડ ઈસ્યુ થયા.

★ અમદાવાદની ૧૭ બેંકોમાંથી રૂા. ૧૪.૩૧ લાખની બનાવટી ચલણી નોટો મળી આવી.

★ રાજકોટ નજીકના વિંછીયા ગામની કમકમાટીભરી ઘટના. અંધશ્રદ્ધાની પરાકાષ્ઠા. તાંત્રિક વિધિમાં દંપતિએ ધારદાર પ્લેટથી પોતાના ડોકા વાઢી નાખ્યા.

**ગુજરાત સમાચાર : બુધવાર, તા. ૧૯-૪-૨૦૨૩**

★ બ્લુમબર્ગના ચોંકાવનારા અહેવાલે ભારતીય શિક્ષણ વ્યવસ્થા સામે સવાલો ઉઠાવ્યા. ભારતમાં નકામી ડિગ્રીઓથી બેરોજગારી પેઢી પેદા થઈ. ભારતમાં રોજગારીની વિપુલ તકો. પરંતુ નબળા ભણતરના કારણે અડધા ગ્રેજ્યુએટ્સ નોકરી મેળવવાને લાયક પણ નથી.

★ ક્લાસિક કો.ઓ. બેંકની બે કરોડની ડિપોઝીટ નકલી લેટર બનાવી ઉપાડી લીધી.

★ બોગસ બીલીંગમાં નંદી મેટલ્સના પ્રવીણકુમારની ધરપકડ કરાઈ. રૂા. ૩૮.૯૮ કરોડના બોગસ બીલ બનાવીને માલની

*જે વ્યક્તિ ધીરજ ધરી શકે છે, એ વ્યક્તિ ધાર્યું કરી શકે છે.*

*ડિલીવરી લીધા વિના જ ઈનપુટ ટેક્સ ક્રેડિટ લીધી.*

**ગુજરાત સમાચાર : બુધવાર, તા. ૨૬-૪-૨૦૨૩**

★ *આક્ષેપો ઘણા ગંભીર છે. દિલ્હી પોલીસની ઢીલાશથી સુપ્રીમ નારાજ. મહિલા પહેલવાનોના કેસમાં એફ.આઈ.આર. કેમ નથી થઈ? – સુપ્રીમનો પોલીસને સવાલ.*

**ગુજરાત સમાચાર : ગુરૂવાર, તા. ૨૭-૪-૨૦૨૩**

★ *દાંતેવાડામાં મોટો નક્સલી હુમલો. ૧૦ જવાન શહીદ*

**ગુજરાત સમાચાર : શનિવાર, તા. ૨૯-૪-૨૦૨૩**

★ *કિરણ પટેલનું કૌભાંડ તાજું છે ત્યાં સંજય રાયે કંડલા એનર્જી એન્ડ કેમિકલના નામે એસ.બી.આઈ.ને રૂા. ૩૫૦ કરોડમાં નવડાવી. રાજકીય વગ વાપરી વધુ એક મહાઠગે કરોડોનું ફૂલેકું ફેરવ્યું.*

★ *અમદાવાદના રોડ રસ્તાઓની ૧૭૨૨ ફરીયાદોના કામો હજુ પૂરા થયા નથી.*

★

*ઉપરોક્ત સમાચારો માત્ર સેમ્પલ પૂરતા લેવાયા છે. અગર તાજેતરના વર્તમાનપત્રોના બધા જ હેડિંગ લાઈનવાળા આ પ્રકારના સમાચારોની નોંધ લેવાય તો આખેઆખું મેગેઝીન આ પ્રકારના સમાચારોથી ભરાઈ જાય. છતાં અનેક સમાચારોનો સમાવેશ થઈ શકે નહીં.*

*આ પ્રકારના બધા જ સમાચારો અનૈતિક અને સ્ખલનવાળા છે અને તેમાં સમાજનો કોઈ પણ વર્ગ આ પ્રકારના વ્યવહારમાંથી બાકાત રહી શકેલ નથી. એજ્યુકેટેડ ઓફિસર્સ, પોલીસ વિભાગ, પોલીટીશિયન્સ, ભણેલ ગણેલ નાગરિક કે ગામડામાં રહેતો માનવી આ પ્રકારના સમાચારોમાં અને દૈનિક ક્રિયાઓમાં સંકળાયેલો છે. સરકારશ્રીની શિક્ષણ નીતિ પણ વગોવાઈ છે.*

*પાંચ હજાર, બે હજાર કે હજાર વર્ષની અગાઉના જંગલી અથવા અનપઢ સમાજ કરતાં આજનો આપણો સુધરેલ અને ખૂબ જ પ્રગતિકારક સમાજનો આ અરીસો છે. આપણી નૈતિકતાનું કેટલી હદે સ્ખલન થઈ ગયેલ છે તેનું આ સચોટ ઉદાહરણ છે.*

*આઝાદીના ૭૫ વર્ષ પછી પણ આપણા સમાજની નૈતિકતાનું લેવલ આપણે સુધારી શક્યા નથી. જેમની પાસેથી સમાજ સુધારાની આશા રાખવામાં આવે છે, દેશને માર્ગદર્શન આપી ઉત્તમતાના શિખરે લઈ જવા જેઓએ આગેવાની લીધેલ છે તેઓ માટે પણ દુઃખ સાથે કહેવું પડે છે કે આખરે તેઓ પણ આ સમાજમાંથી જ આવે છે અને તેમની નૈતિકતા પણ અલગ રહી શકે તેવી શક્યતા નહિંવત રહેવા પામેલ છે.*

*આજથી એક હજાર વર્ષ પછીનો સુધરેલ માનવી જ્યારે આજના સમાજનું અવલોકન કરશે ત્યારે તેઓને આજનો સમાજ કેટલો અનૈતિક અને સ્વાર્થી દેખાશે તેની પરિકલ્પના આજે સહેજે કરી શકાય છે.*

*આજના આ ભારતીય સમાજ માટે એક આશારૂપ કડી દેખાતી હોય તો તે આજની સામાજિક સંસ્થાઓ અને તેના કાર્યકરોની નૈતિકતા અને પ્રામાણિકતા દૃષ્ટિગોચર થાય છે. જ્યાં સુધી આ સામાજિક કાર્યકર વર્ગ અહીંના વ્યાપારીઓ, સરકારી અધિકારીઓ, પોલીસ અધિકારીઓ, રાજકીય કાર્યકરો વગેરે પર હાવી થઈ શકશે નહીં ત્યાં સુધી આ સમાજની આ જ પરિસ્થિતિ દૃષ્ટિગોચર થતી રહેશે. એ સમય આવી ગયો છે કે સામાજિક સંસ્થાઓ અને તેના અણિશુધ્ધ કાર્યકરો સમગ્ર સમાજ પર હાવી થઈ, દરેક ક્ષેત્રે પોતાની વગ વાપરી હાલની પરિસ્થિતિનો સામનો કરી, પોતાની નૈતિકતાનો ધ્વજ લહેરાવે અને ભારત દેશની પ્રગતિની નાડ સંભાળી લે.*

*અનૈતિકતા, દગાખોરી, લૂંટફાંટ, ઠગાઈ વગેરેથી ઠસોઠસ આ સમાજમાં આડંબરતા પણ તેટલી જ રહેવા પામેલ છે. જો કે સમગ્ર સમાજ આ હદે કથળી ગયેલ નથી પરંતુ મોટાભાગના સમાજના લોકોની નૈતિકતાનું અધઃપતન થયેલ છે તે હકીકત છે.*

***કંઈક છીનવાઈ જાય તો ચિંતા ન કરશો, બુધ્ધિ અને અનુભવ કોઈ છીનવી નહીં શકે.***

*આપણી આડંબરતાની સામે તાજેતરમાં જ એક સત્ય ઘટના પ્રગટ થયેલ છે. તેને અત્રે અક્ષરસઃ રજૂ કરી આ કલમને અહીં વિરામ આપીએ છીએ.*

★

## ॥ સત્ય ઘટના ॥

*અમારી બાજુનો ફ્લેટ N.R.I. એ વર્ષોથી લીધેલ છે. છ મહિનાથી ઘર ખોલી, કાકા કાકી રહેતા હતા.*

*તેમના બાળકો યુ.એસ.એ. સેટ થઈ ગયા હોવાથી હવેની બાકી રહેલ જિંદગી... ઇન્ડિયામાં કાઢવી તેવું નક્કી કરી તેઓ અહીં રહેવા આવેલ.*

*મેં પણ તેઓ એકલા હોવાથી કીધું હતું... તમને કાંઈ કામકાજ હોય તો કહેજો... ચિંતા કરતા નહીં.*

*કાકા કાકી આનંદી સ્વભાવના હતા.*

*કોઈ કોઈ વખત રાત્રે બેસવા આવે... અને પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિ વિશે વાતો કરે.*

*છ મહિના પૂરા થયા હશે... એક દિવસ, કાકા કાકી અમારે ત્યાં રાત્રે બેસવા આવ્યા.*

*છ મહિના પહેલાની વાતો અને આજની તેમની વાતોમાં તફાવત દેખાતો હતો.*

*બેટા, હવે અમે ગમે ત્યારે પાછા યુ.એસ.એ. દીકરા પાસે જવાની તૈયારી કરીએ છીએ.*

*મેં કીધું, કેમ કાકા, અમારી સાથે ના ફાવ્યું? તમે તો કહેતા હતા... હવે અમેરિકા ફરીથી નથી જવું. અહીંના લોકો માયાળુ છે... સગા-સંબંધી બધા અહિંયા છે... દીકરી પણ ગામમાં છે. મારા જેવો પડોશી છે તો કઈ વાતે તમને તકલીફ પડી?*

*બેટા, આ વીતેલા છ મહિનામાં મને બધો અનુભવ થઈ ગયો. મને એમ હતું... અહીં આવી એકબીજાને મળશું... સુખ-દુઃખની વાતો કરીશું. કોઈને મળવા જઈએ તો પહેલી વખત સારો આવકાર મળ્યો. બીજી વખત જઈએ એટલે ઠંડો આવકાર... ટી.વી. ચાલુ રાખી વચ્ચે વચ્ચે થોડી વાત કરી લે... આપણે મનમાં બેઈજ્જતી થાય કે આપણે અહીં ક્યાં આવ્યા...*

*ગામમાં દીકરી છે તો અવારનવાર આવશે, મળશે તેવા ખ્યાલોમાં હતા. પણ દીકરી મોબાઈલ કરી ખબર-અંતર પૂછી લે છે. ફોન ઉપર બધા લાગણી બતાવે, ડાહી ડાહી વાતો કરે... બેટા, રૂબરૂ જઈએ ત્યારે વર્તન બદલાઈ ગયું હોય છે.*

*બધા પોતપોતાની જિંદગીમાં મશગુલ છે બેટા. નકામા લાગણીશીલ થઈને દુઃખી થવા અહીં આવ્યા એવું લાગી રહ્યું છે. તેના કરતાં જેવા છે તેવા દેખાતા... ધોળીયા સારા... બાહ્ય આડંબર તો જરા પણ નથી.*

*અરે, શું વાત કરું બેટા... થોડા દિવસ પહેલા હું ગ્રીન સિગ્નલ થયા પછી, ઝીબ્રા રોડ ક્રોસ કરતો હતો... તો પણ એક ગાડી સડસડાટ આવી મને ઉડાવતા રહી ગઈ. પાછો, બારીમાંથી યુવાન લાગતો છોકરો બોલ્યો, 'એ..એ... ડોહા... જોતો નથી, મરવા નીકળ્યો છે?' હું તો બે મિનિટ સ્તબ્ધ થઈ ગયો. આ મારી કલ્પનાનો ભારત દેશ... જ્યાં યુવા પેઢીને બોલવાનું પણ ભાન નથી. નાના મોટાનું જ્ઞાન નથી, ટ્રાફિક સેન્સનું નામ જ નહીં... હું શું કલ્પના કરી અહીં આવ્યો હતો...*

*ત્યાં ઘરડાને કે બાળકને જોઈ, ગમે તે સ્પીડથી વાહન આવતું હોય... બ્રેક મારી, તમને માન સાથે પહેલા જવા દે... ને અહીં... મારા વાંક ગુના વગર ગાળો સાંભળવાની...*

*વિચારતો વિચારતો જતો હતો... ત્યાં પથ્થર જોડે મારો પગ ભટકાયો... મારા ચશ્મા પડી ગયા. હું ગોતતો હતો... ત્યાં એક મીઠો અવાજ આવ્યો, 'અંકલ, મે આઈ હેલ્પ યુ?'*

*બેટા, સોગંદથી કહું છું... મને બે મિનિટ તો રણમાં કોઈ ગુલાબ ખીલ્યું હોય તેવો ભાસ થયો. અહીં છ મહિનાથી આવ્યો છું બેટા... 'May I Help You?' જેવો શબ્દ મેં નથી સાંભળ્યો.*

*મેં આવો મધુર ટહુકો કરનાર સામે જોયું. એક ૧૦થી ૧૨ વર્ષનું બાળક હતું. 'અંકલ, આ તમારા ચશ્મા...'*

*મેં માથે હાથ ફેરવી થેન્ક યુ કીધું. બેટા, ક્યાં રહે છે?*

---

***કોઈને હરાવવું એ હજુ પણ સહેલું છે, પરંતુ તેના દિલને જીતી લેવું એ મુશ્કેલ છે.***

*'અહીં હું મારા દાદાને ત્યાં ક્રિસમસ વેકેશનમાં આવ્યો છું...'*

*'એટલે ઈન્ડિયામાં નથી રહેતો?'*

*'ના અંકલ...' અમે વાતો કરતા હતા ત્યાં તેના પપ્પા-મમ્મી આવ્યા. હાથ જોડી બોલ્યા, 'નમસ્તે અંકલ.'*

*એકબીજાએ વાતો કરી. છેલ્લે ઘર સુધી મૂકી પણ ગયા.*

*બેટા, હું વિચારતો હતો, નાહકના પશ્ચિમની સંસ્કૃતિને આપણે વખોડીએ છીએ... ખરેખર સંસ્કાર, ડિસિપ્લીન, ભાષા... તો તે ધોળીયાઓની સારી છે...*

*આપણે આંધળુ અનુકરણ કરવા નીકળ્યા છીએ. ખરેખર જે શીખવાનું છે તે શીખતા નથી. ધોબીના કૂતરા જેવી દશા થઈ છે... ટૂંકી ચડ્ડી કે ટી-શર્ટ પહેરેથી આધુનિક નથી થવાતું... આજના યુવાનોને કેમ સમજાવું કે વાણી, વર્તન એ તો દેશની પ્રગતિનો પાયો છે... જ્યાં વાણી વર્તનના ઠેકાણા નથી ત્યાં દેશનો ગમે તેટલો વિકાસ થાય... તે ગાંડો જ લાગે...*

*બેટા, હજુ એ શબ્દો મને યાદ આવે છે તો હસવું પણ આવે છે ને દુઃખ પણ થાય છે.*

*'એ એ ડોહા... મરવા નીકળ્યો છે, જોતો નથી?...' – આ પોસ્ટ મને એટલી બધી સાચી લાગી કે કોપી પેસ્ટ કરીને શૅર કર્યા વિના રહી ના શક્યો. ૧૦૦% સાચી વાત છે એ સ્વીકારવું ઘણું અઘરું છે. આપણી આખી સોસાયટી અત્યંત દંભી છે. જ્યારે પશ્ચિમી સંસ્કૃતિમાં પારદર્શકતા છે. જેવા છે તેવા જ દેખાય છે. આપણા સમસ્ત સમાજની માનસિકતામાં આમૂલ પરિવર્તનની જરૂર છે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦***

## શૈતાન જાગૃત થયો

એક ગધેડો ઝાડ સાથે બાંધેલો હતો. એક રાત્રે શૈતાન આવ્યો અને દોરી કાપીને ગધેડાને છૂટો કરી દીધો.

ગધેડાએ તો રમખાણ મચાવીને બાજુના ખેતરમાં ઉભો પાક નાશ કરી મૂક્યો. ગુસ્સેથી લાલચોળ એ ખેતરના માલીકની પત્નીએ ગધેડાને ગોળી મારીને મારી નાખ્યો.

ગધેડાનો માલીક આ નુકસાનથી ખૂબ જ નાસીપાસ થયો. જવાબમાં તેણે ખેતરના માલીકની પત્નીને મારી નાખી.

ખેતરનો માલીક પત્નીના અકાળે મોતથી ગુસ્સે ભરાઈને કોદાળી ઉપાડી અને ગધેડાના માલીકને મારી નાખ્યો.

ગધેડાના માલીકની પત્ની અને પુત્રો એટલા બધા ગુસ્સે ભરાયા કે તેઓએ ખેડૂતના ઘરને આગ ચાંપી દીધી.

ખેડૂત પોતાનું ઘર રાખ થતું જોઈ ગુસ્સામાં ગધેડાના માલીકની પત્ની અને પુત્રોને મારી નાખ્યા.

આખરે ખેડૂતને પોતાના ગુસ્સા બદલ પશ્ચાતાપ થવા માંડ્યો અને થાકીને શૈતાનને પૂછ્યું કે, આ બધી હત્યાઓ તેં શું કરવા કરાવી?

ત્યારે શૈતાને જવાબ આપ્યો : મેં કોઈ હત્યા કરાવી નથી. મેં તો ફક્ત ગધેડું છૂટું કર્યું હતું. આ તો તમે સૌએ તમારી અંદર વસેલો શૈતાન જાગૃત કર્યો. તેથી આટલી બધી ખાનાખરાબી સર્જાઈ છે.

આજના સમયનું મીડિયા, ટી.વી. ચેનલો, વોટ્સએપ વગેરે શૈતાન બરાબર જ છે. તેઓ આખો દિવસ શૈતાન છૂટો મૂકી દે છે. તેનાથી દોરવાઈને તમે એકમેકની સાથે વાદવિવાદ કરો છો, પ્રત્યાઘાત આપો છો, એકમેકને દુઃખ પહોંચાડો છો. તેના પરિણામોની ફિકર કર્યા સિવાય.

સૌથી મહત્ત્વની વાત એ છે કે મીડિયા, ટી.વી. ચેનલો, વોટ્સએપ, ફેસબુક વગેરેની કોઈપણ જવાબદારી થતી નથી કે તેઓ લેવા પણ નથી માંગતા.

તેથી સાવધાન રહેવું એ આપણી જ જવાબદારી છે. તેમની ગધેડાની સરખામણી જેવી વાતો કે ચર્ચાઓ માટે આપણે એકમેકની સાથે ભાઈચારો કે દોસ્તી કે સંબંધો જાળવવા કટીબધ્ધ થવું જ રહ્યું.

***માળાની તારીફ તો બધા જ કરે છે કેમકે તેઓને મોતી દેખાય છે; પરંતુ હું તો તારીફ દોરાની કરીશ, જેણે બધાને જોડી રાખ્યા છે.***

## પ્રેરણાત્મક વિચારયાત્રા

### મણકો-૧૭ : પ્રાર્થના - ધ્યાન દ્વારા ભગવાન સાથે વાત કરો



પ્રવીણચંદ્ર ઠક્કર

તમે નિયમિત પ્રાર્થના કરો. ઊંઘ, ભૂખ અને સેક્સની જેમ જ પ્રાર્થનાને જીવનનો ભાગ બનાવો. પ્રાર્થના વૃક્ષ પરનું સુગંધી ફૂલ છે, ચૈતન્યની વસંત છે. આપણું રોજિંદું જીવન અહંયુક્ત છે. પ્રાર્થનામાં નરી નમ્રતા, કરુણા અને મોરપિચ્છની સુંવાળપ છે. પ્રાર્થના કંઈક લેવા માટે નહીં, આપવા માટે છે. પ્રાર્થના તમારે જ કરવાની છે. તે ઉછીની નહીં ચાલે. પ્રાર્થના દ્વારા ધ્યાનસ્થ થઈને ભગવાન સાથે વાતો કરવાની છે. ઈશ્વરને તમારા હૃદયમાં સ્થાન આપવાનું છે. મનુષ્ય તરીકે તમારા અસ્તિત્વ માટે ઈશ્વરનો આભાર માનવાનો છે. પંખી ટહુકીને, ફૂલ ખીલીને આભાર માને છે. તમારામાં ઈશ્વરનો પ્રવેશ થયા કરે તે માટે પ્રાર્થના કરો. તમે કેવી પ્રાર્થના કરી છે તે સાંભળીને ઈશ્વર તેનો જવાબ ચોક્કસ આપશે. તે માટે અધીરા થતા નહીં. પ્રાર્થના દ્વારા તમે શાંત રહીને અંદર તમને જ સંભળાય તે રીતે બોલો છો. તમે જ્યારે ચોક્કસ વિચારોનું સતત, એકધાર્યું પુનરાવર્તન કરતા રહો છો, ત્યારે તેમાંથી શક્તિશાળી ઊર્જા પેદા થાય છે. વિચાર એ ઈલેક્ટ્રોમેગ્નેટીક - વિદ્યુતચુંબકીય ક્રિયા છે. તમે જ્યારે હકારાત્મક, શુભ વિચારોનો વારંવાર વિચાર કરતા રહો છો, પોતાના સિવાયની વ્યક્તિ કે વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરો છો ત્યારે તે વિચાર પોતાનું એક મજબૂત ચુંબકીય ક્ષેત્ર ઊભું કરે છે જેનો તમને અનુભવ થયા વિના નહીં રહે...

પ્રાર્થના આજના દિવસની ચાવી છે અને રાત્રે સૂવાના સમયે મનને આપવાનું તાળું છે. સવારે પથારીમાંથી ઊભા થતાં પહેલાં ઈશ્વરને યાદ કરો. પૂ. પાંડુરંગ શાસ્ત્રી સવારે નીચેના મંત્ર જેવા પ્રેરણાદાયી મંત્રોનું સ્મરણ કરવા કહે છે :

*કરાગ્રે વસતે લક્ષ્મીઃ કરમૂલે સરસ્વતી ।*
*કરમધ્યે તું ગોવિંદઃ પ્રભાતે કરદર્શનમ્ ॥*

આ શ્લોક તમે બોલશો ત્યારે કરમાં-હાથમાં રહેલી શક્તિને યાદ કરશો. આત્મવિશ્વાસને નિમંત્રણ આપશો. તમારા હાથમાં તો ખુદ લક્ષ્મી, સરસ્વતી અને ગોવિંદ વસેલાં છે. તેમનું નિત્ય સ્મરણ કરશો, તો દરરોજ તમારામાં આશા અને ઉત્સાહ, હિંમત અને હામનો પ્રાણસંચાર થશે. નિરંજન ભગત હાથ કેળવવાની ખૂબ સરસ વાત કરતા કહે છે :

*'આપણા આ બેય ખાલી હાથમાંયે કેટલું છે.*
*આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો*
*અરે, એના વડે આવો, પરસ્પરના હૃદયનો ભાવ ભેળવીએ*
*અને બિનઆવડતે સારું-નઠારું કેટલુંયે કામ કરતા*
*આપણા આ હાથ કેળવીએ!'*

આપણા દેશમાં એટલે જ ધ્યાન, નામસ્મરણ, મંત્રજાપનું મહત્ત્વ છે. હૃદયનાં સંપૂર્ણ ભાવ, શ્રદ્ધા સાથે પ્રાર્થના કે ધ્યાન કરવાથી સુખ, શાંતિ, સમજણ અને સંતોષનો અનુભવ થશે. મનનું તોફાન શમી જશે, રઝળપાટ અટકી જશે. પાનખરમાં જેમ ઝાડનાં પાંદડાં ખરી પડે છે તેમ આધિ, વ્યાધિ અને ઉપાધિ ખરી પડશે. પુરુષાર્થ દ્વારા તમે ભૌતિક સુખ કેળવો છો, જ્યારે પ્રાર્થના દ્વારા સજીવ સુખ, આનંદ, પ્રેમ પ્રાપ્ત કરો છો. ■


Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599

KARMA
CHEMICAL INDUSTRIES

Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather

● FACTORY ●
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110

● RESIDENCE ●
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com


*ઈશ્વર તમને ખરાબ પરિસ્થિતિમાં મૂકી શકે છે, પરંતુ તેમાંથી કઈ રીતે પસાર થવું તે તો તમારા હાથમાં જ છે.*

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૧૮ ★ ભારતનો અભિશાપિત પુત્ર : વીર સાવરકર



પારસ દવે - નડિયાદ

હિંદુ રાષ્ટ્રની રાજનીતિક વિચારધારા (હિંદુત્વ)ને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દૂરદર્શી રાજનેતા પણ હતા. તેઓ એક એવા ઇતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઇતિહાસને પ્રામાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઇતિહાસ 'ધ ઇન્ડિયન વૉર ઑફ ઇન્ડિપેન્ડન્સ' નામના પુસ્તકમાં લખ્યો. જેનાથી બ્રિટીશ શાસકોમાં ખળભળાટ મચી ગયો. ધ ઇન્ડિયન વૉર ઑફ ઇન્ડિપેન્ડન્સ મૂળ મરાઠી ભાષામાં ૧૯૦૮ની સાલમાં તેમણે લખી. જેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ઇન્ડિયા હાઉસમાં રહીને છ જેટલા વિદ્યાર્થીઓએ કર્યો. એ સમયે ભારતમાં મુદ્રણકાર્ય શક્ય ન હતું. તેમના આ પુસ્તકનું મુદ્રણ કાર્ય ઇંગ્લેન્ડ અને જર્મનીમાં પણ ન થઈ શક્યું. અંતમાં આ પુસ્તક ૧૯૦૯ની સાલમાં હોલેન્ડમાં મુદ્રિત થયું. સમયાંતરે આ પુસ્તકનો અનુવાદ ઉર્દુ, હિંદી, પંજાબી અને તમિલ ભાષામાં પણ થયો. આ પુસ્તક પર બ્રિટીશ શાસકો દ્વારા પ્રતિબંધ લગાવાયો હતો. પ્રતિબંધ દરમિયાન ડૉ. ક્યુતિન્હોએ આ પુસ્તકને એક ધાર્મિક ગ્રંથની જેમ સાચવીને રાખેલો. આ પ્રતિબંધને ૧૯૪૬ના મે મહિનામાં મુંબઈ સરકાર દ્વારા હટાવાયો હતો.

વીર સાવરકરનો જન્મ ૨૮ મે, ૧૮૮૩ના નાસીક નજીક ભાગપુર ગામમાં થયો હતો. તેમના મોટા ભાઈ ગણેશ (બાબરાવ) તેમના જીવનના આદર્શ હતા. પિતા દામોદરપંત સાવરકર અને માતા રાધાબાઈનું અવસાન થયું ત્યારે વીર સાવરકર ખૂબ જ નાના હતા. વીર સાવરકરનું પ્રારંભિક શિક્ષણ શિવાજી વિદ્યાલય, નાસીકમાં થયું હતું. તેમના ઉચ્ચ શાળાના દિવસો દરમિયાન, વીર સાવરકર શિવાજી ઉત્સવ અને ગણેશ ઉત્સવનું આયોજન કરતા હતા. જેની શરૂઆત બાળગંગાધર તિલક દ્વારા કરવામાં આવી હતી, જેમને સાવરકર પોતાના માર્ગદર્શક માનતા હતા અને આ પ્રસંગોએ તેમણે રાષ્ટ્રવાદી થીમ પર નાટકો પણ રજૂ કર્યા હતા. ૧૮૯૯માં પ્લેગનો રોગ ફાટી નીકળ્યો હતો. જેમાં સાવરકરે તેમના પિતાને ગુમાવ્યા. માર્ચ ૧૯૦૧માં તેમણે યમુનાબાઈ સાથે લગ્ન કર્યા. લગ્ન પછી ૧૯૦૨માં વીર સાવરકરે પુણેની ફર્ગ્યુસન કોલેજમાં પ્રવેશ મેળવ્યો.

વીર સાવરકરે 'મિત્ર મેળા' નામની એક સંસ્થાની સ્થાપના કરી હતી. જેણે ભારતને 'સંપૂર્ણ રાજકીય સ્વતંત્રતા' માટેની લડતમાં ભાગ લેનારા લોકોને ખૂબ જ પ્રભાવિત કર્યા હતા. મિત્ર મેળાના મિત્રો નાસીકમાં માસિક સ્રાવની બીમારીથી પીડિત લોકોની મદદ પણ કરતા હતા. પુણેમાં સાવરકરે "અભિનવ ભારત સોસાયટી"ની સ્થાપના કરી. તેઓ સ્વદેશી આંદોલનમાં પણ સામેલ થયા હતા અને બાદમાં તેઓ તિલક સ્વરાજ્ય પાર્ટીમાં જોડાયા હતા. તેમના ઉશ્કેરણીજનક દેશભક્તિના ભાષણો અને પ્રવૃત્તિઓથી બ્રિટીશ સરકાર ગુસ્સે થઇ. પરિણામે, બ્રિટીશ સરકારે તેમની બી.એ.ની ડિગ્રી પાછી ખેંચી લીધી. જૂન ૧૯૦૬માં, વીર સાવરકર બેરીસ્ટર બનવા માટે લંડન ગયા. લંડનમાં તેમણે ભારતમાં થઈ રહેલા બ્રિટીશ શાસન સામે ભારતીય વિદ્યાર્થીઓને એક કર્યા. ત્યાં તેમણે ફ્રી ઇન્ડિયા સોસાયટીની સ્થાપના કરી. આ સોસાયટીએ ભારતીય કેલેન્ડરમાં કેટલીક મહત્ત્વપૂર્ણ તારીખો સામેલ કરી. જેમાં તહેવારો, સ્વતંત્રતા ચળવળના સ્થળો સામેલ કર્યા અને આ સોસાયટી ભારતીય સ્વતંત્રતા વિશે વાત કરવા માટે સમર્પિત હતી. તેમણે ભારતને બ્રિટીશરોથી મુક્ત કરવા માટે શસ્ત્રોનો ઉપયોગ કરવાની હિમાયત કરી હતી અને શસ્ત્રસજ્જ ઇંગ્લેન્ડમાં ભારતીયોનું નેટવર્ક બનાવ્યું હતું.

વીર સાવરકર એક એવા ઇતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઇતિહાસને પ્રામાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઇતિહાસ ધ ઇન્ડિયન વૉર ઓફ ઇન્ડિપેન્ડન્સ નામના પુસ્તકમાં લખ્યો. જેનાથી બ્રિટીશ શાસકોમાં ખળભળાટ મચી ગયો. આ એક એવું પુસ્તક હતું, જેણે બ્રિટીશ શાસનને હચમચાવી નાખ્યું હતું. આ પુસ્તક ૧૯૦૮માં મૂળ મરાઠી ભાષામાં લખવામાં આવ્યું હતું જેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ઇન્ડિયા હાઉસમાં રહીને છ જેટલા વિદ્યાર્થીઓએ કર્યો હતો. એ

*ભૂલ એનાથી જ થાય છે કે જે સારું કરવા ઇચ્છે છે, બાકી કંઈ નહીં કરવાવાળા તો ભૂલો જ શોધ્યા કરતા હોય છે.*

સમયે ભારતમાં મુદ્રણકાર્ય શક્ય ન હતું. તેમના આ પુસ્તકનું મુદ્રણ કાર્ય ઇંગ્લેન્ડ અને જર્મનીમાં પણ ન થઈ શક્યું.

બ્રિટીશ સરકારે તાત્કાલિક બ્રિટન અને ભારત બંનેમાં આ પુસ્તકના પ્રકાશન પર પ્રતિબંધ મૂક્યો હતો. પાછળથી, તે મેડમ ભીખાઈજી કામા દ્વારા હોલેન્ડમાં પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને બ્રિટીશ શાસનની વિરૂધ્ધ દેશભરમાં કાર્યરત ક્રાંતિકારીઓને ચોરીછૂપીથી મોકલવામાં આવ્યું હતું. ૧૯૦૯માં સાવરકરના નજીકના અનુયાયી મદનલાલ ધીંગરાએ તત્કાલીન વાઇસરોય લોર્ડ કર્ઝન પર હત્યાના નિષ્ફળ પ્રયાસ પછી સર વાયલીને ગોળી મારી દીધી હતી. સાવરકરે સ્પષ્ટપણે આ કૃત્યની નિંદા કરી ન હતી.

જ્યારે નાસીકના તત્કાલીન બ્રિટીશ કલેક્ટર એ.એમ.ટી. જેક્સનને એક યુવકે ગોળી મારી દીધી. ત્યાર પછી આખરે વીર સાવરકર બ્રિટીશ અધિકારીઓની જાળમાં ફસાઈ ગયા. ઇન્ડિયા હાઉસ સાથેના તેમના જોડાણને ટાંકીને તેમને હત્યાના કેસમાં ફસાવી દેવામાં આવ્યા હતા. ૧૩ માર્ચ, ૧૯૧૦ના રોજ લંડનમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને ભારત દેશનિકાલ કરવામાં આવ્યા હતા. ઔપચારીક અજમાયશ પછી સાવરકર પર શસ્ત્રોના ગેરકાયદેસર પરિવહન, ઉશ્કેરણીજનક ભાષણ અને રાજદ્રોહના ગંભીર ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો અને તેમને ૫૦ વર્ષની જેલની સજા અને આંદામાન સેલ્યુલર જેલમાં કાળા પાણીની સજા ફટકારવામાં આવી હતી.

વીર સાવરકરને ૧૩ માર્ચ, ૧૯૧૦ના રોજ તેમના કેસની તપાસ માટે લંડનથી ભારત મોકલવામાં આવ્યા હતા. જો કે જહાજ જેવું ફ્રાન્સના માર્સિલ્સ પહોંચ્યું હતું કે વીર સાવરકર ત્યાંથી નાસી છૂટ્યા હતા. પરંતુ ફ્રેન્ચ પોલીસે તેમની ધરપકડ કરી હતી. ૨૪ ડિસેમ્બર, ૧૯૧૦ના રોજ માત્ર છવ્વીસ વર્ષની ઉંમરે આ યુવાન ક્રાંતિકારીને બે બે આજીવન કેદની ૫૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી ત્યારે તેમની માતાની સ્થિતિ શું થઈ હશે? તેમની ૨૦ વર્ષની યુવાન ધર્મપત્ની યમુનાબાઈ વિશે કોઈએ વિચાર પણ કર્યો છે ખરો? આજે આપણે જે સ્વતંત્રતાના ફળ ભોગવી રહ્યા છીએ તે આવા ક્રાંતિકારી વીરોના બલિદાનોના ફળ સ્વરૂપે છે. આજીવન કેદની વેળાએ તેમની પત્નીને ધૈર્ય આપવા આ સાવરકર લખે છે, "ભગવાનની દયા હશે તો પાછા મળીશું. બચ્ચા-કચ્ચાની સંખ્યા વધારવી અને ચાર ચણખલા ભેગા કરી માળો બાંધવો, એને જો સંસાર કહેવાતો હોય તો એવા સંસાર કાગડા-ચકલા પણ માંડે છે. આપણા હાલ્લાં-માટલા ફૂટી ગયા છે. પણ તેથી ભવિષ્યમાં હજારોના ઘરમાંથી સોનાનો ધુમાડો નીકળશે."

સાવરકરને કાળા પાણીની સજા માટે આંદામાન નિકોબાર મોકલવામાં આવ્યા હતા. તેઓના આગમનથી ત્યાં રહેલા રાજકીય કેદીઓમાં આશાનું નવું કિરણ ફૂટી નીકળ્યું. સાવરકર આજીવન કેદની સજા થતા પહેલાં થોડા હતાશ હતા. વર્ષો સુધી જેલમાં રહેવાથી તેઓ આઝાદીની લડતથી વંચિત રહેશે તેવો વસવસો તેમના મનમાં હંમેશાં સતાવતો હતો અને એટલે જ 'જો તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવશે તો અંગ્રેજ સરકારને હંમેશાં વફાદાર રહેશે અને કોઈ ક્રાંતિકારી ચળવળમાં ભાગ લેશે નહીં' તેવી અંગ્રેજ સરકારની શરત પણ માની લીધી. જેલમાં પુસ્તકાલયની સ્થાપના તેમના પોતાના પ્રયત્નોનું પરિણામ હતું. તેમણે જેલમાં અભણ ગુનેગારોને શિક્ષિત કરવાનો પ્રયાસ કર્યો. વિઠ્ઠલભાઈ પટેલ, તિલક અને ગાંધી જેવા મહાન નેતાઓની માંગ પર ૨ મે, ૧૯૨૧ના રોજ સાવરકરને ભારત પરત મોકલવામાં આવ્યા હતા.

વીર સાવરકર રત્નાગીરી જેલમાં કેદ હતા અને ત્યારબાદ તેમને યરવડા જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. તેમણે રત્નાગીરી જેલમાં જ હિંદુત્વ નામનું પુસ્તક લખ્યું હતું. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ જાળવવા અને સમાજ કલ્યામ તરફ કામ કરવા માટે રત્નાગિરી હિંદુ મહાસભાની સ્થાપના પછી તેમને ૬ જાન્યુઆરી, ૧૯૨૪ના રોજ એવી શરતે મુક્ત કરવામાં ાવ્યા હતા કે તેઓ રત્નાગિરી જિલ્લાને છોડશે નહીં અને આગામી પાંચ વર્ષ સુધી રાજકીય પ્રવૃત્તિઓથી દૂર રહેશે.

જેલની બહાર આવતાની સાથે જ તેમણે જેલવાસ દરમિયાન જેલની દીવાલો પર લખીને યાદ કરેલી કવિતાઓ લખવાનું કામ કર્યું. ત્યારબાદ તે તિલક દ્વારા રચાયેલી સ્વરાજ પાર્ટીમાં જોડાયા અને હિંદુ મહાસભા સ્વરૂપમાં એક અલગ રાજકીય પક્ષની સ્થાપના કરી અને તેના પ્રમુખ તરીકે ચૂંટાયા. આ પાર્ટીએ પાકિસ્તાનની રચનાનો વિરોધ કર્યો હતો. ગાંધીની હત્યા કરનાર નાથુરામ ગોડસે હિંદુ મહાસભાના સભ્ય પણ હતા. મહાત્મા ગાંધી હત્યા કેસમાં ભારત સરકાર દ્વારા વીર સાવરકરની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ પુરાવાના અભાવે તેમને ભારતની સુપ્રીમ કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હતા.

૧ ફેબ્રુઆરી, ૧૯૬૬થી તેમણે તમામ વસ્તુઓ ખાવાની છોડી દીધી હતી. આ વસ્તુઓ તેમને જીવતા રાખી શકતી હતી. એમાં જીવન રક્ષક દવાઓ, ખાવાનું અને પાણી સામેલ હતું. **૨૬મી ફેબ્રુઆરી સુધી તેઓ ઉપવાસ કરતા રહ્યા હતા. તેઓ સ્વતંત્ર ભારતના ઇચ્છામૃત્યુનું સૌથી મોટું ઉદાહરણ છે. ૨૬ ફેબ્રુઆરી, ૧૯૬૬ના રોજ ૮૩ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું.** ■

*જ્ઞાની માણસને સમજાવી શકાય છે, કદાચ અજ્ઞાની માણસને પણ સમજાવી શકાય છે પરંતુ જીદ્દી માણસને સમજાવવું કઠિન છે.*

# આપણે સ્ટાર્ટ અપ ક્ષેત્રે જાગૃતતા કેળવીએ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

ભારતના સુદ્રઢ આર્થિક વિકાસ અર્થે અનેકાનેક નૂતન યોજનાઓ અસ્તિત્વમાં આવી છે. આ યોજનાઓના શબ્દો પણ ભાષાકીય વિકાસ દર્શાવે છે. આપણું અર્થતંત્ર વિકસિત થતું જાય છે. સીડ ફિડીંગ, પીચ, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, ઈન્ક્યુબેટર્સ આદિ સમજવા જેવા છે. દેશમાં અનેક ક્ષેત્રે સાહસિકતાની સફળતા અર્થે સર્જાયેલી યોજનાઓના આ શબ્દો કંઇક વિશેષ સૂચવે છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા એ ભારત સરકારની મુખ્ય પહેલ છે. કોઈપણ સ્ટાર્ટઅપ એક પ્રાથમિક તબક્કાનું ઉદ્યોગ સાહસ છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયાએ ભારતમાં નવીનતા અને ઉદ્યોગ સાહસિકતા માટે અતિ મજબૂત ઈકો સિસ્ટમનો પ્રારંભ ૧૬મી જાન્યુઆરી, ઈ.સ. ૨૦૧૬થી કર્યો છે. **ખાસ તો ભારતમાં રોજગાર વાંછુઓને સ્થાને રોજગાર સર્જકો વધારવાનો ઇરાદો સ્ટાર્ટઅપ ઇન્ડિયા ધરાવે છે.**

અતિ દુર્લભ અને મજબૂત પરિસ્થિતિ ધરાવતા સ્ટાર્ટઅપ જેણે એક અબજ ડોલરનું મૂલ્યાંકન પ્રાપ્ત થયું હોય તેનો સમાવેશ ‘‘યુનિકોર્ન’’માં થાય છે. આજે તો આપણા દેશમાં ૧૦૦ યુનિકોર્ન ૩૩૨.૭ અબજ ડોલરનું મૂલ્યાંકન ધરાવી રહ્યા છે. અમેરિકા અને જાપાનની તુલનામાં ભારીતય સ્ટાર્ટઅપ વધુ યુવાન અને વધુ વિકસિત છે. ભારતીય સ્ટાર્ટઅપ દ્વારા એકત્ર કરાયેલા કુલ ભંડોળમાં વૃધ્ધિ થઇ છે. જે ઇ.સ. ૨૦૧૪માં ૩.૯ બિલિયન ડોલર હતું તે ઇ.સ. ૨૦૧૯માં ૧૪.૫ બિલિયન થયું. ૨૦૧૫માં ૮૧મા ક્રમે હતું તે ૨૦૨૧માં ૪૮મા ક્રમે આવી ગયું છે.

**સમગ્ર દુનિયામાં ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ભારતમાં છે.** દેશના જી.ડી.પી.માં સ્ટાર્ટઅપ ૪.૫% યોગદાન આપે છે. ભારતમાં સ્ટાર્ટઅપના પ્રારંભની સંખ્યા ૪૫૨ હતી. ભારતે જી-૨૦ અધ્યક્ષતામાં પ્રથમ સ્ટાર્ટઅપ-૨૦ એન્ગેજમેન્ટ ગ્રુપની સ્થાપના કરી છે. સ્ટાર્ટઅપના ખાસ ત્રણ આધારસ્તંભો મનાય છે. એક છે અમલીકરણ, બીજું મહત્ત્વનું આવકવેરા અને મૃડીવૃધ્ધિ કરમાંથી મુક્તિ, ત્રીજું ઈન્ક્યુબેશન અને ઉદ્યોગ શૈક્ષણિક સંસ્થાઓ સાથે ભાગીદારી.

ઈન્ક્યુબેટર્સ સ્ટાર્ટઅપ વિકાસમાં ચાવીરૂપ સહાયભૂત થાય છે. તે નવીનતાને સપોર્ટ કરે છે, નાણાંકીય સહાય કરે છે. **ભારત હાલ ૪૦૦થી વધારે ઇન્ક્યુબેટર્સ ધરાવે છે.** સ્ટાર્ટઅપ વિશે જાણકારી માટે ‘‘પીચ’’ રોકાણકારોને જાણકારી આપી સહાયક બને છે. સાહસિકતાના ફંડમાં રોકાણ કરવા ‘‘એંજલ’’ દરખાસ્ત કરે છે.

સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમમાં યુવાનો માટે વિશેષ તકો છે. આજે એક અબજ ભારતીયો ૩૫ વર્ષથી ઓછી ઉંમરના છે. આપણી હાલે સરેરાશ ઉંમર ૬૯ વર્ષની છે. ૨૦૪૭માં વૈશ્વિક કાર્યબળના ૨૧% લોકો ભારતમાં હશે. ૨૮-૨૯ જાન્યુઆરી ઈ.સ. ૨૦૨૩માં હૈદ્રાબાદમાં જી-૨૦ની ઉદ્‌ઘાટન બેઠકમાં બેઠકના તમામ સભ્યોએ અનુમોદન આપ્યું હતું.

હાલે આપણે ભારતના દરેક રાજ્ય તથા કેન્દ્રશાસિત વિસ્તારોમાં ઓછામાં ઓછું એક સ્ટાર્ટઅપ ધરાવીએ છીએ. આશરે ૪૭% માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપમાં એક મહિલા ડાયરેક્ટર પદે છે. ભારત રમતગમત, યોગ, અધ્યાત્મ, સંગીત, ચલચિત્રો આદિમાં વિશ્વમાં અગ્રતા ધરાવે છે. આજે ભારત વિશ્વમાં સંરક્ષણ સાધનોની નિકાસ કરતો દેશ બન્યો છે. ઈ.સ. ૨૦૨૪-૨૦૨૫ સુધીમાં સંરક્ષણ નિકાસ ૧.૫ અબજથી વધારીને પાંચ અબજ ડોલર થશે.

**ભારતમાં ખેડી શકાય તેવી જમીનનો વિસ્તાર ૧૫૬.૦૬ મિલિયન હેક્ટર છે.** જે જગતમાં મહામોટો વિસ્તાર મનાય છે. અમેરિકા પછી ભારતનો ક્રમ આવે છે. અનાજ, શાકભાજી, ફળફળાદિ, પશુઓ માટે ઘાસચારા આદિ પેદાશો અત્રે અનંત છે. ભારતમાં આજે ૩૦૦૦ કરતાં વધુ એગ્રીકલ્ચરલ સ્ટાર્ટ અપ છે. **કૃષિ ક્ષેત્ર માટેનું ફંડ ૨૦૧૪માં રૂા. ૨૫૦૦૦ કરોડથી ઓછું હતું. તેમાં વધારો કરીને તે ફંડ રૂા. ૧,૨૫,૦૦૦ કરોડ કરવામાં આવ્યું છે.**

તા. ૧૭-૪-૨૦૨૩ સોમવારના ‘ગુજરાત સમાચાર’માં બિઝનેસ પ્લસમાં જણાવ્યા મુજબ સ્ટાર્ટ અપ ક્ષેત્રે વેલ્યુએશન ઊંચું સાથે ખોટ પણ ઊંચી. સ્ટાર્ટઅપ ક્ષેત્રની સિક્કાની એક બાજુ ચિત્ત આકર્ષક છે તો બીજી તરફ ખોટનો ધબડકો નજરે ચઢે છે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૮ ઉપર)

*ઈચ્છા એ ન રાખો કે દરેક વ્યક્તિ તમારા ગુણગાન ગાય, કોશિશ એ કરો કે કોઈ તમારું ખરાબ ના બોલે.*

# "ભગ્ન કે ભવ્ય : એકમેવ ભુજ"
## ઇ-બુક દ્વારા દર્શન
### પગલું પહેલું : પરિચય

બકુલેશ અંતાણી

*'ભુજ દર્શન' પ્રકાશિત થયું તે સમયે કે તે પહેલાં ભુજ એક પર્યટન સ્થળ તરીકે જાણીતું નહોતું. તે સમયે પુસ્તક પર્યટકોને નહીં પરંતુ ભુજવાસીઓને અનુલક્ષીને લખાયું હતું. ભુજના વિવિધ પાસાંને આવરી લઈ, તેના ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં ક્રમશઃ વિકાસની રસપ્રદ માહિતી સાથે સર્વગ્રાહી અને તલસ્પર્શી માહિતીપ્રદ પુસ્તક તરીકે "ભુજ દર્શન" રજૂ થયું.*

*બેક્ટ્રીયન ગ્રીક લેખક સ્ટ્રેબો, પ્રવાસી લેખક સુલેમાન, અબુલ ફઝલ વગેરે દ્વારા તથા ભવિષ્ય પુરાણમાં ભુજ દેશનો ઉલ્લેખ, કેટલાક મંદિરોની પુરાતનતા વગેરે દ્વારા ભુજનું તોરણ બંધાયું તે પહેલાં અહીં મહત્ત્વનું શહેર હોવાનો 'ભુજ દર્શન'માં અંગૂલી નિર્દેશ કરાયો છે.*

*પુસ્તક ૧૯૮૨માં પ્રગટ થયું. તે પછી સમયનું ચક્ર ઝડપથી ફરી ગયું. ૨૦01ના ગોઝારા ધરતીકંપ પછી ભુજે નવું કલેવર ધારણ કર્યું. ભુજનો ઈતિહાસ ધરતીકંપ પહેલાં અને પછી એમ બે વિભાગમાં વહેંચાઈ ગયો છે. કચ્છીઓને ભુજ દર્શન દ્વારા ધરતીકંપ પહેલાના ભુજ વિશે જાણવાની ઉત્કંઠા પણ વધુ ઉત્કટ થઈ ગઈ છે. ભુજ દર્શન પુસ્તક અપ્રાપ્ય હોતાં તેને ઉપલબ્ધ કરાવવાની ઘણી માંગણીઓ થવા લાગી. આધુનિક સુવિધા પ્રમાણે ઈ-પુસ્તક રજૂ કરાઈ રહ્યું છે જેથી તે સરળતાથી કિંડલ, મોબાઈલ, ટેબ્લેટ, લેપટોપ, ડેસ્કટોપ વગેરે ઉપકરણો દ્વારા બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ થઈ શકે.*

*ભુજ દર્શનના મુખ્ય શિલ્પી અને કચ્છ ઈતિહાસ સંબંધિત છ પ્રકાશનોના લેખક, મારા પિતાશ્રી સ્વ. શ્રી દિલસુખરાય અંતાણીને આ પ્રસંગે સ્મરણાંજલી અર્પણ કરું છું.*

*ભુજ તેમજ કચ્છ પ્રેમીઓ ભુજ દર્શનને રસપૂર્વક વાંચશે તેમજ વધુ સંશોધન દ્વારા કચ્છ વિશેના જ્ઞાનની ક્ષિતિજો વધુ વિસ્તારશે તેવી આશા સાથે વિરમું છું.*

*અમદાવાદ, જાન્યુઆરી ૨૦૨૩* — *બકુલેશ અંતાણી*

ભારત માતાની કાખે રાખેલ કુંભ સમાન શોભતા કચ્છ પ્રદેશનું પાટનગર ભુજ શહેર મહત્ત્વનું અને વિશિષ્ટ છે.

કચ્છના કેન્દ્રમાં ખીલેલ કમળ સમુ ભુજ અક્ષાંસ ૨૩.૧૫° અને રેખાંશ ૬૯.૪૦° પર છે. કર્કવૃત્ત ૨૩.૫° એટલે ૧૪ માઈલ ભુજ ઉપરથી પસાર થાય છે. સાગરની સપાટીએથી તેની ઊંચાઈ ૯૮.૮૧ મીટર છે.

ભુજ જે જમીન ઉપર આસન જમાવીને બેઠું છે તે ખડકાળ પટ્ટો ભૂસ્તરની જયુરાસીક પડરચના વિશિષ્ટ છે. ભૂસ્તરશાસ્ત્રીઓએ ઊંડો અભ્યાસ કરી શાસ્ત્રીય રીતે પટ્ટાનું નામ આપ્યું "ભુજ સીરીઝ" જે નામ ભૂસ્તરશાસ્ત્રના વિજ્ઞાનમાં કાયમનું અને મહત્ત્વનું બની ગયું છે.

જમીનનો આ પટ્ટો વધારેમાં વધારે ૮૦૦ મીટર જેટલી જાડાઈ ધરાવે છે. પૃથ્વીનું કેન્દ્ર તો ચાર હજાર માઈલ ઊંડે છે. તેની સરખામણીમાં આ પટ્ટો બટાટાની છાલ જેટલો પોપડો છે.

આ ખડકના પાંચ ભાગ પાડી શકાય છે. નીચેથી ઉપરની સપાટી સુધી જોઈએ તો –

૧. જાડી કાંકરીવાળા મોટા લાલ રંગના રેતાળ ખડકો અને કેલ્શિયમયુક્ત ખડકો.
૨. બારીકથી મધ્યમ પ્રકારની કાંકરીવાળા, ગ્રે થી દુધિયા રંગવાળા ફેલ્ડસ્પાર પ્રકારના રેતાળ ખડકો.
૩. મોટી સપ્ન કાંકરીવાળા ક્વાર્ટઝ પ્રકારના રેતાળ ખડકો સાથે વચમાં ફેલ્ડસ્પાર કાંકરીઓ.
૪. મોટી સપ્ન કાંકરીવાળા ફોસ્ફેટયુક્ત રેતાળ ખડકો.
૫. સપ્ન કાંકરીવાળા સફેદ ફેલ્ડસ્પાર રેતાળ ખડકો.

સાદી ભાષામાં કહીએ તો એકંદરે કાંકરી અને રેતી છે.

*પાણીથી નહાય તે કપડાં બદલી શકે છે, પણ પરસેવે નહાય તે કિસ્મત બદલી શકે છે.*

નીચે કાંપથી બનેલા જળકૃત ખડકો છે. તેની નીચે લાવારસથી બનેલા અગ્નિકૃત ખડકો છે. આ ભૂ-કવચ ઉપર ભુજ વસેલું છે. આ સિરીઝમાં રહેલ પાણીનો ભંડાર વધારે છે. પાણી ૧૦થી ૧૨ મીટરની ઊંડાઈએથી મળી આવે છે.

ભુગોળની દૃષ્ટિએ જોઈએ તો ભુજ પોતે સપાટ મેદાન પર વસેલું છે. તેનો ઘાટ રકાબી જેવો છે અને ફરતી ડુંગરોની કંદરા રક્ષણ કરતી ઊભી છે. ભુજ ભુજીયા ડુંગરની તળેટીમાં પશ્ચિમે વસેલું છે.

ભુજીયો ડુંગર સાગરની સપાટીએથી ૮૩૦ ફૂટ ઊંચો છે. તેનો ઘેરાવો આઠ કિ.મી. છે અને ક્ષેત્રફળ ચાર કિ.મી. જેટલું છે. દક્ષિણે લક્કી ડુંગરની હારમાળા અને પૂર્વમાં ભુજીયો તથા સુરલની ટેકરી છે. જેના ઉપર ભુજંગદેવ તથા જડેશ્વર મહાદેવ, અનુક્રમે છે. ભુજની ઈશાન દિશાએ ખારી નદી છે. તે ચાડવા ડુંગરો વચ્ચેથી નીકળી વાયવ્ય દિશાએ વહે છે. ભુજ પાસેથી સરકતી ઉત્તરે પસાર થઈ પંદર કિ.મી. પછી તેનો મીઠી સાથે સંગમ થાય છે. પછી મીઠીના સથવારે બાર કિ.મી. વહી ઉત્તરના બન્ની વિસ્તારમાં સમાઈ જાય છે. નદીની કુલ લંબાઈ ૨૭ કિ.મી. છે. તેના ઉપર રૂદ્રમાતાના મંદિર નજીક મધ્યમ કક્ષાનો સિંચાઈ ડેમ બંધાયો છે. આ નદીનું પાતળું ઝરણું સતત વહે છે. તેણે કંડારેલ કોતરોનું સૌંદર્ય અનોખું અને જોવા જેવું છે.

ભુજ ફરતો બહુકોણીય આકારનો મજબૂત આલમ પનાહ ગઢ છે. આ ગઢ સને ૧૭૧૯થી ૧૭૫૨ દરમિયાન રાવશ્રી ગોડજીએ બંધાવવાનો શરૂ કરેલ હતો. તે રાવશ્રી દેશળજીએ પૂર્ણ કર્યો. ગઢની દીવાલો ૩૫ ફુટ ઊંચી અને ચાર ફુટ પહોળી હતી. ગઢ ઉપર થોડા અંતરે બુરજો છે જે પહેલાં એકાવન તોપોથી સુસજ્જ રહેતા. શહેરમાં પ્રવેશવા પાંચ નાકા અને છઠ્ઠી બારી હતી. પ્રથમ મહાદેવ ગેઈટ જેમાંથી આવન જાવન ચાલુ છે. આ ભુજનું રળીયામણું સ્થાન છે. બીજું વાણિયાવાડ ગેઈટ છે જેના પ્રવેશદ્વારમાં માર્કેટ બની ગઇ છે. ત્યાં લોકોની અવર જવર વિશેષ રહે છે. ત્રીજું ગેઈટ ભીડનું જ્યાં પોલીસ ચોકી સ્થાપિત થઈ છે. આ વિસ્તાર વેપારનું કેન્દ્ર છે. ચોથું સરપટ ગેઈટ જે પણ અખંડિત છે. ત્યાં હોસ્પિટલ, જેલ વિ. આવેલ છે. તે શાંત વિસ્તાર છે. પાંચમું ગેઈટ પાટવાડી જેના મુખ્ય દરવાજા પાસે ગઢ તોડી રસ્તો થયો છે. પરંતુ મુખ્ય દરવાજો તેમજ ઉભો છે. ત્યાં સરકારી કચેરી તથા સ્કૂલ છે. છઠ્ઠી બારીનું અસ્તિત્વ નથી. ત્યાં કેવળ તેની યાદ છે. આ સિવાય પણ તળાવના આરાના નાકા પ્રવેશ માર્ગ જેટલા વિશાળ છે. તળાવ સૂકાયેલ હોય તો બહાર નીકળી શકાય. તે બધા મળી એકંદર બાર નાકા આવેલ છે.

આ ગઢની અંદર સમાયેલ ભુજમાં સાંકડી ગલીઓ, રસ્તા અને તેમાં ઉભરાતા રાહદારીઓ અને વાહનો – એ તળ ભુજની વિશેષતા છે. હવે શહેરી વિસ્તાર ગઢની બહાર વિસ્તરેલ છે. હવે તો ખંડિત ગઢ પોતાની પુરાણી યાદ સાથે ઉભો છે.

ઝડપથી વિકસતાં અને ફાટફાટ થતાં ભુજને ગઢના કાંગરા પણ રોકી નથી શક્યા. અત્યારે ભુજ ચારેબાજુ ૧૭.૭૯ ચોરસ કિ.મી. ક્ષેત્રફળ (મ્યુનિસિપલ હદ)માં વિસ્તર્યું છે. **ભુજની હાલની સત્તાવાર વસતી ૬૬,૨૫૧ છે. તે ગુજરાતમાં પ્રથમ બાવીસ શહેરોમાંનું એક છે.**

ભુજની આબોહવા કચ્છની પ્રતિનિધિરૂપ ગણાય છે. તે વિષમ છે. ઉનાળો અત્યંત ગરમ અને શિયાળો અત્યંત ઠંડો છે. ફેબ્રુઆરીથી મે સુધી ઉષ્ણતામાન વધે છે. મે માં ભુજનું સરેરાશ ઉષ્ણતામાન ૩૮.૩° સે. હોય છે. અમુક દિવસોએ ઉષ્ણતામાન ૪૬૦ સે. સુધી પહોંચે છે. જૂનની મધ્યમાં વાયવ્યના મૌસમી પવનો શરૂ થતાં તે પછી ઉષ્ણતામાનમાં નોંધપાત્ર ઘટાડો થતો જાય છે. મધ્ય સપ્ટેમ્બરમાં વાયવ્ય મોસમી પવનો પાછા ખેંચાતા દિવસના ઉષ્ણતામાનમાં થોડો વધારો થતો જાય છે ને વધારો ઓક્ટોબરમાં ચરમસીમાએ પહોંચે છે. આમ છતાં આ ગાળામાં રાત્રિનું ઉષ્ણતામાન ઘટે છે. ઓક્ટોબરથી દિવસ અને રાત્રિનું ઉષ્ણતામાન ઘટતું જાય છે. **ઠંડામાં ઠંડો મહિનો જાન્યુઆરીમાં તે સૌથી નીચું હોય છે. જાન્યુઆરીમાં ઉચ્ચતમ સરેરાશ ઉષ્ણતામાન ૨૬.૨° સે. અને ન્યુનતમ સરેરાશ ઉષ્ણતામાન ૧૧.૨° સે. હોય છે.** શિયાળાની ઋતુમાં પશ્ચિમના ફેરફારો ઉત્તર ભારતમાં ફરી વળતાં ઠંડીનું મોજું અહીં પણ ફરી વળે છે. **તે વખતે ન્યુનતમ ઉષ્ણતામાન ૧.૮° સુધી નીચે જાય છે. ભુજના અત્યાર સુધીના વધુમાં વધુ ઉષ્ણતામાન ૪૭.૮° સે. ૨૬મી મે, ૧૮૮૬ના રોજ નોંધાયેલ છે. ૧૯૭૯માં ઓછામાં ઓછું ઉષ્ણતામાન ૦.૮° સુધી પહોંચેલ છે.**

હવા લગભગ સૂકી રહે છે. બપોરે સાપેક્ષ ભેજ ૨૫% જેટલો હોય છે. ચોમાસાની ઋતુમાં ૬૫% જેટલો સાપેક્ષ ભેજ નોંધાય છે. ઉનાળાના અંત ભાગમાં અને વર્ષાઋતુમાં આકાશ લગભગ વાદળાથી ઘેરાયેલું રહે છે. વર્ષના બાકીના ભાગમાં તે સાફ અથવા ઓછું વાદળીયું રહે છે. પવન લગભગ મંદથી સામાન્ય હોય છે. પવનની ઝડપમાં ઉનાળાના અંત ભાગ અને ચોમાસામાં થોડો વધારો વર્તાય છે. એપ્રિલથી સપ્ટેમ્બર સુધી પવન પશ્ચિમ અથવા વાયવ્ય દિશાથી ફુંકાય છે. વર્ષના બાકી ભાગમાં તે વાયવ્ય અને ઈશાનથી અને ક્યારેક બપોરના ભાગમાં ઉત્તર અને અગ્નિ દિશાથી ફુંકાય છે. **ભુજની આબોહવા વિશે નીચેનો કોઠો ઉપયોગી માહિતી પૂરી પાડે છે.**

| મહિનો | રોજનું સરેરાશ ઉચ્ચત્તમ ઉષ્ણતામાન | રોજનું સરેરાશ ન્યુનતમ ઉષ્ણતામાન | સાપેક્ષ ભેજ ૦૮.૩૦ સમયે | સાપેક્ષ ભેજ ૧૭.૩૦ સમયે | સરેરાશ પવનની ઝડપ (કિ.મી.) |
|---|---|---|---|---|---|
| જાન્યુઆરી | ૨૬.૨ | ૧૧.૨ | ૫૨ | ૨૬ | ૬.૪ |
| ફેબ્રુઆરી | ૨૮.૮ | ૧૩.૬ | ૫૮ | ૨૩ | ૭.૨ |
| માર્ચ | ૩૩.૯ | ૧૮.૧ | ૫૯ | ૨૧ | ૮.૭ |
| એપ્રિલ | ૩૭.૭ | ૨૨.૦ | ૬૦ | ૨૨ | ૧૧.૮ |
| મે | ૩૮.૩ | ૨૫.૦ | ૬૮ | ૩૬ | ૧૭.૫ |
| જૂન | ૩૬.૩ | ૨૬.૭ | ૭૧ | ૫૧ | ૧૮.૮ |
| જુલાઇ | ૩૨.૬ | ૨૫.૭ | ૮૦ | ૬૬ | ૧૮.૭ |
| ઓગસ્ટ | ૩૧.૩ | ૨૪.૭ | ૮૦ | ૬૬ | ૧૮.૭ |
| સપ્ટેમ્બર | ૩૩.૩ | ૨૩.૮ | ૭૮ | ૫૧ | ૧૨.૧ |
| ઓક્ટોબર | ૩૫.૬ | ૨૧.૪ | ૬૩ | ૨૬ | ૭.૧ |
| નવેમ્બર | ૩૨.૨ | ૧૬.૭ | ૫૦ | ૨૧ | ૫.૩ |
| ડિસેમ્બર | ૨૭.૨ | ૧૨.૩ | ૫૧ | ૨૪ | ૫.૬ |
| વાર્ષિક | ૩૨.૮ | ૨૦.૧ | ૬૪.૧૭ | ૩૬.૦૮ | ૧૧.૩ |

વરુણદેવ ભુજથી નારાજ રહે છે. અનિયમિત વર્ષા હોય છે. સરેરાશ વરસાદ ૩૪ સે.મી. જેટલો છે. એક વર્ષે સૌથી વધારે વરસાદ ૧૯૨૬ના વર્ષમાં ૧૧૭૮ મિલિમીટર પડ્યો હતો. એક જ દિવસમાં વધારે વરસાદ ૧૫ જુલાઈ, ૧૯૫૯ના દિવસે ૪૧૬.૯ મિલિમીટર પડ્યો હતો.

મેઘરાજાની સવારીને રોકનાર કોઈ ઊંચો પર્વત ન હોતાં વરસાદ રોકાતો નથી અને પસાર થઈ જાય છે. બંગાળના ઉપસાગરમાં થતા દબાણના કારણે તથા અરેબિયન સાગરમાં ઉત્પન્ન થતા ફરકા અહીં ટકરાઈ જાય ત્યારે વરસાદ સારો થાય છે. જેથી ભેજવાળા પવનો પર મુખ્યત્વે આધાર છે. વરસાદ અનિયમિત હોતાં અણમાનીતા મહેમાન જેવો દુષ્કાળ વારંવાર આંટો મારી જાય છે અને ત્રાસ પરેશાની ફેલાવી જાય છે. પરંતુ છેલ્લા થોડા વર્ષોથી વરુણદેવને ભુજ પસંદ પડી ગયું છે અને અચૂક મુલાકાત આપી જાય છે. ૧૯૭૯-૮૦ના વર્ષો તો પૂરના વર્ષો તરીકે લેખાણા. દુષ્કાળ દેશમાં પૂર રોકાણના પગલાં ભરવામાં આવેલ અને ખાસ કંટ્રોલરૂમ ખોલવામાં આવ્યા હતા.

*નીચેના આંકડા વરસાદની પરિસ્થિતિ પર વધારે પ્રકાશ ફેંકે છે. (વરસાદ મિ.મી.માં)*

| મહિના | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જૂન |
|---|---|---|---|---|---|---|
| અ | ૨.૦ | ૫.૬ | ૨.૦ | ૦.૮ | ૭.૪ | ૨૬.૯ |
| બ | ૦.૩ | ૦.૪ | ૦.૨ | ૦.૨ | ૦.૨ | ૧.૫ |
| ૧૯૮૦ | ૦.૧ | ૦.૦ | ૦.૪ | ૦.૩ | ૦.૦ | ૪.૦૫ |
| ૧૯૮૧ | ૦.૦ | ૦.૩ | ૦.૪ | ૦.૫ | ૦.૦ | ૦.૭ |

| મહિના | જુલાઇ | ઓગસ્ટ | સપ્ટે. | ઓક્ટો. | નવે. | ડિસે. | વાર્ષિક |
|---|---|---|---|---|---|---|---|
| અ | ૧૫૦.૪ | ૮૩.૮ | ૪૮.૮ | ૧૦.૨ | ૧.૦ | ૧.૫૩ | ૩૪૦.૪ |
| બ | ૫.૬ | ૪.૦ | ૨.૨ | ૦.૫ | ૦.૨ | ૦.૧ | ૧૫.૩ |
| ૧૯૮૦ | ૧૧૫ | ૩૩ | ૧૨ | ૦.૦ | ૮ | ૨ | ૫૭૯ |
| ૧૯૮૧ | ૧૭૮ | ૧૯૦ | | | | | |

*(અ = સામાન્ય વરસાદ, બ = સરેરાશ વરસાદવાળા દિવસો.)*

***વિચાર ગમે તેટલો સુંદર હોય, પણ આચાર વિના નકામો છે.***

ભુજમાં ત્રણ મોટા તળાવ છે. તે પૈકી પાટવાડીના નાકે આવેલ પ્રાગસર તળાવ સૂકાઈને મેદાનમાં ફેરવાઈ ગયું છે. ભીડના નાકે આવેલ દેશલસર તળાવ ૨૪૨૭૮૦૦૦ ગેલનની પાણી સંગ્રહ શક્તિ ધરાવે છે. તેનો સ્રાવ પૂર્વના ભુજીયા ડુંગરનો વિસ્તાર છે. મહાદેવના નાકે આવેલ હમીરસર તળાવ રળીયામણું અને વિશાળ તળાવ છે. તે ભુજની સ્થાપના સમયે તળાવડીના રૂપમાં હતું. હમીરસર ૬૮૫૦૦૦૦૦ ગેલનની સંગ્રહ શક્તિ ધરાવે છે. તેનું સ્રાવ ક્ષેત્ર ટપકેશ્વરી ડુંગરો તથા વાયવ્ય દક્ષિણનો વિસ્તાર છે.

સત્ય નારાયણનું ધોબી તળાવ, છતરડીવાળું ફાટેલ તળાવ વિ. હમીરસરના ભાગ જ છે. જીવણાઈ તળાવડી ઓરીએન્ટ કોલોની પાસે છે, જે થોડા મહિના પાણીથી ભરેલ રહે છે.

ભુજની કુદરતી વનસ્પતિ તેની આબોહવાનું પ્રતિબિંબ પાડે છે. તે સૂકા પ્રદેશની શુષ્કોહિત (Xerophytic) પ્રકારની છે. નીચે પ્રમાણે ખાસ મુખ્ય વનસ્પતિ મળી આવે છે.

૧. Anonacea કુળ : આસોપાલવ (Polyalthaea Langifolia)

૨. Monispermacea કુળ : ગળો (Tinosfora Cordifolia), વેવડી (Cocculus Viltosu)

૩. Fumariacea કુળ : પીત્ત પાપડો (F. Parvifolia). અહીં ખાસ જોવા મળે છે.

૪. Capparidacea કુળ : બે પ્રકારની તીલવક (C. Simplicifolia) અને (C Burmanni). અહીં અને કચ્છમાં ખાસ.

૫. Caryophyllaceac કુળ : ઓખરાડ (Polycarpea Corymbosa)

૬. Portulacacea : લુણી (P. Oleracea)

૭. Fumariacea : ઝાંઉ (Taxarix Diocia)

૮. Malvaea : Side acuia અને S. Cordifolia. કલ્પવૃક્ષ (Adansonia Digitata) પુરાણ પ્રસિદ્ધ કલ્પવૃક્ષ. શરદબાગમાં છે.

૯. Sterculiacea : મરડા શીંગ (Helicteres Isora)

૧૦. Tiliacea : ગંગેટી (Grevia Populifolia). અહીં ખાસ

૧૧. Rutacea : ચકોતરાં (પપનસ, Grape fruit) (Citrus Majus) કચ્છ અને મહારાષ્ટ્રના અમુક ભાગને બાદ કરતાં ભારતભરમાં અપ્રાપ્ય.

૧૨. Calastracea : વીંકળો (Gymnosporia Montana).

૧૩. Rhamvacea : ચણીબોર (Lizyphus Rotundifolia) વિપુલ.

૧૪. Moringacea : સરગવો (M. Pterigosperma)

૧૫. Leguminocea : ગળી (Indigofera Linifolia). પહેલા કુદરતી ગળી આમાંથી મેળવાતી. સરપંખો (Tephros Tenuis) ઓછા મળે છે પણ નોંધપાત્ર. કરંજ (Pongamia Glabra), કાંચકા (Caesalpinnea Bonduceaia), રામબાવળ (Parkinsonia Aculeata), ગરમાળો (Casia Fistula), કુવાડિયો (C. Tora), આવળ (C. Auriculata), મીંઢી આવળ (C. Angustifolia), અશોક (Saraca Indica), વિરલ, પણ ભુજમાં દેખાઈ છે. આમલી (Tamarix Indicus), આપટો (Bauhinia Racemosus) વિરલ, ગાંડો બાવળ (Prosposis Spicigera) પુષ્કળ, બાવળ (Acasia Arbica), લજામણી (Mimosa Pudica).

૧૬. Cucubitacea : કુંડળ (Trichosanthus Palmate), કડવા પરવળ (T. Cucumerina), કંટોલા (Momordica Diocia), શિવલીની (Bryonopsis Laciniosa), ઈન્દ્રાણી (Citrullus Colosynthis), ધોલ ટીંડોરાં (Coccinia Indica).

૧૭. Ficodacea : સાટોડી (Trianthema Monogyna), કોત્રાક (Mollugo Hirta).

૧૮. Rubiacea : પરપટ (Oldeniandia Aspera).

૧૯. Ascepidacea : આકડો (Calotropis Procera), પુષ્કળ, ઊતરણી (Daemia Extensa), સોમલતા (Sarcostamma Preuistigma), કેટલાક તેને પુરાણ પ્રસિદ્ધ સોમરસનો છોડ માને છે. રબરવેલ (Cryptostagia Grandiflora) પહેલા દેશી રબર મેળવાતી.

૨૦. Solanacea : ભોંય રીંગણી (Solanum Xanthocarpum), દોરલી (S. Indicum), અશ્વગંધા (Withania Somnifera).

૨૧. Acanthacea : ઓટીગણ (Belpharis Boerhavifolia), નીલું કરીયાતું (Andrographic Echioides), વિરલ, અરડુસો (Adhiatoda Vasica).

૨૨. Labiatea : આવચી બાવચી (Morchosma Polystachyum), વિરલ પણ નોંધપાત્ર, કુબો (Lucas Urticifolia).

૨૩. Nyctaginacea : પુનર્નવા (Boerhavia Diffusa).

૨૪. Amarantacea : અઘાડો (Achyranthus Aspera).

*હૈયામાં હામ હોય તો અપંગ માણસ પણ પહાડ ચઢી શકે.*

૨૫. Aristolochiacea : કીડામારી (A. Bracteata), હાજરી નોંધપાત્ર.

૨૬. Euphorbiacea : કાંટાળો થોર (Euphorbia Nerifolia), દુધીઓ થોર (E. Rothiana), રાતી દુધેલી (E. Pilulifera), ખરસાણી થોર (E. Tirucalli), પણ નજરે પડ્યો છે.

૨૭. Urticacea : વડ (Ficus Bengalensis), પીપળો (F. Religiosa)

૨૮. Liliacea : શતાવરી (Asparagus Recemosus), કુંવાર (Aloe Vera).

૨૯. Graminea : વિવિધ પ્રકારના ઘાસ જેવા કે Paniaum Staguinum, Cynodon Chactylen વગેરે. Gymnosperm વિભાગના એકે કુદરતી નમુના નથી મળી આવ્યા.

ઉપરની વનસ્પતિ સિવાય ફળ, ફુલ અને અન્ય છોડની વિદેશી, હાઈબ્રીડ અને અન્ય વેરાયટી ભુજના બાગ બગીચામાં, નર્સરીઓમાં, આજુબાજુની વાડીઓ અને ખેતરોમાં ઉપરાંત ઘરોમાં પણ ઉગાડાય છે.

★ ફુગ વિભાગ (Fungi) : Mucor, Aspargillus અને Agaricus (વિવિધ પ્રકારના બિલાડીના ટોપ) મળી આવ્યા છે.

★ લીલ વિભાગ (Algae) : Oscillatoria, Spirogyra (સેવાળ), Moungolia (અન્ય પ્રકારની સેવાળ), વગેરે મળી આવ્યા છે.

★ હંસરાજ વિભાગ (Pteridophyta) : Aspidium, Marshillia અને Angiopteris મળી આવ્યા છે. Bryophyte વિભાગમાંથી એકે નમુનો નજરે નથી આવ્યો.

પ્રાણી વિભાગમાં જોઈએ તો કશી જ વિશેષતા નજરે નથી પડી. સામાન્ય પ્રાણીઓ નજરે પડે છે. જેવા કે ઘોડા, ઉંટ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, ગધેડા, કૂતરા, બિલાડી, ઉંદર વગેરે.

જંગલી - વરૂ શિયાળ, લોંકડી, સસલાં, કાચિંડા, શાહુડી, વડવાગોળ, છછુંદર, નોળિયો, ધુરનાર, ઘો, સાપ, ચામાચીડિયા વગેરે.

પક્ષીઓ - કબુતર, કાગડા, ચકલી, દેવચકલી, લક્કડખોદ, કાબર, મેના, ઘુવડ, પોપટ, સુઘરી, કોયલ, હોલા, ચીબરી, નીલકંઠ, ખંજન, સમડી, શકરો, ગીધ, ટીંટોડી વગેરે. આ સિવાય હમીરસરમાં નવું પાણી આવે ત્યારે વિશિષ્ટ પ્રકારની માછલી કેટફીશ (Sacchbranchus Fossalli) જોવામાં આવી છે. પાણીમાં જળકુકડી, બતક, કાચબા અને ક્યારેક યાયાવર પેલીકેન પણ જોવા મળ્યા છે. મગરો હવે લુપ્ત પ્રાયઃ થઈ ગયા છે.■

## દુનિયા કોણ ચલાવે છે?

***ખૂબ ખૂબ અને ખૂબ જ રસપ્રદ રીતે દરેક ભારતીયે વાંચવું જોઈએ.***

"દુનિયા કોણ ચલાવે છે?" – જવાબ આપતા પહેલા નીચેની વિગત વાંચી લેવી જરૂરી છે.

૧. Google CEO ભારતીય છે.
૨. Microsoft CEO ભારતીય છે.
૩. સિટી ગ્રુપ CEO ભારતીય છે.
૪. સોફ્ટ બેંક વિઝન ફંડ CEO ભારતીય છે.
૫. Adobe CEO ભારતીય છે.
૬. NetApp CEO ભારતીય છે.
૭. PepsiCo CEO ભારતીય છે.
૮. Nokia CEO ભારતીય છે.
૯. માસ્ટર કાર્ડ CEO ભારતીય છે.
૧૦. DBS CEO ભારતીય છે.
૧૧. કોગ્નિઝન્ટ CEO ભારતીય છે.
૧૨. નોવાર્ટીસ CEO ભારતીય છે.
૧૩. સામગ્રી CEO ભારતીય છે.
૧૪. Diageo CEO ભારતીય છે.
૧૫. Sandisk CEO ભારતીય છે.
૧૬. મોટોરોલા CEO ભારતીય છે.
૧૭. હરમન CEO ભારતીય છે.
૧૮. માઈક્રોન CEO ભારતીય છે.
૧૯. પાલો અલ્ટો નેટવર્કસ CEO ભારતીય છે.
૨૦. રેકીટ બેનકીઝર CEO ભારતીય છે.
૨૧. હવે IBM CEO પણ ભારતીય મૂળના વ્યક્તિ છે.
૨૨. બ્રિટીશ ચાન્સેલર ભારતીય.
૨૩. બ્રિટનના ગૃહ સચિવ ભારતીય.
૨૪. આયર્લેન્ડના વડાપ્રધાન ભારતીય.
૨૫. WHO ના અધ્યક્ષ ડૉ. હર્ષવર્ધન પણ ભારતીય છે.

હવે કમલાદેવી હેરિસ USA ના વાઈસ પ્રેસિડેન્ટ છે.

***વિચારીને જવાબ આપો કે દુનિયા કોણ ચલાવી રહ્યું છે?***
***ખૂબ જ રસપ્રદ હકીકત છે.***
***એક ભારતીય તરીકે ભારતીય હોવાનો ગર્વ અનુભવો...***

***ધીરજ એક એવો રસ્તો છે, જે માણસને એની તાકાત બતાવે છે.***

# કચ્છના ક્ષત્રપ શિલાલેખો



વનરાજસિંહ જાડેજા

પશ્ચિમી ક્ષત્રપો તરીકે જાણીતા ગુજરાતના શક જાતિના રાજાઓના આશરે ત્રીસેક શિલાલેખોમાંથી નવ તો માત્ર કચ્છ જિલ્લામાંથી હાથ લાગ્યા છે. છ અંધૌમાંથી તથા ખાવડા, મેવાસા અને વાંઢમાંથી એક એક. અંધૌના છ માંથી ચાર લેખો શક સંવત ૫૨ (ઇ.સ. ૧૩૦)ના છે, જે ચાષ્ટન - રૂદ્રદામાના સંયુક્ત શાસનકાળના છે. અહીંનો પાંચમો લેખ શક સંવત ૧૧૪નો રૂદ્રસિંહ પહેલાના સમયનો છે. છઠ્ઠો લેખ વર્ષ ૧૧નો અને ચાષ્ટનનો છે અને તેથી પશ્ચિમી ક્ષત્રપોના શાસનકાળની પૂર્વમર્યાદા માટે ઘણો મહત્ત્વનો છે. વાંઢમાંથી હાથ લાગેલો આશરે વર્ષ ૧૧૦નો સ્તંભલેખ, રૂદ્રસિંહ પહેલાના સમયનો છે. ખાવડાનો રૂદ્રદામાનો લેખ આશરે વર્ષ ૬૨નો છે. મેવાસાનો લેખ સંભવતઃ રૂદ્રસિંહ પહેલાના સમયનો અને વર્ષ ૧૦૩નો હોવાનું જણાય છે. પશ્ચિમી ક્ષત્રપોનાં ઇતિહાસ અને સંસ્કૃતિના આલેખન માટે આ નવ લેખો મહત્ત્વના છે. ભુજના કચ્છ સંગ્રહાલયમાં સુરક્ષિત આ બધા લેખો બ્રાહ્મી લિપિમાં અને સંસ્કૃત - પ્રાકૃત મિશ્રિત ભાષામાં તથા ગદ્યમાં છે. આ લેખો (૧) સ્મૃતિ સ્તંભોની (લષ્ટિ, યષ્ટિ, પાળિયા) શરૂઆત, (૨) રાજબિરૂદો (રાજા, ક્ષત્રપ, મહાક્ષત્રપ, સ્વામી), (૩) સંયુક્ત શાસનનો પ્રશ્ન, (૪) આભીરોનો નિર્દેશ (અંધૌ અને મેવાસાના લેખોમાં), (૫) મેવાસા લેખની ગૂંચવણ, (૬) કચ્છનું ઐતિહાસિક મહત્ત્વ, (૭) શક સંવતના પ્રારંભિક જેવા મુદ્દા વિશે પ્રકાશ પાડે છે.

ભારતમાં સ્મૃતિસ્તંભો ખોડવાના રીવાજના આ પહેલપ્રથમ નમૂના છે. અંધૌના વર્ષ ૫૨ના ચાર લેખોમાં ક્ષત્રપ અને મહાક્ષત્રપનાં બિરૂદો એક સાથે પ્રયોજાયા હોઈ સંયુક્ત શાસનની પ્રથાનું સૂચન કરે છે. આ લેકોથી રાજ્યાધિકારનો આવો નિયમ સૂચિત થાય છે : રાજવારસો મહાક્ષત્રપના અનુજને મળતો અને અનુજ પછી અનુજનો ક્રમ પૂરો થતાં રાજવારસાનો અધિકાર અગ્રજના  અગ્રજપુત્રને મળતો. જે અનુજક્રમે આગળ વધતો. યુદ્ધકાળમાં ક્યારેક આમાં અપવાદ થતો. આભીરોનો નિર્દેશ સેનાપતિ તરીકે થયો છે. આથી ક્ષત્રપ શાસનમાં આ લોકોનું લશ્કરના હેતુસર ઘણું મહત્ત્વ સ્વીકારાયું હતું.

આ નવ લેખોએ કચ્છ વિસ્તારનું ઐતિહાસિક મહત્ત્વ પ્રસ્થાપિત કર્યું છે. જો કે અંધૌ, ખાવડા, મેવાસા અને વાંઢ હાલ રાજકીય, વાણિજ્યકીય કે આર્થિક મહત્ત્વ ધરાવતા ગામો ન હોવા છતાં પશ્ચિમી ક્ષત્રપોના શાસનકાળ દરમિયાન લગભગ એક સૈકા સુધી એમનું આગવું રાજકીય મહત્ત્વ હતું. કેમકે અંધૌનો એક લેખ વર્ષ ૧૧નો અને બીજો લેખ વર્ષ ૧૧૪નો છે. આથી આ ચારેય ગામો ત્યારે તાલુકાના કે જિલ્લાના મથક તરીકે સ્થાન ભોગવતાં હોય.

કચ્છ જિલ્લાના આ ચાર ગામોથી પ્રાપ્ત ક્ષત્રપ લેખોથી એવું સૂચવાય છે કે ચાષ્ટન કુળના ક્ષત્રપ રાજાઓ મધ્ય એશિયા અથવા ઈરાનથી સીધા ગુજરાત આવ્યા હોય અને પહેલા પ્રથમ કચ્છ વિસ્તારમાં સ્થાયી થયા હોય. આથી આ ગામોમાં અને આસપાસમાં પુરાવસ્તુકીય ઉત્ખનન કરવામાં આવે તો સંભવતઃ પશ્ચિમી ક્ષત્રપોના ઇતિહાસ માટે ઉપયોગી માહિતી હાથવગી થાય.

*સંદર્ભ : વિકિપીડિયા અને મીડિયામાં પ્રસારિત અહેવાલો*

*ભુજ, કચ્છ.*
*મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧*

## આ સાત શાકભાજીના સેવનથી શરીરને થતા લાભ

૧. *કંટોલા :* પિત્ત, કફ, ખાંસી, પ્રમેહ, શ્વાસ, અરૂચિ રોગને મટાડે છે.

૨. *પરવળ :* લોહી વિકાર અને તાવ તથા કમરના દુઃખાવાને મટાડે છે.

૩. *તુરીયા :* કબજિયાત, કૃમિ, વાયુ, કફ અને પિત્તના રોગ મટાડે છે.

૪. *ભીંડો :* બ્લડ સુગરને કંટ્રોલ કરે. જેથી ડાયાબિટીસના રોગી માટે ખૂબ ઉપયોગી.

૫. *ટામેટા :* ચામડીની ચમક વધે અને યુવાની બરકરાર રહે.

૬. *ગલકા :* દમ, ઉધરસ, તાવ, કૃમિ મટાડનાર માનવામાં આવે છે.

૭. *કારેલા :* પેશાબ, અરૂચિ, કફ, શ્વાસ, દમ, કૃમિ, આકરો, કમળો જેવા રોગ મટાડે છે.

*વહેણ બદલતી નદી અને વર્તન બદલતી વ્યક્તિ હંમેશાં વિપત્તિ લાવે છે.*

# સર્જકે અક્કલ, માત્ર માનવને જ આપી



હાજી મહમદ લોટીયા

સર્જનહારે, માનવ સમજની બહારની વાત – જેને માનવ ન સમજી શકે એવી પશુ પક્ષીઓને વિશેષતાઓ આપી. માનવ જાતે અક્કલ થકી જીવ સૃષ્ટિ પર અગ્રતા મેળવી.

ભૂકંપની આગાહી કરતું યંત્ર નથી શોધાયું પણ ભૂકંપની થોડી ક્ષણો પહેલાં પશુ પક્ષી ગભરાટભર્યા અવાજ કરે છે. ચોપગા કાન ઊંચા કરીને ભાંભરીને ભૂકંપ આવે છે નો સાવધાનનો સંકેત આપે છે. પશુ પક્ષીમાં કુદરતે આપેલ આવી વિશેષતાઓ અનેક છે. અનેક જીવોને કુદરતે અજીબ વિશેષતાઓ આપી, પણ અક્કલ માત્ર માનવને જ આપી. માનવ સિવાયના જીવોમાં ભૂખ, તરસ, સ્વયતન, પ્રજનન પૂરતી જ અક્કલ છે. અક્કલ માત્ર માનવને જ આપી. પ્લેન, રોકેટ, વિજ્ઞાન – માનવ અક્કલના ઉત્પાદન છે. સર્જનહાર માનવમાંથી અક્કલ ખેંચી લે, તો પાગલ માનવ ભટકી ભટકીને મરી જાય.

જંગલ જીવસૃષ્ટિ એકબીજાની વિશેષતાઓથી વાકેફ છે, તે પણ એક વિશેષતા છે. ગાય, ભેંસ, હરણ, રોજડા મહાકાય હાથી જોઈને ભાગતા નથી પણ સિંહ જોઈને બધા પશુ ભાગી જાય છે. સિંહ જંગલનો રાજા છે, પણ કાળો સાપ જોઈને ભાગી જાય છે કારણકે એકબીજાની વિશેષતાઓથી જંગલ જીવસૃષ્ટિ વાકેફ છે.

કાળો સાપ જોઈને જંગલનો રાજા સિંહ ભાગી જાય. પણ કાળો સાપ જોઈને સેવળાને મજા પડી જાય. સેવળો સાપની પૂંછડી પકડીને, પોતાના કાંટાળા આરક્ષણમાં છૂપાઈ જાય છે. સાપ તેના ઉપર ફેણ મારી મારીને મરી જાય છે. પછી સેવળો સાપને ખાઈ જાય છે.

સેવળાનું કાંટાળું આરક્ષણ હોવા છતાં સેવળાને ચતુર શિયાળ મળી જાય, તો સેવળો શિયાળનું શિરામણ બની જાય છે. શિયાળ સેવળાને પગથી ઉલટાવી તેનું મોઢું ઉપર કરે છે. પછી તેના પર પેશાબ કરે છે. સેવળો ગુંગળાઈને મોઢું બહાર કાઢે છે. તરત શિયાળ તેનું મોઢું પકડી ખેંચે છે. જેથી સેવળાનું આખું શરીર બહાર આવી જાય છે. પછી શિયાળ તેને ખાઈ જાય છે. કાંટાળુ કવચ છોડી દે છે.

સંધ્યા પછી પક્ષીઓ પોતાના માળા તરફ પ્રયાણ કરે છે. અંધારું થતા નિશાચરો પોતાના માળા છોડી બહાર આવે છે. પોપટ માણસની જેમ બોલે છે, પણ શબ્દાર્થ ન સમજે. 'રામ' એવું બોલે છે પણ 'રામ' એટલે શું? તે પોપટને ખબર નથી. પશુ-પક્ષીઓની અક્કલ શરીર પ્રકૃતિઓની સુખાકારી પૂરતી જ છે. માનવની જેમ બોલવું કે અંધારે ભ્રમણ કરવું તે તેમને કુદરતે આપેલ વિશેષતા છે.

માનવ સમજી જાય છે કે મને અસાધ્ય રોગ છે. પીડામુક્ત થવાને બદલે આપઘાત કરે છે. પણ કૂતરાને માથામાં કીડા પડે તો દોડ્યા કરે છે. તેનામાં અક્કલ નથી. આપઘાતની તેને ખબર નથી. વફાદારી તેનો સ્વભાવ છે. ગંધ પરખપણું કુદરતે આપેલી વિશેષતા છે. અક્કલવાળો માણસ તેનો લાભ લે છે. કૂતરો સેંકડો માનવ વચ્ચેથી ચોરને શોધી પોલીસની મદદ કરે છે.

કાચબી દરિયા કિનારાથી ઘણા દૂર ઈંડા મૂકે છે. ઈંડામાંથી નીકળેલ બચ્ચા સેંકડોની સંખ્યામાં હોય છે. એક પણ બચ્ચું દરિયા વિરૂધ્ધ દિશામાં નથી જતું. બધા દરિયામાં જ જાય છે, જે તેમને કુદરતે અર્પેલ વિશેષતા છે.

કીડીની હસ્તી શું છે? પણ તેની ઘણી વિશેષતાઓ છે. એકતા કુટુંબ વ્યવસ્થા વગેરેમાં અક્કલની વાત નથી પણ કુદરતની પ્રક્રિયા છે. તે કુદરતે આપેલ વિશેષતા છે.

દિશાસૂઝ ઊંટની વિશેષતા છે. ઊંટ રેતીનું પ્રાણી છે અને રેતીના રણમાં ધુળની ડમરીઓ ઉડવાથી રસ્તા - કેડીઓ ભૂંસાઈ જાય છે. રણમાં વર્ષો પૂર્વે કચ્છી માડુ બીડી બનાવવાના ટીમરૂના પાનના બોરાઓ – અન્ય વસ્તુઓ ઊંટ પર લાદી, એક વખત ખેપ મારી આવેલા ઊંટોને લાઈનમાં સૌથી આગળ રાખતા અને સિંધ પ્રદેશ જતા હતા. રણમાં પવન, રસ્તા ભૂંસી નાખે છે. છતાં ઊંટની વણઝારો સિંધના નગરઠઠ્ઠે પહોંચી જતી. ઊંટની દિશાસુઝ અને તેના પેટમાં વિશેષ પાણીની કોથળી. જે તેને કુદરતે આપેલ વિશેષતાઓ છે.

માનવ સુઘરી પક્ષીનો માળો જોઈ અચંબિત થાય છે. સુઘરીને કુદરતે આપેલી આ વિશેષતા છે. માનવથી અનેકગણી

*જીવનમાં આપણે આપણી જાતને સિધ્ધ કરવાની છે, પ્રસિદ્ધિ તો લોકો જ કરશે.*

તાકાત ધરાવતા હાથીમાં અક્કલ હોય તો તે માનવ હુકમનું પાલન ન કરે. માનવજીવ અન્ય જીવોની વિશેષતાનો, અક્કલ થકી લાભ લે છે.

આ લેખ સાથેની તસવીરો લેખના શિર્ષકની પ્રતીતિ છે. કોટડા (ચકાર)ના ખેડૂત લુકમાન લોઢીયાની ગાયની વાછડી જનમ્યા પછી બે મહિને મરી ગઈ. ગાયે દૂધ આપવાનું બંધ કરી નાખ્યું. વાછડી વગર રૂા. ૬૦,૦૦૦/-ની ગાય મૂલ્યહીન થઈ ગઈ. વાછડી વગર ગાયના માતૃત્વમાં ઉભરો ન આવે. ઉભરો ન આવે તો ગાય આંચળમાં દૂધ ન લાવે. હવે શું કરવું? લુકમાન, ચર્મકામ કરતા કારીગરને બોલાવી લાવ્યો. ચર્મકારીગરે મૃત વાછડીનું પેટ ચીરીને, તેનું માંસ બહાર કાઢીને, તેના પેટમાં ઘઉંનો પરાળ ભરીને પેટને ઢોલ જેવો કરી નાખ્યો. ચાર પગની જગ્યાએ ચાર લાકડી પેટની અંદરથી જ બાંધી નાખી. જે તેના પગ બની ગયા. જેના આધારે મૃત વાછડી ઊભી રહી શકે છે. જે મરણ પામેલ વાછડીની પ્રતિકૃતિ બની ગઈ.





પશુમાં માતૃત્વ છે પણ અક્કલ નથી. લેખ સાથેની તસવીર તેની પ્રતીતિ છે. ગાયના માતૃત્વમાં ઉભરો લાવવા, પ્રતિકૃત વાછડીને લુકમાને ગાય સામે ઊભી રાખતા ગાય તેને ચાટવા લાગી. પછી લુકમાને પ્રતિકૃત વાછડીને પકડી, ગાયના આંચળમાં થુના માર્યા. જેથી ગાયના આંચળમાં દૂધ ભરાઈ ગયું અને લુકમાને ગાય દોહી લીધી. પ્રતિકૃત મૃત વાછડી થકી ગાય ગાભણી થઈ ત્યાં સુધી દૂધ આપતી રહી.

એક દિવસ કૂતરી વાડીમાંથી મૃત વાછડીને ઢસડીને લઈ જવા લાગી. લુકમાને દોડીને વાછડી ઝુંટવી લીધી. પછી ઘા કરીને સિમેન્ટના થાંભલા ઉપર રાખી દીધી જે તસવીરમાં દેખાય છે. ગાયની જેમ ગંધ પારખુ કૂતરીને એટલી ખબર નથી કે વાછડીના પેટમાં પરાળ ભર્યો છે. જે અનેક મહિનાઓનું મૃત વાછડીનું ખોલકુ છે. છતાં રોજ વાડીએ આવી બે પગ થાંભલા ઉપર રાખી વાછડીને જુએ છે. સાંજે ધણમાંથી આવેલી ગાય થાંભલા પાસે ઊભી રહીને ઉપર વાછડીને જોયા કરે છે.

કૂતરી અને ગાય બંનેમાં વાછડીને પામવાની મનોકામના અલગ છે. બંનેમાં માતૃત્વ સરખું જ છે પણ બંનેમાં અક્કલ નથી કે વાછડી થાંભલાની ટોચે ચડીને કેમ બેસી શકે?

*કોટડા (ચકાર), તા. ભુજ, કચ્છ*
*મો. ૯૯૭૮૪ ૬૫૩૦૦*

## ગુજરાતી એ ગુજરાતી ભાયા!

*અમેરિકાની સાબુ બનાવવાની એક કંપનીમાં એવો ફોલ્ટ આવ્યો કે દર ૧૦૦૦ સાબુએ ૧૦ ખોખા ખાલી નીકળતા. આ ફોલ્ટને દૂર કરવા કંપનીએ ૬૦,૦૦૦ ડોલરનું એક સ્કેનર બનાવ્યું. જેની મદદથી એ ૧૦ ખાલી ખોખા અલગ કરી દેવાય.*

*એ જ ફોલ્ટ આપણી એક ગુજરાતી કંપનીમાં પણ આવ્યો. એમણે ૪૦૦-૪૦૦ રૂપિયાના બે પંખા મૂકાવી દીધા. ખાલી ખોખા ઉડીને અલગ થઈ જાય. – ૮૦૦ રૂપિયામાં પત્યું.*

*ગુજરાતી એ ગુજરાતી ભાયા...!*

*પોતાનાં દરેક અનુભવથી શીખતા રહો કેમકે તમારી જિંદગીમાં ફેરફાર તમારા સિવાય દુનિયાની કોઈ વ્યક્તિ નહીં કરી શકે.*

# પ્રેમ કોને કહેવાય?

એક પ્રાથમિક શાળામાં ૪ થી ૮ વર્ષના બાળકોને "પ્રેમ કોને કહેવાય?" – એવા સવાલનો જવાબ આપવાનું કહેવામાં આવ્યું. ત્યારે આટલા નાના બાળકોએ જે જવાબો આપ્યા, તે અચંબો પમાડે તેવા હતા.

એમાંના ઘણા બાળકોના જવાબો પરથી તો એ ટબુડિયાઓને પ્રેમ શબ્દની સમજણ મોટા માણસો કરતા પણ વધારે પડે છે એવું જ લાગે!

તો એમની ભાષામાં જ એ જવાબો જોઈએ.

**(૧)** મારા દાદીને સાંધાનો વા થયેલો છે. એ વાંકા નથી વળી સકતા. એટલે એમના પગના નખ કાપવાનું તેમજ રંગી આપવાનું કામ મારા દાદા, પોતાને હાથના સાંધા દુઃખતા હોવા છતાં નિયમિત કરી આપે છે. આને પ્રેમ કહેવાય!

***– રીબેકા (૮ વર્ષ)***

**(૨)** જ્યારે તમને કોઈ ચાહતું હોય ત્યારે એ તમારું નામ બીજા કરતા કંઈક જુદી રીતે જ બોલે છે! તમને એવું લાગે કે તમારું નામ એના મોઢામાં ખૂબ સલામત છે. એ જ પ્રેમ!

***– બીલી (૪ વર્ષ)***

**(૩)** પ્રેમ એટલે તમે કોઈની જોડે નાસ્તો કરવા જાઓ અને તમારી મનપસંદ પોટેટો ચીપ્સ બધી જ એને આપી દો. બદલામાં એની પ્લેટમાંથી કંઈ પણ લીધા વિના. એ! ***– ક્રિસ્ટી (૬ વર્ષ)***

**(૪)** તમે જ્યારે અત્યંત થાકેલા હો ત્યારે પણ જે તમને હસાવી શકે એ પ્રેમ! ***– ટેરી (૪ વર્ષ)***

**(૫)** મારી મમ્મી કોફી બનાવ્યા પછી મારા પપ્પાને આપતા પહેલા એક ઘૂંટડો ભરીને ચાખી લે છે કે બરાબર બની કે નહીં? બસ, એને જ પ્રેમ કહેવાય! ***– ડેની (૭ વર્ષ)***

**(૬)** તમને ખૂબ જ ગમતી ભેટનું પેકેટ કોઈ આપે અને એ પેકેટ ખોલવાને બદલે તમને એ આપનારની વાતો સાંભળવામાં વધારે રસ પડે એ પ્રેમ! ***– બોબી (૭ વર્ષ)***

**(૭)** એક છોકરી એક છોકરાને કહે કે તારું આ શર્ટ મને ખૂબ જ ગમે છે. અને એ પછી છોકરો રોજે રોજ એ શર્ટ પહેરે એ પ્રેમ!

***– નોએલ (૭ વર્ષ)***

**(૮)** એક વૃદ્ધ પુરુષ એક વૃદ્ધ સ્ત્રી એકબીજા વિશે બધું જાણતા હોવા છતાં વર્ષો સુધી જોડે રહી શકે એને પ્રેમ કહેવાય!

***– ટોમી (૬ વર્ષ)***

**(૯)** મારી મમ્મી મને સૂવડાવી દીધા પછી મારી આંખ બંધ થયેલી જુએ ત્યારે હળવેથી મારા ગાલ પર પપ્પી કરે છે. એ જ પ્રેમ! ***– ક્લેર (૬ વર્ષ)***

---

## આપણે સ્ટાર્ટ અપ ક્ષેત્રે જાગૃતતા કેળવીએ

**(અનુસંધાન : પાના નં. – ૧૯ ઉપરથી ચાલુ)**

એક અબજથી વધુ ડોલરવાળી લીસ્ટેડ વિનાની યુનિકોર્ન હાલે આર્થિક રીતે ડચકા ખાઈ રહી છે. જંગી વેલ્યુ બતાવતા યુનિકોર્નની ખોટ લાખો રૂપિયામાં છે. ભારતના ૫૧ જેટલા યુનિકોર્નની કુલ ખોટ ૪૮,૫૮૨ કરોડની એટલે કે અંદાજે ૬.૫ અબજ ડોલર છે.

ચાર લીસ્ટેડ સ્ટાર્ટ અપ નાયકા, પેટીએમ, ઝોમેટો અને ડિલ્હીવરીની સંયુક્ત વેલ્યુ ૨૯.૨૬ અબજ ડોલર છે. જ્યારે તેમનો સંયુક્ત લોસ ૪૫૮૮ કરોડ – ૬૧૫ મિલિયન ડોલર છે. ભારતમાંના અન્ય સ્ટાર્ટઅપ પૈકીના કેટલાક જેવા કે ઇલાસ્ટીક, મોગલીક્સ, ઝેટનેક, ઉડાન, ઑફ બિઝનેસ, મેનસા બ્રાન્ડ વગેરે પણ ખોટ કરતા યુનિટોની યાદીમાં છે.

ભારતમાં મેક-ઇન ઇન્ડિયાને જે રીતે પ્રોત્સાહન મળેલું છે તે રીતે સ્ટાર્ટઅપને મળેલ છે. અનેક નવા ક્ષેત્રો માટે ચાન્સ ઊભા થયેલા જોવા મળ્યા. સ્પેસ ક્ષેત્રે શરૂ થયેલા સ્ટાર્ટ અપે સમગ્ર જગતનું ધ્યાન ખેંચ્યું. ખોટ ખાતા બે સ્ટાર્ટઅપમાં ફાઇનાન્સ અને એજ્યુકેશન સમાવિષ્ટ છે. જે ફિનટેક અને એડ ટેકના નામે ઓળખાય છે.

વાસ્તવમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રે જાગરૂકતા દાખવવા અત્યંત આવશ્યક છે. "ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો" એ ઉક્તિ મુજબ સ્ટાર્ટઅપ ક્ષેત્રની અત્યંત મામૂલી ભૂલ શોધી તેને સુધારી લેવી એ હાલે સમયની માંગ છે.

***લીમડા લાઇન, સંસ્કાર નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

---

*ઉંમરથી માન જરૂર મળે પણ આદર તો વ્યવહારથી જ મળે.*

## માનવતાની મહેક

ડૉ. શરદ ઠાકર

એક નાની કાર આવીને એમની સામેથી નીકળી ગઈ. પછી ધીમી પડી, ઊભી રહી અને રીવર્સમાં સરકીને એમની પાસે આવીને થંભી ગઈ. બારણું ઉઘડ્યું. એક યુવાન બહાર નીકળ્યો. આ બે વૃદ્ધોના ચહેરા-મહોરા અને કપડાં જોઈને એણે સવાલ પૂછ્યો, 'ગુજરાતથી આવ્યા છો? કંઈ મુશ્કેલી? હું મદદ કરી શકું?'

'ઇડિયટ્સ! યુ ડર્ટી પિગ્ઝ! ગેટ આઉટ ફ્રોમ હિઅર! રાઈટ નાઉ એટ ધીસ વેરી મોમેન્ટ...' અમેરિકાનું ન્યુયોર્ક શહેર. રાતના દસ વાગ્યાનો સમય. વર્ષોથી સ્થાયી થયેલા એક ગુજરાતી પરિવારમાં ભજવાઈ રહેલું એક શરમજનક દૃશ્ય. પોતાના ઘરે આશરો લઈને પડેલાં એક આધેડ પતિ-પત્નીને ઘરની સ્ત્રીએ ગાળો ભાંડી, અપમાનિત કરીને ઘરમાંથી નીકળી જવાનો આદેશ ફરમાવી દીધો. બાવન વર્ષના બચુભાઈ અને પચાસ વર્ષના બબીબેન હજુ માંડ એકાદ મહિના પહેલા જ અમેરિકા આવ્યા હતા. ખેડા જિલ્લાના નાનકડા શહેરમાં આવેલું મકાન વેચી સાટીને આવ્યા હતા. ત્રણ દીકરીઓને મોસાળમાં મૂકીને આવ્યા હતા. કોઈ પારકાના ઘરે નહોતા આવ્યા. બચુભાઈની મા જણી બહેનના ઘરે આવ્યા હતા. ઉમ્મીદ એટલી જ હતી કે શરૂઆતના છએક મહિના જો બહેન-બનેવી એમના ઘરમાં આશ્રય આપશે તો વિદેશની ધરતી ઉપર સ્થાયી થઈ જવાશે. દેશમાં ધંધો ચોપટ થઈ ગયો હતો અને ત્રણેય દીકરીઓ જુવાનીની ધાર ઉપર આવી ઊભવાની તૈયારીમાં હતી. જો બધું બરાબર ચાલ્યું હોત તો આવું જ થઈ શક્યું હોત, પણ બચુભાઈની બહેનને બબીભાભી સાથે ફાવ્યું નહીં. નણંદ-ભાભીના યુગો જૂના વેરઝેર અહીં પણ નડી ગયા. નણંદબા પંદર વર્ષથી અમેરિકાવાસી બનેલા હોવાથી પૂરેપૂરા પાશ્ચાત્ય રંગમાં રંગાઈ ચૂક્યા હતા. ભાઈની મુશ્કેલીઓ, ભાભીના ગામઠી સંસ્કાર અને જુનવાણી રીતભાત એને હજમ ન થઈ શક્યા. ન સ્થિતિ જોઈ, ન સમય અને કહી દીધું : 'ગેટ આઉટ ફ્રોમ ધીસ હાઉસ!'

બચુભાઈ અને બબીબેન ચાર ચોપડી જેટલું જ ભણ્યા હતા. બહેનના શ્રીમુખમાંથી સરી પડેલી ગાળો તો એમને ક્યાંથી સમજાય! પણ જે શૈલીમાં એ અંગ્રેજી વાખ્યો ફેંકાયા હતા, એ પ્રેમભર્યા કે નિર્દોષ તો નહોતા જ એટલું એમને સમજાઈ ગયું અને બારણા તરફ ચિંધાયેલી આંગળી! બહેનને સમજાવવાનો કે કરગરવાનો કોઈ મતલબ ન હતો. છેલ્લા થોડાક દિવસોથી એનું વર્તન બગડતું જતું હતું. બચુભાઈ અને બબીબેન પોતાના કપડાંની બેગો ઊંચકીને તે જ ક્ષણે ઘરમાંથી નીકળી ગયા.

હાડ ઠારી દેતી ઠંડી, ગરમ વસ્ત્રોનો અભાવ, અંગ્રેજી બોલવા-સમજવાની અસમર્થતા અને તાજા કરપીણ ઘા જેવો આઘાત. બંને જણા રસ્તાની ફૂટપાથ પર બેસી પડ્યા. જાણે અધરાતે - મધરાતે કાતિલ ઠંડીમાં થીજી જઈને મોતના શરણમાં પહોંચી જવાની માનસિક તૈયારી ન કરી ચૂક્યા હોય! એકાદ કલાક આમ જ પસાર થઈ ગયો. ત્યાં એક નાની કાર આવીને એમની સામેથી નીકળી ગઈ. પછી ધીમી પડી, ઊભી રહી અને રીવર્સમાં સરકીને એમની પાસે આવીને થંભી ગઈ. બારણું ઊઘડ્યું. એક યુવાન બહાર નીકળ્યો. આ બે થરથરતા વૃદ્ધોનાં ચહેરા-મહોરા અને કપડાં જોઈને એણે શુદ્ધ ગુજરાતીમાં સવાલ પૂછ્યો : 'ગુજરાતથી આવ્યા છો? કંઈ મુશ્કેલી? હું મદદ કરી શકું?'

સાવ સીધા-સાદા ત્રણ જ સવાલો! પણ જે સંજોગોમાં એ સાંભળવા મળ્યા, એનો જ પ્રતાપ હશે કે જવાબમાં બે આધેડોની ચાર આંખમાંથી મહી નદીનાં પાણી વહેવા લાગ્યા. બચુભાઈએ જવાબ આપતા પહેલા આસમાન તરફ જોઈ લીધું. 'વાહ રે મારા રણછોડરાય! ડાકોરના ઠાકોર! તેં ખાતરી કરાવી દીધી કે તું ખરેખર છે! નહિંતર મારી સગી બહેન અંગ્રેજીમાં ગાળો ભાંડતી હોય ત્યારે આ અજાણ્યો જુવાન મારી માતૃભાષામાં કાં વાત કરે...?' બબીબેને રડતા રડતા પૂરી આપવીતી વર્ણવી દીધી.

જુવાને કહ્યું, 'યુ ડોન્ટ વરી! માફ કરજો, હું ગુજરાતીમાં બોલું છું. તમે ચિંતા ન કરશો. અત્યારે આવા સમયે તો હું બીજું શું કરી શકું? પણ તમે બેસી જાવ મારી કારમાં. હું એક રૂમ રાખીને રહું છું. આજની રાત તમે મારી સાથે રહેજો. પછી શાંતિથી વિચારીએ કે શું થઈ શકે તેમ છે.' ગાડીમાં બેસીને બંને જણા રૂમ પર ગયા. યુવાન સૌરાષ્ટ્રના ગામડાંનો હતો. અહીં ભણવા માટે આવ્યો હતો. સાથે નોકરી પણ કરતો હતો. પરસેવો

*જો પોતાનાથી નજીક રહેવું હોય તો મૌન રહેવું; અને પોતાનાને નજીક લાવવા હોય તો મનમાં ન લેવું.*

પાડીને પૈસા કમાવા અને કરકસર કરીને ખર્ચ કાઢવો એ એના બે જીવનમંત્રો હતા. એમાં આ બે જણાનો બોજ આવી પડ્યો. ફ્રિજમાં ઠંડી પડી ગયેલી સેન્ડવીચ કાઢીને માઇક્રોવેવમાં ગરમ કરીને યુવાને મહેમાનોને ખવડાવી, પોતે પણ ખાધી. દૂધ પીવડાવ્યું. પછી જમીન ઉપર પથારી પાથરી દીધી. બબીબેન બોલી ગયા, 'બેટા, તારું નામ તો કહે!' 'ઋગ્વેદ! પણ અહીંના લોકો તો સાત પેઢી સુધી શીખે તો પણ આ નામ બોલી ન શકે. માટે મેં જ ટૂંકું કરી નાખ્યું. અહીં બધા મને 'રોકી' કહીને બોલાવે છે, પણ તમે મને ઋગ્વેદ જ કહેજો.' બચુભાઈ હસી પડ્યા. 'બેટા, મને તો કદાચેય ફાવશે, પણ આ તારી માસીને એવું અઘરું નામ નહીં ફાવે. એના માટે રોકી જ રહેવા દે!' પછી ગંભીર થઈને ઉમેર્યું, 'આજ રાત પૂરતી તો વાત છે. કાલે સવારે અહીંથી...' એવી ઉતાવળ કરવાની જરૂર નથી, અંકલ! હું આ ભાડાની રૂમમાં એકલો જ રહું છું. મારો અડધો દિવસ કોલેજમાં અને બાકીનો દિવસ 'જોબ'માં પસાર થઈ જાય છે. સવારે વહેલો નીકળી જાઉં છું. રાત્રે અગિયાર વાગે આવું છું. તમે જો અહીં હશો, તો મને બે વાતની નિરાંત રહે.' મહેમાનોને પહાડ જેવા પાડનો ભાર ન લાગે એ માટે રોકીએ હસીને કહી દીધું. 'સવારે જતી વખતે મારે બારણું લોક નહીં કરવું પડે અને માસી જો ચા બનાવી આપશે તો મારે ભૂખ્યા પેટે નહીં જવું પડે.'

'આ શું બોલ્યો રોકી બેટા? તારી આ માસી તારા માટે એકલી ચા જ નહીં, તાજો ગરમ નાસ્તો પણ બનાવી આપશે. અમારા ખેડા જિલ્લાની બાઈઓના હાથમાં ભગવાને આ એક તો જાદુ મૂક્યો છે.'

બીજા દિવસની સવારે બબીબેને ચાની સાથે સ્વાદિષ્ટ ખમણ બનાવી આપ્યા. પછી એક પ્રકારનો સ્વાદિષ્ટ સિલસિલો સ્થપાઈ ગયો. ઈડલી, ખીચું, મુઠિયા, બટાકાપૌંવા, ઢોકળા, ઉપમા...! રોકીની મુશ્કેલી દૂર થઈ ગઈ. એ ક્યારેક આભાર માનવા માટે હોઠ ઉપાડવા જતો, ત્યારે બબીબેન રડી પડતા. 'અમે શું કરીએ છીએ બેટા? ખરો ઉપકાર તો તું કરે છે. પારકા દેશમાં બે અજાણ્યા માણસોને આશરો આપીને! બેટા, મને એ તો કહે કે પૂર્વજન્મના કયા સંબંધે તું આ બધું કરી રહ્યો છે?'

આ જગતમાં બધા સવાલોના જવાબો નથી હોતા અને લાગણીની દુનિયામાં તો નથી જ હોતા. બધું સરસ રીતે ગોઠવાતું ગયું. એકાદ મહિના પછી રોકીને વિચાર સૂઝ્યો. 'અંકલ, એવું ન થઈ શકે કે માસીના હાથનો જાદુ આપણે બીજાની જીભ સુધી પણ પહોંચાડીએ? આ શહેરમાં મારા જેવા સેંકડો ભારતીય યુવાનો એવા છે કે જેઓ ભૂખ્યા પેટે જોબ કરવા જાય છે અને ઠંડી સેન્ડવિચ ખાઈને ઊંઘી જાય છે. આપણે વેપારી દૃષ્ટિએ એમને સગવડ પૂરી પાડી શકીએ?' થોડાક દિવસમાં એ પણ ગોઠવાઈ ગયું. રોકીએ પોતાની બચતમાંથી સરંજામ ખરીદ્યો. એક ભાડુતી વેન અને માણસ રાખી લીધો. બબીબેન રોજ પાંચ વાગે ઉઠીને નાસ્તો બનાવે અને બચુભાઈ ગ્રાહકોના ઘરે પહોંચાડી આવે. મહેનતનો પરસેવો મહેંકી ઉઠ્યો. ભારતના છોકરાઓ વતનમાં રહી ગયેલી મમ્મીઓને ભૂલી જવા માંડ્યા. ત્રીજા મહિને રોકીએ સાવ બાજુમાં એક બંધ પડેલી રેસ્ટોરન્ટ ભાડેથી લઈ લીધી. હિંદીમાં બોર્ડ મારી દીધું : ''ભારતીય ઉપહાર કેન્દ્ર — સભી ઇન્ડિયન્સ કે લીયે.'' દિવસભર નવરા ન પડાય એટલા ઘરાકોની કતાર જામવા લાગી. ડોલર્સનો વરસાદ વરસવા માંડ્યો. દસ જ મહિનામાં ત્રણેય જણા તરી ગયા. એક સાંજે બચુભાઈએ વાત કાઢી, 'રોકી બેટા, અમારા માટે હવે એક અલગ મકાન શોધી કાઢ. તારા માથે બહુ દિવસો પડી લીધું. ના બેટા, તારી કશી ભૂલચૂક નથી થઈ. પણ અમારો વિચાર એવો છે કે અમારી ત્રણેય દીકરીઓને અહીં બોલાવી લઈએ અને તારી સાથે કયો સંબંધ છે જેના કારણે અમે તારા માથે બોજ...?' 'બસ અંકલ, હવે વધુ ન બોલશો. મકાન તો આપણે મોટું લેવું જ પડશે. ત્રણેય દીકરીઓને પણ તમે તેડાવી લો. પણ આપણે રહીશું તો સાથે જ. એક બીજી વાત! તમે બંને વારંવાર પૂછ્યા કરો છો ને આપણી વચ્ચે કોઈ સગાઈ કે સંબંધ નથી! હું તમને પૂછું છું - તમારી મોટી દીકરીનો હાથ મારા હાથમાં સોંપશો? પછી મારે તમને અંકલ અને માસી કહેવાની જરૂર નહીં રહે. અરે, પણ તમે બંને જવાબ આપવાને બદલે રડી શા માટે પડ્યા? બોલો! કંઈક તો બોલો. બોલી ન શકો તો માથા હલાવીને હા તો પાડો...

આવા સુખની તો આ બંનેએ સપનામાયે કલ્પના નહોતી કરી. બચુભાઈએ અને બબીબેને માથા હલાવીને નહીં, પણ ઋગ્વેદના માથા ઉપર હાથ મૂકીને હા પાડી.

લોહીની સગાઈથી ચડિયાતી રહી અહીં માનવતાની મહેક!! ■

***With Best Compliments From....***

**V. R. GOPANI**

1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

*કર્તવ્ય નિભાવવાની તાકાત હોય તો જ, અધિકાર મેળવવાની આશા રાખો.*

# રક્તદાન – મહાદાન



ડૉ. મિહિર એમ. વોરા

કાર્લ લેન્ડસ્ટેઇન એ, બી, ઓ રક્તસમૂહ પ્રણાલી (A, B, O Blood Group System)ના શોધક છે અને આ માટે તેમને ૧૯૩૦ના વર્ષનું નોબેલ પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યું હતું. **કાર્લ લેન્ડસ્ટેઇનરનો જન્મ દિવસ ૧૪મી જૂન, ૧૮૬૮ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પહેલ કરી વિશ્વને રક્તદાનનું મહત્ત્વ સમજાવવા વર્ષ ૨૦૦૭થી એમના જન્મ દિવસ ૧૪ જૂનને 'વિશ્વ રક્તદાન દિવસ' તરીકે મનાવવાની શરૂઆત કરી.**

વિશ્વ રક્તદાન દિવસ દુનિયાભરના સ્વૈચ્છિક રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે ઉજવવામાં આવે છે તથા વિશ્વ રક્તદાન દિવસ ઉજવવાનો એક મહત્ત્વનો હેતુ રક્તાધાન માટે સુરક્ષિત રક્તની ઉપલબ્ધતા ચાલુ રાખવાનો પણ છે.

**એક અંદાજ મુજબ ભારતમાં દર વર્ષે આશરે ૫ કરોડ બોટલ લોહીની જરૂરિયાત ઊભી થાય છે, જે દિવસે દિવસે વધી રહી છે. પરંતુ તેની સામે માત્ર ૮૦ લાખ બોટલ લોહી રક્તદાતાઓ દ્વારા મળી રહે છે.** આ પરથી કહી શકાય કે આપણા ભારત દેશમાં લોહીની ખૂબ જ અછત છે અને રક્તદાનની જાગૃતતા ફેલાવવાની તાતી જરૂરિયાત છે. લોહીનો બીજો કોઈ જ વિકલ્પ ન હોવાથી આપણું લોહી એ બીજા કોઈ માટે જિંદગી બની જાય છે. આપણું રક્તદાન એ બીજા કોઈના જીવન માટે વરદાન બની જાય છે. દર વર્ષે દેશમાં અંદાજે ૧૦ લાખ જેટલા લોકો કેન્સર જેવી ગંભીર બીમારીના ભોગ બને છે. જેના કારણે પણ લોહીની માંગમાં સતત વધારો થયે જાય છે.

જે લોકો રક્તદાન કરવા માંગતા હોય તેમના લોહીનો સૌપ્રથમ ટેસ્ટ કરવામાં આવે છે કારણકે એ લોહી સુરક્ષિત છે કે નહીં તે ખૂબ જ અગત્યની બાબત છે. આ ટેસ્ટમાં HIV અને હિપેટાઈટીસ જેવી બીમારીના ટેસ્ટ સામેલ છે, જે લોહી દ્વારા ફેલાતી બીમારીઓ છે. રક્તદાતાને તેની તબિયત વિશે પણ પૂછવામાં આવે છે અને એ પણ પૂછવામાં આવે છે કે એ વ્યક્તિ કોઈ નશીલા પદાર્થનું સેવન કરે છે કે નહીં? જેનાથી અસુરક્ષિત લોહીથી બચી શકાય. એટલું જ નહીં, એ પણ ધ્યાન રાખવામાં આવે છે કે રક્તદાન પછી રક્તદાતાના શરીર પર કોઈ પણ પ્રકારનો પ્રભાવ ન પડે. એટલા માટે રક્તદાતાના શરીરની શારીરિક તપાસ પણ કરવામાં આવે છે. બ્લડપ્રેશર, હિમોગ્લોબીન, શરીરનું તાપમાન અને રક્તદાતાના પલ્સ રેટની પણ તપાસ કરવામાં આવે છે.

સામાન્ય રીતે લોકો બીજાની મદદ કરવાના હેતુથી રક્તદાન કરતા હોય છે અને તેમનું એક વખતમાં કરેલું રક્તદાન એ ૩ અન્ય લોકોનો જીવ બચાવી શકે છે. એક સર્વે અનુસાર મોટાભાગના લોકો, જેમણે રક્તદાન નથી કર્યું તેમનો રક્તદાન અંગે અભિપ્રાય એ છે કે એમને ક્યારેય રક્તદાન વિશે વિચાર્યું જ નથી. આનો મતલબ કે એ સમાજમાં હજુ પણ રક્તદાન અંગે જાગૃતિનો અભાવ છે. જો સમાજમાં રક્તદાન પ્રત્યે જાગૃતિ ફેલાવવામાં આવે અને લોકોને રક્તદાન અને તેની જરૂરિયાત તથા તેનાથી થતા ફાયદા વિશે સમજાવવામાં આવે તો એનાથી સમાજને ખૂબ જ મોટો ફાયદો થઈ શકે છે. આ બાબતે યુવાનોનું ધ્યાન કેન્દ્રિત કરવાની તાતી જરૂરિયાત છે કારણકે યુવાનો રક્તદાન માટે સક્ષમ હોય છે પણ જાગૃતતાના અભાવે યુવાનોને રક્તદાન માટે પ્રેરી શકાતા નથી. **હાલમાં જુદી જુદી બ્લડ બેંક દ્વારા કોલેજો અને મોટી શૈક્ષણિક સંસ્થાઓમાં રક્તદાન શિબિર યોજી, યુવાનોને રક્તદાન માટે પ્રેરીત કરવામાં આવે છે. જે ખૂબ જ આવકારદાયક પગલું છે.**

આજે દુનિયા ટેકનોલોજીની બાબતમાં ખૂબ જ આગળ નીકળી ગઈ છે. મેડિસીનની બાબતમાં પણ ઘણા બધા સંશોધનો થયા અને નવી નવી ટેકનોલોજીનો વિકાસ થયો છે. અદ્યતન સાધનોની મદદથી ઝડપી અને ખૂબ જ સારી રીતે સારવાર કરી શકાય છે. આ બધું હોવા છતાં પણ હજુ સુધી કૃત્રિમ રીતે લોહી બની શક્યું નથી. એના માટે ઘણા બધા પ્રયત્નો થયા છે પણ હજુ સુધી તેમાં સફળતા મળી નથી. તેના માટેના તમામ પ્રયત્નો વ્યર્થ સાબિત થયા છે. લોહી, એ ફક્ત અને ફક્ત કોઈ રક્તદાતા પાસેથી જ મેળવી શકાય છે અને આ કારણથી જ લોહીની ખૂબ

*સરકતી ઉંમરનો એક વસવસો હોય છે, તું કહીને બોલાવનાર ઘટતા જાય છે.*

જ અછત ઊભી થાય છે. દુનિયાની મહાસત્તા અમેરિકા પણ હાલમાં લોહીની અછતનો સામનો કરી રહી છે. ઓરલેન્ડો, ફ્લોરીડામાં એક વ્યક્તિ દ્વારા અંધાધૂંધ કરેલા ફાયરીંગમાં ૫૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા લોકોની સારવાર માટે હોસ્પિટલોને મોટી સંખ્યામાં લોહીની જરૂરિયાત ઊભી થઈ છે. તેને ધ્યાને લઇ સ્થાનિક પ્રશાસને લોકોને મોટી સંખ્યામાં રક્તદાન કરવાની અપીલ કરી છે.

રક્તદાન માટે મોટેભાગે શિબિરો યોજવામાં આવે છે અથવા બ્લડ બેંકમાં જઈને રક્તદાન કરાતું હોય છે. આ સંજોગોમાં રક્તદાન શિબિરમાં સલામત રક્તદાન અંગેની પૂરતી વ્યવસ્થા કરવી જરૂરી છે. કેમ કે, કેટલીક વકત રક્તદાતા બિનસલામત સોય કે તેવા કોઈ કારણથી ચેપી રોગનો ભોગ બની શકે છે. જો કે હવેના સમયમાં જાગૃતિનો ફેલાવો થતાં આવા કિસ્સા ખૂબ જ ઘટી ગયા છે. સમાજમાં કોઈ વિશિષ્ટ દિવસ, જન્મ દિવસ અથવા પ્રસંગની ઉજવણી પણ રક્તદાન શિબિર દ્વારા કરવાનું ચલણ વધ્યું છે. જે ખૂબ જ આવકાર્ય છે. આમ છતાં પણ સૌના સહિયારા પ્રયાસો હજુ ઓછા પડે છે. જેમાં વધારો થાય અને જરૂરી સમયે રક્ત ન મળવાથી કોઈનું પણ મૃત્યુ ન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તે જ આદર્શ સ્થિતિ કહી શકાય.

હવે આ વિશે વિચારવાનો સમય થઈ ગયો છે. રક્તદાન ભલે આપણે બીજાની મદદ માટે કરતા હોઈએ પણ એ ફક્ત અન્ય કોઈ બીજી વ્યક્તિને મદદરૂપ છે એવું નથી, પણ ક્યારેક એ આપણને પણ મદદરૂપ બની જાય છે. કારણકે, આપણે પોતે કે આપણા કોઈ સંબંધી અકસ્માતે કે બીમારીને કારણે દવાખાને દાખલ થાય તો જરૂર પડે કોઈકનું દાન કરેલું રક્ત જ કામમાં આવે. "રક્તદાન મહાદાન" – એ વાતને ધ્યાનમાં રાખજો અને અચૂક રક્તદાન કરજો તેવી મારી અપીલ છે.

*સંદર્ભ : ગુજ વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો, જીગ્યા બ્લોગ.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## 'ગાંધી - ગોડસે – એક યુદ્ધ'

**(અનુસંધાન : પાના નં. – ૩૫ ઉપરથી ચાલુ)**

કુળદીપક દીપકભાઈ મધુકાંતભાઈ અંતાણી.... અતિશયોક્તિ વગર કહી શકાય કે કદાચ દિગ્દર્શકની પણ આટલા ઉત્તમ અભિનયની ધારણા નહીં હોય! દીપકભાઈ ચહેરે મહોરે ભલે ગાંધીજી જેવા હોય, પણ એમની બોલવાની, હાવભાવની શારીરિક અદા અને પ્રસંગોચિત ચહેરાના આબેહુબ ભાવ દાદ માંગી લે તેવા છે. પહાડી અવાજવાળા અને તર્કબદ્ધ ગોડસેની સામે મક્કમ અને સ્વસ્થ અવાજથી વાત તો આપણા દીપકભાઈ જ કરી શકે... (જેમણે ગાંધીજીના અસલ ઓડિયો સાંભળ્યા હશે તે આ વાત વધુ સારી રીતે સમજી શકશે.) અલગ અલગ વિષયના, અલગ અલગ પાત્રો સાથે પણ દ્રશ્યને ઉચિત કંઠનો રણકો અને વિષય અનુસારની ભાવવાહિતા અદ્‌ભુત નિભાવી છે.

ગાંધીજીની હળવી શૈલી પ્રચલિત છે. દીપકભાઈએ તે આબેહૂબ ગાંધીજીની જેમ જ સહજ અભિવ્યક્ત કરી છે. સાથે સાથે તેમની પ્રસંગોચિત ખિન્નતા પણ પરાકાષ્ઠાએ દીપકભાઈએ ભજવી બતાવી છે. એમના આ ચલચિત્રના ઉત્તમ અભિનયની વિશેષ લાક્ષણિકતાઓ વિશે તો જેટલું લખીએ તેટલું ઓછું પડે.

વર્તમાન સમયમાં આવતી સાવ સામાન્ય અને મોટા જન સમૂહની પસંદગીની સરેરાશ ફિલ્મોની સામે ખૂબ ગંભીર અને પડકારરૂપ કથાવસ્તુ સાથે કામ કરવું કેટલું અઘરું છે, એ અનુભવ દીપકભાઈએ કર્યો જ હશે. પણ પડકાર સ્વરૂપે તે તેમણે સ્વીકારીને, અદ્‌ભુત રીતે અભિનીત કરી બતાવ્યો, એનું ગૌરવ આંકીએ એટલું ઓછું છે.

પ્રત્યેક વિચારશીલ, સુશીલ, સમજદાર અને રાષ્ટ્રપ્રેમીએ અચૂક આ ચલચિત્ર ગમે તે ભોગે, સમય કાઢીને સમયસર જોઈ જ લેવાય.

અગાઉ દૂરદર્શન અને પછી પોતાની સાહસિકતાથી તેમણે દિગ્દર્શન અને અભિનયમાં ખૂબ સફળતા તો હાંસલ કરેલી જ છે. **આપણા દીપકભાઈનો આ ઉત્તમ અભિનય એમના જીવનનો 'માઇલ સ્ટોન' છે અને ચોક્કસપણે તે તેમને શિખર સુધી પહોંચાડશે જ. તેમને શુભ કામના.**

***એફ/૪૦૨, ઇસ્કોન પ્લેટીનમ, બોપલ ચાર રસ્તા, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.***
***મો. ૯૪૨૭૯ ૬૦૯૭૯***

***અનેક પ્રયાસો કરવા છતાં આ પાંચ વસ્તુઓથી મોટી વસ્તુ શોધી શકાઈ નથી : સમજણથી મોટી સંપત્તિ, આપત્તિથી મોટી પાઠશાળા, માનવતાથી મોટો ધર્મ, સમયથી મોટો મલમ અને પ્રેમાળ તથા સમજુ મા-બાપથી મોટો ભગવાન.***

*એકઠા તો બધા થાય છે, પરંતુ એક કેટલા થઈ શકે છે?*

# કચ્છી લોહાણા શ્રેષ્ઠી, ઉદ્યોગપતિ અને શિક્ષણપ્રેમી કરમશીભાઈ જેઠાભાઈ સોમૈયા




ભરત'કુમાર' પ્રા. ઠાકર

*મે મહિનામાં જન્મ જયંતી - પુણ્યતિથિના બેવડા અવસરે પ્રાસંગિક*

*જન્મ : ૧૬મી મે, ૧૯૦૨ ● નિધન : ૯મી મે, ૧૯૯૯*

સમાજ, શિક્ષણ, આરોગ્ય વિષયક અનેક સંસ્થાઓના પ્રણેતા અને પ્રેરક એવા કરમશીભાઈ સોમૈયાનું જીવન એટલે સામાન્ય સ્થિતિમાંથી સખત પરિશ્રમ દ્વારા વ્યાપાર - ઉદ્યોગ ક્ષેત્રે ટોચનું સ્થાન મેળવનાર એક પ્રખર પુરુષાર્થી અને સમ્યક્ કર્મયોગીનું દૃષ્ટાંત છે. આ મહિને આવતી એમની ૧૨૧મી જન્મ જયંતી અને ૨૪મી પુણ્યતિથિના બેવડા અવસરે આ કચ્છી પ્રતિભાનું આછેરું જીવનકવન પ્રેરક બની રહેશે.



કરમશીભાઈ જેઠાભાઈ સોમૈયા

● **જન્મજાત વેપારી કુનેહ :**

મુંબઈ કચ્છી લોહાણા સમાજના મોભી, વિખ્યાત ઉદ્યોગપતિ, ઉચ્ચ કેળવણીના દૃષ્ટા, માનવતાવાદી અને દાનવીર એવા **કરમશીભાઈ જેઠાભાઈ સોમૈયા (૧૯૦૨-૧૯૯૯) મૂળ કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકાના 'તેરા'ના વતની અને કેટલીક પેઢીઓથી મુંબઈ - મહારાષ્ટ્રમાં વસવાટ કરતા, પણ કચ્છ સાથે ઘનિષ્ટ સંબંધ અને સંપર્ક ધરાવતા હતા.**

વડીલોના મહારાષ્ટ્રમાં વસવાટના કારણે કરમશીભાઈનો જન્મ માલુંજા (તા. શ્રીરામપુરા, જિ. અહમદનગર) ગામે ૧૬મી મે, ૧૯૦૨ના થયો હતો. મેટ્રીક સુધી શિક્ષણ પામેલા યુવાન કરમશીભાઈએ એ જ પ્રદેશમાં બેલાપુરમાં નાના ધંધાથી શરૂઆત કરી. ૧૯૨૭ની આસપાસ ત્યાંની ખાંડની પેઢી મેસર્સ શોભાચંદ્ર રામનારાયણ ખટોડ સાથે ભાગીદાર તરીકે જોડાયા. બારેક વર્ષ તેમાં રહી જન્મસહજ વ્યાપારી કુનેહથી તે પેઢીનાં નામ અને કામ દીપાવ્યા.

૧૯૩૯માં સાકરવાડી અને લક્ષ્મીવાડી (બંને તા. કોપરગાંવ, જિ. અહમદનગર)માં સાકરનાં કારખાના (ગોદાવરી સુગર મિલ્સ)ની સ્થાપના કરી. **ત્યાં ક્રમશઃ જમીનો લઇ શેરડી ઉત્પાદન માટે બાર હજાર એકરનાં 'ફાર્મ્સ' ઊભા કર્યા.** આગળ જતાં ભારતનાં છ રાજ્યોમાં આવા 'શેરડી ક્ષેત્રો' સ્થાપ્યા. ઊંચી રીકવરીવાળી અને સાકરના વધુ પ્રમાણવાળી શેરડીની નવી જાતોનો વિકાસ અને વિસ્તરણ કર્યું.

● **ખાંડ બજારના રાજા!**

લાંબાગાળે આ કારખાનાઓએ આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ મેળવી. **ભારતમાં ૧૮/૨૦ અને મહારાષ્ટ્રમાં ૨૫/૩૦ ટન શેરડીના એકરદીઠ સરાસરી ઉત્પાદન સામે 'ગોદાવરી'એ ૬૪ ટનની ક્ષમતા મેળવીને શેરડી ઉત્પાદન ક્ષેત્રે વિશ્વવિક્રમ સ્થાપ્યો હતો!** આ બધું એમની સૂઝ અને પરિશ્રમનું પરિણામ હતું. કરમશીભાઈ નામ પ્રમાણે સતત 'કર્મસિંહ' બન્યા.

પ્રામાણિક વ્યવહારનો સિદ્ધાંત, વ્યાપારી કુનેહ અને રુખના કારણે એમણે ભારતના ખાંડના વેપારમાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું અને 'સુગર કિંગ' તરીકે ઓળખાયા. કલકત્તા, કાનપુર જેવા દેશના બીજા ખાંડના બજારો પણ એમણે કાઢેલા ભાવોની પ્રતીક્ષા કરતા હતા! ધીમે ધીમે એમણે ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ, ઓર્ગેનિક કેમિકલ્સ, બલ્ક ડ્રગ્સ સોલ્ટ, મરીન કેમિકલ્સ ક્ષેત્રે પણ ઉદ્યોગો સ્થાપ્યા હતા.

આમ જોવા જઈએ તો કરમશીભાઈના જીવનમાં ત્રણ 'સાકર'ની મીઠાશ ભળી હતી. એમનાં ધર્મપત્નીનું નામ 'સાકરબહેન' હતું. જે ઉદ્યોગના તેઓ મહારથી ગણાયા તે વસ્તુ 'સાકર' (ખાંડ) હતી અને તેમનું પહેલું કારખાનું જ્યાં સ્થપાયું તે ગામ પણ 'સાકરવાડી' હતું! એટલે જો પતિ-પત્ની બંનેનાં નામ

*ચહેરાની ચમક અને મકાનની ઊંચાઈ પર ન જાવ, ઘરના વડીલો જો હસતા મળે તો સમજી લેવું કે આ ઘરે અમીરી છે.*

તેવા ગુણ પ્રમાણે ‘સાકર’ અને ‘કર્મ’ જાણે એકરસ થયા હતા!

- **સેવા - સમર્પણની સંસ્થાઓ :**

ગાંધીજીના વાલીપણાના સિદ્ધાંત અનુસાર પોતાની ધનસંપત્તિના માલીકને બદલે તેઓ એક ટ્રસ્ટી તરીકે વર્તતા. પ્રાપ્ત ધનનો સદુપયોગ થાય તે માટે ૧૯૫૫માં સોમૈયા ટ્રસ્ટની સ્થાપના દ્વારા તેઓ શિક્ષણ, આરોગ્ય અને સમાજસેવાના ક્ષેત્રમાં પ્રવેશ્યા.

૧૯૫૯માં ઘાટકોપર (પશ્ચિમ)માં ‘સોમૈયા વિદ્યાવિહાર’ નામે શૈક્ષણિક પ્રકલ્પનો જન્મ થયો. તેના બીજા જ વર્ષથી અહીં અમૃતલાલ ભગવાનજી યાજ્ઞિક (૧૯૧૩-૧૯૯૧)ના આચાર્યપદે સોમૈયા કોલેજ પણ શરૂ થઈ. સાંઇઠ એકરના વિશાળ સંકુલમાં બાળ મંદિરથી અનુસ્નાતક અને વિવિધ વિદ્યાશાખાઓની બત્રીસ સંસ્થાઓ આજે કાર્યરત છે. તેની પાસે જ ‘સંસ્કૃતિ વિહાર’ પરિસર પણ સાકાર થયું છે.



પદ્મભૂષણ

દર્દીઓનાં દુઃખો હળવા કરવા ચુનાભઠ્ઠી (સાયન)માં ‘સોમૈયા આયુર્વિહાર’ સ્થપાયું, જ્યાં સાતસો પથારીવાળી નિઃશુલ્ક હોસ્પિટલ, મેડિકલ કોલેજ, રિસર્ચ સેન્ટર, નર્સિંગ સ્કૂલ વગેરે ચાલે છે. માનવસેવાના કાર્ય માટે ‘ગિરિવનવાસી પ્રગતિ મંડળ’ (નરેશવાડી, દહાણુ, જિ. થાણા) સ્થપાયું. ‘સોમૈયા પબ્લિકેશન્સ’ દ્વારા ગુણવત્તાસભર પુસ્તકોનું પ્રકાશન થાય છે.

- **કચ્છ અને કરમશીભાઈ**

સોમૈયાજીનું કાર્યક્ષેત્ર ભલે મહારાષ્ટ્ર રહ્યું, પણ એમના સેવાક્ષેત્રને કોઈ સીમાડા નહોતા નડ્યા. ક્યાંય પણ કુદરતી આફત આવી પડી તો એમનો સહયોગ પહોંચ્યો જ સમજો. દાનનો પ્રવાહ અસ્ખલિતપણે વહેતો રાખ્યો. આદિવાસી સમાજ, ગૌશાળાઓ, અતિથિગૃહો, રૂગ્ણાલયો એમનાં દાનના પ્રીતિપાત્ર સ્થાનો રહ્યા હતા.

કચ્છમાં પણ દુકાળ વખતે ગો-સદનો, ઢોરવાડા, પાણી યોજનાઓ, પાતાળ કૂવાઓનું નિર્માણ, આરોગ્ય શિબિરો, યાત્રાધામો મધ્યે અતિથિગૃહો વગેરેમાં એમનું યોગદાન મળતું રહેલું. **ગુજરાત સરકાર પહેલાં એમની પ્રેરણાથી ૧૯૯૯માં મુંબઈ ખાતે ‘કચ્છી સાહિત્ય અકાદમી’ની પણ સ્થાપના થઈ હતી.** એમના શતાબ્દી વર્ષ (૨૦૦૧-૦૨) નિમિત્તે મુંબઈમાં સાયન અને કચ્છમાં આદિપુર ખાતે ઈજનેરી કોલેજોના મંડાણ થયા હતા.

- **એક ધબકતું આંદોલન :**

સંસ્કૃત ભાષાના તો તેઓ ચાહક અને પ્રસારક હતા. છેલ્લા દસ વર્ષ ૨૬મી જાન્યુઆરીના વૃદ્ધોને આદરથી સન્માનવા ‘વયશ્રેષ્ઠી કાર્યક્રમ’ યોજતા. તા. ૬-૧૦-૧૯૬૩થી તા. ૭-૮-૧૯૬૫ સુધી તેઓ કચ્છી લોહાણા મહાજન (મુંબઈ)ના પ્રમુખ હતા અને સમાજમાં ‘કરમશી અદા’ના આદરભર્યા નામે જાણીતા હતા.

આવા કર્મઠ કચ્છી કર્મયોગી કરમશીભાઈનું તા. ૯મી મે, ૧૯૯૯ના રોજ મુંબઈ ખાતે અવસાન થયું. ૨૦૦૦માં એમને મરણોપરાંત ‘પદ્મભૂષણ’ ખિતાબ અર્પણ કરાયો. એમના સુપુત્ર ડૉ. શાંતિલાલભાઈ સોમૈયા (૧૯૨૭-૨૦૧૦) ઉપરાંત પુત્રી શ્રીમતી લીલાબેન માધવજી કોટક પણ શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.

કરમશીબાપાનું જીવન વાસ્તવમાં એક ‘કર્મયાત્રા’ જ હતું. તેઓ એક વ્યક્તિ કે સંસ્થા નહીં, પણ ધબકતું આંદોલન બની ગયા હતા. એમનો જીવન મંત્ર ‘ન માનુષાત્ પરો ધર્મઃ’ આજે એમની સંસ્થાઓનો ધ્યેયમંત્ર કે મુદ્રાલેખ બની ગયો છે.

*‘શિવમ્’, ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯ ● મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## આત્મવિશ્વાસ

એક લકવાગ્રસ્ત માણસ વ્હીલચેરમાં બેસીને વિશ્વયાત્રાએ નીકળ્યો. તેના ઉમંગ, ઉત્સાહ અને આનંદ અજોડ હતા.

કોઈકે પૂછ્યું : ‘પક્ષઘાત હોવા છતાં તું નિરુત્સાહ નથી થતા. મુશ્કેલીઓનો હસતા ચહેરે સામનો કર્યે જાય છે, તારી આ અડગતાનું રહસ્ય શું છે?’

તેણે જવાબ આપ્યો : ‘પક્ષઘાત માત્ર મારા પગમાં થયો છે, મારા મસ્તિષ્કમાં નહીં.’

*તમારી પ્રતિષ્ઠાની બરાબર સંભાળ રાખો, કારણકે એ તમારા કરતાં લાંબું જીવવાની છે.*

## હિંદી ફિલ્મ જગતમાં કચ્છી માડુનું ભવ્ય પદાર્પણ 'ગાંધી-ગોડસે – એક યુદ્ધ'માં ગાંધીજીની મુખ્ય ભૂમિકામાં શ્રી દીપકભાઈ એમ. અંતાણી

દિનેશ એલ. માંકડ

આપણા કચ્છનું ગૌરવ એ છે કે કલા જગતમાં ઓછું કરીએ પણ જે કરીએ તે મોટા ગજાનું કરીએ. હિંદી ફિલ્મ જગતમાં સંગીતમાં કલ્યાણજીભાઈ અને આણંદજીભાઈનું અમર યોગદાન કોઈથી અજાણ્યું નથી. **વર્ષો પછી હવે મોટા બેનરની હિંદી ફિલ્મ 'ગાંધી-ગોડસે – એક યુદ્ધ'માં ગાંધીજીના પાત્રમાં મુખ્ય ભૂમિકા ભજવી, દીપકભાઈ અંતાણીએ દેશ વિદેશમાં કચ્છનો ડંકો વગાડી દીધો છે.**

આટલે પહોંચેલા દીપકભાઈની કલાયાત્રાની સિદ્ધિઓ પણ ભરપૂર છે. ભુજ કચ્છમાં જન્મેલા દીપકભાઈએ અમદાવાદ દૂરદર્શનમાં સેવા સ્વીકારી. કલા સાધનામાં અવિરત આગળ વધતાં એમણે દૂરદર્શન તેમજ સ્ટેજ નાટક અને શોર્ટ ફિલ્મ્સમાં કલાકાર ઉપરાંત દિગ્દર્શન અને સ્ક્રીપ્ટ લેખક તરીકે સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. પછી તો પોતાની કલાના પુરુષાર્થ દ્વારા દૂરદર્શન અને આકાશવાણીના B high grade કલાકાર પણ બની ચૂક્યા. દૂરદર્શનની અનેક સિરીયલ્સ, ફિલ્મો ઉપરાંત ૧૦૦થી વધુ કોર્પોરેટ્સ ફિલ્મોમાં તેમનું પ્રદાન છે. વિશેષ કરીને તેમનો પસંદગીનો વિષય રાષ્ટ્રપિતા ગાંધીજી રહ્યો છે.

દીપકભાઈએ પ્રાપ્ત કરેલા ઍવોર્ડસ અને સિદ્ધિઓની યાદી તો મોટી છે. **ભારતભરમાં રેકોર્ડસમાં જેનું સૌથી મોટું નામ છે તે 'Limka Book Award' તેમને તેમના ગાંધીજીની સૌથી વધારે ભૂમિકા ભજવવા ઉપરાંત અન્ય સિદ્ધિઓ માટે ૨૦૨૦માં એનાયત થયો છે.** અન્ય કેટલીક વિશેષ સિદ્ધિઓ પર નજર કરીને ગૌરવ લઈએ. India Book of Records માં ગાંધીજીના સૌથી વધારે વખત પાત્ર ભજવવા બદલ ઍવોર્ડ, ૨૦૧૯માં લોસ એન્જેલસમાં ઉજવાયેલ ગુજરાતી ફિલ્મ ફેસ્ટીવલમાં 'ગાંધીજીની હત્યા' શોર્ટ ફિલ્મ માટે લેખન, દિગ્દર્શન અને ભૂમિકા માટે ઍવોર્ડ, સેવન ડ્રીમ પ્રોડક્શન - યુ.એસ.એ.ના ફિલ્મ ફેસ્ટીવલમાં Gandhi My Mantor (હિંદી)માં ગાંધીજીની ભૂમિકા માટેનો ઉત્તમ કલાકારનો ઍવોર્ડ, રાષ્ટ્રપતિ ભવન સંગ્રહાલયમાં માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની ઉપસ્થિતિમાં Walk With Gandhiji માં Vertual Gandhiji ની સાથે. લોકભારતી સણોસરા દ્વારા યોજિત 'બાપુના ૧૫૦ વર્ષની પદયાત્રા'માં માનનીય કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં લાગલગાટ ૬ દિવસ અને ૧૧ સ્થળે, ગાંધીજીની પ્રત્યક્ષ ઉપસ્થિતિની ભૂમિકા, ૧૦૦૩થી પણ વધારે Show દ્વારા, ૮૦૦૦થી વધારે પ્રેક્ષકોએ નિહાળ્યા તે નાટક 'યુગ પુરુષ' અને 'મહાત્માનો મહાત્મા' (હિંદી અને ગુજરાતી)નું દિગ્દર્શન, સંવાદો અને ગાંધીજીના મુખ્ય પાત્રની ભૂમિકા પણ દીપકભાઈએ ભજવી છે. તેમના જ દ્વારા દિગ્દર્શિત, ૧૬ mm ની ગુજરાતી ફિલ્મ 'ભવ ભવના ભરથાર'ને પ્રતિષ્ઠિત Transmedia Award પ્રાપ્ત થયો છે. ગુજરાત સંગીત નાટ્ય અકાદમી દ્વારા 'લોખંડી પુરુષ સરદાર પટેલ' માટે ઉત્તમ દિગ્દર્શન, સ્ક્રીપ્ટ અને ગાંધીજીની ઉત્તમ ભૂમિકાના ઍવોર્ડ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા તો અનેક વિભાગમાં ઍવોર્ડસ પ્રાપ્ત કર્યા છે. અવિરત સિદ્ધિ પ્રાપ્ત કરતા દીપકભાઈની આછેરી ઝલક છે. 'ગાંધી-ગોડસે – એક યુદ્ધ'માં તેમની કલા સાધનાની શ્રેષ્ઠતમ ભૂમિકા છે. આપણે સહુ તેમની આ સિદ્ધિનું ગૌરવ પણ લઈએ. એમને આગામી સમયમાં વધુને વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરી કચ્છ અને ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવીએ...

---

## 'ગાંધી-ગોડસે – એક યુદ્ધ'માં ગાંધીની ભવ્ય ભૂમિકા : એક અવલોકન

રાજકુમાર સંતોષીનું ચલચિત્ર "ગાંધી ગોડસે – એક યુદ્ધ" જોયું. એક સફળ દિગ્દર્શક તરીકે તેમનું ઉત્તમ ચલચિત્ર ઘણા વખત પછી મળ્યું. ઉત્તમ કથાવસ્તુના ઉત્તમ સંવાદો, ઉત્તમ દિગ્દર્શન અને ઉત્તમ પાત્ર પસંદગી. એમના વિશે બીજા બધા ઘણું લખશે.

પણ એમની 'ગાંધી'ની પાત્રની પસંદગી તો કહેવું પડે. ગાંધીજીના પાત્રમાં આપણા પોતીકા કચ્છી માડુ, નાગર જ્ઞાતિના

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૨ ઉપર)**

---

*સલાહ નહીં, સાથ જ મહત્ત્વનો છે; બાકી, ખબર તો બધાને પડે છે કે શું કરવું અને શું ન કરવું.*


## રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા કર્મઠ શિક્ષક

# કિશોરસિંહ ખીમુભા જાડેજા



સંજય પી. ઠાકર

*વાલી, વિદ્યાર્થી અને વિદ્યાગુરુઓ સાથે સાયુજ્ય સાધી કિશોરસિંહજી જાડેજાએ માંડવી તાલુકામાં અને કચ્છ જિલ્લામાં પ્રતિષ્ઠિત શિક્ષક તરીકે નામના મેળવી હતી. એમણે શાળાના વિકાસમાં અને વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે કરેલાં કાર્યો પોંખાયા છે. કિશોરસિંહજીને ૧૯૮૫માં રાજ્ય કક્ષાનો અને ૧૯૯૫માં રાષ્ટ્રીય કક્ષાનો ઍવૉર્ડ મળ્યો હતો!*






કિશોરસિંહ ખીમુભા જાડેજાનો જન્મ માંડવી તાલુકાના નાના આસંબીયા ગામે તા. ૧૫મી જૂન, ૧૯૪૪ના રોજ થયો હતો. કિશોરસિંહજી ઉર્ફે કેશુભા ખીમુભા જાડેજા નાના આસંબીયાના કિશાન પરિવારના સંતાન. તેમણે પ્રાથમિક શિક્ષણ માંડવી તાલુકાના મઉ ગામે શ્રી કચ્છ મઉ હિંદુ આશ્રમમાં રહીને મેળવ્યું હતું. અહીં સાક્ષરી શિક્ષણ ઉપરાંત બાગકામ, ખેતી, ગૌપાલન, ધર્મ ઉપાસના, વ્યાયામ, કીચન ગાર્ડન અને જળસિંચન જેવી જીવન ઘડતરની પ્રવૃત્તિઓની કેળવણી પ્રાપ્ત કરી હતી. સમૂહ જીવન અને જાત મહેનતના ખ્યાલો અહીં જ વિકસિત થયા. માધ્યમિક શિક્ષણ ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં લઈને સરકારી અધ્યાપન મંદિર, ભુજમાં પી.ટી.સી. થયા. તેઓ ૧૯મી જુલાઈ ૧૯૬૨થી પ્રાથમિક શિક્ષક તરીકે મોટા આસંબીયા શાળાની શિક્ષણસેવામાં જોડાયા અને ૩૧ ઓગસ્ટ, ૧૯૯૮ સુધી – એમ એકધારી ૩૬ વર્ષની ઉત્સાહપૂર્વક અને કાર્યદક્ષતાથી પોતાની સેવા સમર્પિત કરી હતી. **નાના આસંબીયા, નાગલપુર, મોટા આસંબીયા અને વેકરા (રામપર)ની શાળામાં તેઓએ સેવા આપી છે.**

કર્મઠ અને ગતિશીલ શિક્ષક કિશોરસિંહજીએ સમાજ શિક્ષણ, નિરક્ષરતા નિવારણ, અસ્પૃશ્યતા નિવારણ, નશાબંધી, સદ્‌ગુરુ સેવા સંઘ, ભારતીય રેડક્રોસ સોસાયટી, વૃક્ષારોપણ વગેરે સામાજિક ઉત્કર્ષ પ્રવૃત્તિઓમાં મોખરે રહીને પ્રશસ્તિપત્રો મેળવેલ છે. એમની શાળા ગ્રીન સ્કૂલ તરીકેનો દરજ્જો મેળવવામાં સફળ રહી હતી. મળતાવડો સ્વભાવ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ અને કામ કરવાની આગવી આવડતે કિશોરસિંહજીને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળ બનાવ્યા. સમજદારી, સમાદર અને સૌને સાથે રાખવાની ભાવનાએ એમને લોકપ્રિય શિક્ષક બનાવ્યા. **કચ્છ જિલ્લાના સક્ષમ, સેવાભાવી અને સંન્નિષ્ઠ આચાર્ય તરીકે નામના મેળવી.** રાજપુત ક્ષત્રિય સમાજની આ પ્રતિભાએ સરસ્વતી માની સેવા અને સાધના કરી. આ બધી બાબતો અને ઊર્જાવાન વ્યક્તિત્વને પરિણામે જિલ્લા અને રાજ્ય સ્તરના અધિકારીઓએ એમને નવાજ્યા હતા. કુટુંબ કલ્યાણની કામગીરી માટે તત્કાલીન આરોગ્ય મંત્રીશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર સાથે સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. અક્ષર સુધારણા માટે 'સુલેખન ઍવૉર્ડ' તે સમયના શિક્ષણ મંત્રીશ્રીના હસ્તે પ્રાપ્ત થયો હતો. શિષ્ટ વાંચન પ્રવૃત્તિ ઉપરાંત બાળકો માટેની વિવિધ સ્પર્ધાઓ અને ઈતર પરીક્ષાઓમાં તેમની શાળા અગ્રેસર ભૂમિકા ભજવતી હતી. રાષ્ટ્રભાષા હિંદીના પ્રચાર - પ્રસાર માટે તેમણે શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા. આ ઉત્તમ કામગીરી માટે ગુજરાત વિદ્યાપીઠે તેમનું વિશેષ બહુમાન કર્યું હતું. બાળ આરોગ્ય, મધ્યાહ્ન ભોજન યોજના, મફત પાઠ્ય પુસ્તકો, શાળા ગણવેશ અને નબળા વર્ગો માટેની શિષ્યવૃત્તિ, વૃક્ષારોપણ અને શાળા નર્સરી, શારીરિક કુશળતા પરીક્ષણ, સાક્ષરતા અભિયાન, શાળા પ્રવાસ સહિતની પ્રોત્સાહક યોજનાઓ માટે નિસબતપૂર્વક કાર્યરત રહી લાભાર્થીઓ સુધી તેના લાભ પહોંચાડ્યા હતા. ગામનું કોઈ બાળક શિક્ષણથી વંચિત ન

*માણસને ઓળખવો હોય તો ખાલી એટલું કહી દો કે હું તકલીફમાં છું.*

રહી જાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા. તેથી નામાંકન અને સ્થાયીકરણમાં એમને સારી સફળતા મળી હતી. રાષ્ટ્રીય તહેવારો, સ્વાતંત્ર્ય દિન અને પ્રજાસત્તાક દિન પ્રસંગે લોકોની ભાગીદારીથી રંગારંગ કાર્યક્રમ યોજતા અને તે પૂર્વ વિદ્યાર્થીઓ માટે સંભારણા સમાન બની રહેલ છે. ગામના સંપન્ન વર્ગ પાસેથી દાન મેળવી શાળા અને વિદ્યાર્થીઓની સુવિધાઓ વિકસાવવા મથતા રહ્યા હતા. શિક્ષકોની સહકારી મંડળી અને સંગઠન ક્ષેત્રે પણ તેઓ સક્રિય હતા. મોટા આસંબીયાના મુખ્ય શિક્ષક તરીકે તેમણે કરેલી કામગીરી બધે જ પ્રશંસા પામી છે. ગ્રામ રક્ષક દળ (જી.આર.ડી.)ની તેમની સેવાઓ પણ ડી.એસ.પી.ના હસ્તે પોંખાઈ હતી. રોગ નિદાન શિબિરો અને દુષ્કાળ - અતિવૃષ્ટિ - ધરતીકંપ વખતના માનવસેવા અને પશુસેવાના સેવાકાર્યો પણ ઉલ્લેખનીય રહ્યા હતા. ગૌસેવા અને ગૌભક્તિ માટે તેઓ જાણીતા હતા અને તે માટે શાળાને જોડી જીવદયા પ્રવૃત્તિને બળ પૂરું પાડ્યું હતું. આકાશવાણી કેન્દ્ર - ભુજ પરથી કિશોરસિંહજીના અનેકાનેક કાર્યક્રમો પ્રસારિત થતાં અને તેમની શાળાના બાળકો પણ સંકલિત કાર્યક્રમો રજૂ કરવા ભુજ જતા હતા. નાગલપર (માંડવી) ખાતે અ.જા. સમુદાયના લોકો માટે સો ચોરસવારના પાકા મકાનો બન્યા, તેની બાંધકામ સમિતિમાં માનદ્ મંત્રી તરીકે તેમણે ઉમદા કામગીરી કરી હતી. નશાબંધી કાર્યક્રમ, સ્વચ્છતા અભિયાન અને શ્રમયજ્ઞ જેવા કાર્યોમાં જોડાઈને સમાજ ઉત્કર્ષના કાર્યો કર્યા હતા.

આ કર્મઠતા અને નેતૃત્વ શક્તિના લીધે તેમને ૧૯૮૫માં શ્રેષ્ઠ શિક્ષકનો રાજ્ય પારિતોષિક એનાયત કરાયો હતો. ગુજરાતના રાજ્યપાલ આર.કે. ત્રિવેદીના હસ્તે એમણે આ સન્માન મેળવ્યું હતું. કિશોરસિંહજીએ ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષણક્ષેત્રના અધિકારીઓમાં ચાહના મેળવી હતી. તેમણે કચ્છના ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે કરેલી કામગીરી પ્રેરક, પ્રસંશનીય અને પુરુષાર્થી રહી હતી. એમનો નિખાલસ, લાગણીશીલ અને પ્રામાણિક વ્યવહાર સૌને સ્પર્શી જતો હતો. તેઓ વેકરા (રામપર) ગ્રુપ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હતા ત્યારે **૧૯૯૫ના વર્ષ માટે તેમને શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય પારિતોષિકથી નવાજવામાં આવ્યા હતા. નવી દિલ્હી ખાતે ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના દિને તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. શંકરદયાળ શર્માના હસ્તે તેઓને આ સન્માન પ્રાપ્ત થયું હતું.** તેઓ સમયે - સમયે પ્રાસંગિક માહિતીલેખો પણ અખબારો તથા સામયિકોમાં લખતા હતા.




આ સંનિષ્ઠ શિક્ષકનું ૧લી જાન્યુઆરી, ૨૦૨૦ના ૭૬ વર્ષની વયે નિધન થયું હતું. વી.આર.ટી.આઈ. - માંડવીના સહયોગથી કિશોરસિંહજી ખીમુભા જાડેજા સંપાદિત અને એમના સુપુત્ર શૈલેન્દ્રસિંહજી પ્રકાશિત પુસ્તક ''મહેક''નું વિમોચન તાજેતરમાં ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ માંડવી ખાતે કરાયું હતું. ત્યારે જાણે કિશોરસિંહજીને મરણોપરાંત સન્માન અર્પણ થયું હોય એવી લાગણી વ્યક્ત થઈ હતી.

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. • મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## લઘુ કથા : વેરવિખેર!

દુકાનદારને કરિયાણાનું લીસ્ટ હાથમાં આપીને દમયંતીબેન પોતાના વારાની રાહ જોવા લાગ્યા. લીસ્ટમાં લખેલી વસ્તુઓનું વજન વાંચીને દુકાનદાર અચંબામાં પડી ગયો. તેણે આશ્ચર્યપૂર્વક પૂછ્યું, 'માજી, ગઈકાલ સુધી જે સામાન તમે કિલોગ્રામમાં લેતા હતા તે આજે ગ્રામમાં કેમ? ચોખા ૫૦૦ ગ્રામ, મગની દાળ ૨૫૦ ગ્રામ...'

મનની વેદના દમયંતીબેનના જીભ પર આવી ગઈ. 'શું થાય ગીરધારીલાલજી, જ્યારે પરિવાર વિખરાઈ જાય છે ત્યારે આવું જ થાય છે! સંયુક્ત કુટુંબમાં રહેવું એ તો હવે સપના બરાબર થતું જાય છે!'

ખરીદેલી વસ્તુઓ થેલીમાં નાંખતી વખતે એક પડીકું દમયંતીબેનના હાથમાંથી છૂટ્યું અને જમીન પર દાળ વિખરાઈ ગઈ. દમયંતીબેન ઝડપથી બધું ભેગું કરવામાં લાગી ગયા. જ્યારે બીજા ગ્રાહકો તેમની મદદ કરવા લાગ્યા ત્યારે તે પ્રશ્નસૂચક દૃષ્ટિએ જોઈ રહ્યા, 'શું તમારામાંથી કોઈ મારા વિખરાયેલા પરિવારને એકજુથ કરી શકે?'

*– નજમા ગોલીબાર*

*રંગોથી સાવધાન રહો કે ના રહો, રંગ બદલનાર લોકોથી સાવધાન રહેજો.*

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૫

## (Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-5)




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખો (ભાગ ૧ થી ૪)માં આપણે માનસિક બીમારીઓ વિશે વૈજ્ઞાનિક સત્યની જાણકારી મેળવી, જે નીચે પ્રમાણે છે.

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

૧. માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતો નથી. લક્ષણો એના કાબૂમાં નથી.

૨. માનસિક બીમારીઓમાં બ્રેઈન - મગજમાં આવેલા અવયવોમાં શારીરિક ફેરફારો (કદ, રચના, કેમિકલ્સ - ન્યુરોટ્રાન્સમિટર્સમાં) થાય છે.

૩. વધારે વિચારો આવવા, નકારાત્મક વિચારો આવવા, નિરર્થક શંકાઓ આવવી વગેરે માનસિક બીમારીના લક્ષણો છે. આ વિચારો પર વ્યક્તિનો કાબૂ નથી હોતો. સ્વયં પોતાની રીતે વ્યક્તિ વિચારોને બદલી શકતો નથી.

૪. વ્યક્તિ થોડા સમયથી અયોગ્ય વર્તણૂંક કરતી હોય, પોતાની વાણી પર કાબૂ ન હોય તો વ્યક્તિ માનસિક બીમારીથી પીડાય છે. ભૂત, ડાકલિયા કે બહારની કોઈ અસર નથી. યોગ્ય નિદાન તથા મનોચિકિત્સાની જરૂરત છે.

૫. માનસિક બીમારી તથા લક્ષણોમાં વધઘટ થવી એ સામાન્ય છે. સહાનુભૂતિપૂર્વક દર્દીને સમજીને યોગ્ય મનોચિકિત્સા માટે દર્દીને પ્રોત્સાહિત કરવા જોઈએ.

આ લેખમાં અન્ય ગેરસમજ તથા મનોવૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.

### ગેરસમજ-૬

*“માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ માત્ર ઊંઘની દવાઓ છે. આથી દર્દીનું મગજ નબળું પડી જાય છે.”*

- **મનોવૈજ્ઞાનિક સત્ય :**

છેલ્લા પાંચ દાયકાઓમાં થયેલા આધુનિક સંશોધનોથી પુરવાર કર્યું છે કે માનસિક બીમારીઓમાં મગજ (Brain)માં આવેલ મન (Mind)ના અવયવો (લિમ્બિક સિસ્ટમ, પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ, હિપોકેમ્પસ, એમિગડેલા, થેલામસ, હાઈપોથેલામસ વગેરેમાં) બંધારણીય (કદ, રચના) તથા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સ)ના ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમિટર્સમાં કેમિકલની માત્રામાં ફેરફારો થાય છે. જેના લીધે બીમારીના લક્ષણો જોવા મળે છે. ડાયાબિટીસની બીમારીમાં ઈન્સ્યુલીનની માત્રામાં ફેરફારો થાય છે તે પ્રમાણે.

### કેસ સ્ટડી

૪૫ વર્ષની નેહા (નામ બદલ્યું છે)ને છેલ્લા બારેક મહિનાથી રાત્રે ઊંઘ વ્યવસ્થિત આવતી ન હતી. રાત્રે મોડેથી ઊંઘ આવતી હતી તથા પરોઢિયે વહેલી સવારે ઊંઘ ઉડી જતી હતી. ત્યારબાદ ઊંઘ આવતી ન હતી.

અન્ય લક્ષણોમાં માથાનો સખત દુઃખાવો થતો હતો. ચક્કર આવતા હતા. શરીરમાં નબળાઈ રહેતી હતી. ઉદાસીનતા, હતાશા રહેતા હતા. બધી બાબતોમાંથી રસ ઉડી ગયો હતો. કામ કરવાની ઈચ્છા ન થતી. પરાણે રોજિંદુ કામ કરતી હતી. નકારાત્મક વિચારો આવતા હતા. નોકરીએ પણ અનિયમિત જતી હતી.

ડિપ્રેશનની - હતાશાની બીમારીનું નિદાન થયું. સારવાર શરૂ કરી. હતાશા પ્રતિરોધક દવાઓ શરૂ કરી. બે અઠવાડિયામાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો. લક્ષણો કાબૂમાં આવ્યા. ઊંઘ સમયસર આવવા લાગી તથા સવારે સમયસર ઊંઘ ઉડી જતી હતી. ઘરમાં કામમાં મન લાગવા માંડ્યું. છ અઠવાડિયામાં તો નેહા પૂર્વવત નોર્મલ થઈ. પૂર્વવત પ્રમાણે જવાબદારી લઈ કામ કરવા માંડી. ઊંઘ નોર્મલ થઈ, વધારે નહીં.

**પ્રસંગ-૧ :**

નેહાની તબિયત સુધરતા ફેમિલીએ પિકનીક જવાનું નક્કી કર્યું. પિકનીક જવાના દિવસે નેહા વહેલી સવારે ૪ વાગે ઉઠી તૈયાર થઈ તથા પિકનીક માટેની અન્ય તૈયારીઓ કરી. સવારના ૫.૩૦ વાગે તો ફેમિલી પિકનીક માટે નીકળી ગયા. આખો દિવસ પિકનીકમાં મજા કરી. દિવસમાં બિલકુલ ઊંઘ ન આવી.

જો આ દવાઓ ઊંઘની હોય તો નેહા વહેલી સવારે ઉઠી

કેમ શકે? દિવસના કેમ ઊંઘ ના આવી?

**પ્રસંગ-૨ :**

નેહાના ભાઈને ત્યાં એના દીકરાના લગ્નનો પ્રસંગ હતો. એ દરમિયાન લગ્નના બધા કાર્યક્રમોમાં નેહાએ હોંશે હોંશે ભાગ લીધો. એક પણ દિવસ દિવસે સૂઈ ગઈ ન હતી તથા રાત્રે વ્યવસ્થિત ઊંઘ કરી સમયસર ઉઠી, સમયસર ભાઈના ઘરે પહોંચી જતી હતી. આ દવાઓથી ઊંઘ નોર્મલ થઈ હતી, વધારે નહીં.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થ - અમેરિકા (National Institute of Mental Health - USA) તથા અન્ય વૈજ્ઞાનિકોએ પુરવાર કર્યું છે કે માનસિક બીમારીઓમાં મગજના જ્ઞાનતંતુ - ન્યુરોનમાં બંધારણીય (કદ, રચના) તથા રાસાયણિક (ન્યુરોટ્રાન્સમિટર્સના) ફેરફારો થાય છે. આને લીધે મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. જે બીમારીના લક્ષણો સ્વરૂપે બહાર દેખાય છે.

માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ આ ન્યુરોટ્રાન્સમિટર્સ પર અસર કરે છે તથા એમની માત્રા ન્યુરોનમાં નોર્મલ કરે છે. જેથી મનના કાર્યો (વિચારો, લાગણી, એકાગ્રતા, વર્તણુંક, ગ્રહણ શક્તિ, યાદ શક્તિ વગેરે) નોર્મલ થાય છે.

જેવી રીતે ડાયાબિટીસની બીમારીમાં ઇન્સ્યુલીનનું પ્રમાણ ઓછું થાય છે તથા સારવારમાં બહારથી ઈન્સ્યુલીન અપાય છે, થાઈરોઈડની બીમારીની સારવારમાં પણ આ જ નિયમ અપનાવાય છે. તેવી જ રીતે માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ કરે છે. જેથી માનસિક બીમારીઓ પર કાબૂ મેળવાય છે તથા લક્ષણો દૂર થાય છે. ઊંઘ નોર્મલ થાય છે, વધારે નહીં. વ્યક્તિને જ્યારે પણ જાગવું હોય, કોઈપણ કામ કરવું હોય તો પોતાની ક્ષમતા પ્રમાણે કરી શકે છે.

- **સારાંશ :**

માનસિક બીમારીઓની સારવારમાં અપાતી દવાઓ ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા મગજના જ્ઞાનતંતુઓમાં નોર્મલ કરે છે. જેથી માનસિક બીમારી કાબૂમાં આવે છે. લક્ષણો પર કાબૂ મેળવાય છે.

માનસિક બીમારીઓનું એક લક્ષણ છે ઊંઘ. દવાઓ આપવાથી ઊંઘ નોર્મલ થાય છે. ઊંઘ ઓછી થઈ હોય તે નોર્મલ થાય છે. વ્યક્તિ ૬-૭ કલાક ઊંઘ કરે છે, જે નોર્મલ છે. વધારે ઊંઘ આવતી નથી. ■

## મહત્ત્વનો સંદેશ

**(અનુસંધાન : પાના નં. – ૪૦ ઉપરથી ચાલુ)**

ઉપાડો. ભારે સામાન ન ખસેડો. જમીન પર ન બેસો. ભારતીય શૈલીના સંડાસ બાથરૂમ ન વાપરો. કબજિયાત ન થાય એ માટે ફળો, શાક, સલાડ, જાડો લોટ, છોતરાવાળી દાળો વાપરો. ઇસબગુલ લઇ શકો. કુદરતી હાજતમાં જોર કરવું નહીં. એનાથી હૃદય પર દબાણ વધે છે.

નહાતી વખતે પણ ખુરશીમાં બેસીને શાવર વાપરો. બાથટબમાં પણ રેલીંગ નખાવો. એકલા બાથરૂમ ન જાવ. કોઈની મદદ લો. સ્નાયુની કસરતો શીખો. શીખવા માટે એક વખત ડૉક્ટરને મળો અને કસરતનો વીડિયો મોબાઈલમાં ઉતારી લો. જેથી રોજ કસરત ઘરે જ કરી શકો.

★

***૫૦ વર્ષની વય પછી એક અનુભવ કરી શકે છે ઘણા પ્રકારની બીમારીઓ. પરંતુ જેની મને સૌથી વધુ ચિંતા છે, તે છે અલ્ઝાઈમર.***

***મિત્ર ડૉક્ટરે જીભનો ઉપયોગ કરીને કસરત શીખવી છે. અલ્ઝાઈમરની શરૂઆત ઘટાડવા માટે જીભની કસરત અસરકારક છે.***

| | |
|---|---|
| ૧. શરીરનું વજન | ૬. કાન ગૂંથવું |
| ૨. હાયપર ટેન્શન | ૭. ગળામાં ચેપ |
| ૩. મગજમાં બ્લડ ક્લોટ | ૮. ખભાના ચેપ |
| ૪. અસ્થમા | ૯. અનિદ્રા |
| ૫. દૂરદષ્ટિ | |

શીખવામાં ખૂબ જ સરળ છે.

દરરોજ સવારે, જ્યારે તમે તમારો ચહેરો ધોવા માટે, અરીસાની સામે નીચે પ્રમાણે કસરત કરો.

તમારી જીભ લંબાવી, તેને જમણી તરફ અને પછી ડાબી તરફ – એમ ૧૦ વખત ફેરવો / ખસેડો.

જીભની કસરત અલ્ઝાઇમરને નિયંત્રિત કરવામાં અને અટકાવવામાં મદદ કરે છે.

તબીબી સંશોધનોમાંથી જાણવા મળ્યું છે કે જીભનું મગજ સાથે જોડાણ છે. જ્યારે આપણું શરીર જૂનું અને નબળું થઈ જાય છે, ત્યારે પ્રથમ સંકેત એ છે કે આપણી જીભ કડક થઇ જાય છે અને ઘણીવાર આપણે આપણી જાતને ડંખ મારતા હોઈએ છીએ.

તમારી જીભની વારંવાર કસરત કરો. મગજને ઉત્તેજીત કરશે. આપણા વિચારોને સંકોચવાથી ઘટાડવામાં મદદ કરે છે અને આ રીતે તંદુરસ્ત શરીર પ્રાપ્ત કરે છે. ■

## મહત્ત્વનો સંદેશ

ડૉ. શ્વેતલ દિલીપકુમાર ભાવસાર
સિનિયર ઓર્થોપેડિક સર્જન

ભગવાન આ દુનિયામાં કોઈને પણ બીમાર ના કરે, કોઈને પણ ફ્રેક્ચર ના કરે.

### ફ્રેક્ચરથી કેવી રીતે બચવું?

મોટાભાગના ઘરડા લોકોને ઘરમાં લપસી કે પડી જવાથી થાપાના બૉલ, મણકા અને કાંડાના ફ્રેક્ચર થાય છે. જોર વધારે આવે તો હાથ કે પગમાં આવેલ મોટા હાડકા પણ ઘરમાં લપસી કે પડી જવાથી તૂટી જાય છે.

એક વખત ખાટલો આવે એટલે બીજી પચાસ બીમારીઓ ઘર કરી જાય છે. ભાઠા પડે, પેશાબમાં પરૂ થાય, કિડની બગડે, પાચનક્રિયા બગડે, કબજિયાત થાય, દર્દી એકવાર પથારીવશ થાય એટલે કોલેસ્ટેરોલ, ડાયાબિટીસ, લકવો અને હૃદયરોગ પણ થાય. શરીર ખોખલું થઈ જાય.

માત્ર ભારતમાં જ નહીં આખા વિશ્વમાં પણ ૫૧% સિનિયર સિટીઝનના મૃત્યુ થાપાના ફ્રેક્ટર થયાના એક વર્ષમાં થાય છે.

જો આપની ઉંમર ૫૦ વર્ષ કરતા વધારે હોય અને ઉંમર ભલે નાની હોય પણ જો આપને ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કિડની કે હૃદયની બીમારી હોય તો નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા...

### *થાપાના ફ્રેક્ચરથી કેવી રીતે બચવું?*

૧. હાડકાને મજબૂત રાખવા યોગ્ય પ્રમાણમાં દ્રાવ્ય થાય તેવું કેલ્શિયમ ફોસ્ફરસ વિટામિન 'ડી' કે 'સી' લેવું.

૨. કુદરતી વિટામિન ડી માટે અઠવાડિયામાં ઓછામાં ઓછું ૪ દિવસ સવારના કૂણા તડકામાં શરીર તપાવવું.

૩. હળવી કસરતો કરવી. વજન ઉપાડવાવાળી ભારેખમ કસરતો મોટી ઉંમરે કરવી જોખમી છે. ચાલવા જાવ, તરવા જાવ, સાઈકલ ચલાવો. આમાંનું કશું ના કરો તો અડધો કલાક હીંચકા પર બેસવાથી પણ પગની કસરત થાય.

૪. હીપ ફ્રેક્ચર પ્રોટેક્શન પેડ વિદેશોમાં આસાનીથી મળી જાય. આપણે ત્યાં હજી બધે મળતા નથી.

૫. ડાયાબિટીસ, બી.પી., કિડની, થાઈરોઈડ અને અન્ય રોગોની દવા નિયમિત લેવી. કેટલીક દવાઓ જેમ કે ફિનીટોઈન, હાડકાને પોલા કરી નાખે છે. આવી દવા લેતા હોવ તો એના વિશે જાણી લેવું.

૬. એકદમ ઝટકા સાથે પથારીમાંથી, સોફામાંથી કે ખુરશીમાંથી ઊભા ના થઈ જવું. એકદમ માથું ના હલાવવું. એકદમ વાંકા ના વળવું. ઉઠીને પહેલા ત્યાં જ સૂતા સૂતા કે બેઠા બેઠા હાથ-પગને ૪-૫ મિનિટ સુધી વાળવા અને ખોલવા. સીધા જ બેઠા થઇ જવાને બદલે એક પડખું ફરીને થોડી હલન ચલન કરવી અને પછી સપોર્ટ લઈને બેઠા થવું. બેસીને તરત એક ગ્લાસ પાણી પીવું અને જો એક ગ્લાસ શક્ય ન હોય તો એક-બે ઘુંટડા પાણી અવશ્ય પીવું. આમ કરવાથી શરીરમાં લોહી ફરતું થશે અને ઊભા થવાથી પોશ્ચુરલ હાઈપોટેન્શન થવાની શક્યતા ઘટશે. એકદમ ઊભા થવાથી બ્લડપ્રેશર તરત જ ઘટી જાય છે અને મગજને પૂરતું લોહી મળતું નથી અને ચક્કર કે આંખે અંધારા આવી જવાથી પડી જવાય છે. બ્લડપ્રેશર ઘટી ના જાય એ માટે જરૂર પૂરતું પાણી - પ્રવાહી પીવો.

૭. શરમ વગર લાકડી કે વૉકર રાખો. લાકડી હશે તો પડવાની સંભાવના ઘટશે. હાડકું ભાંગીને કે બ્રેઇન હેમરેજ કરીને ડૉક્ટરની બી.એમ.ડબલ્યુ. કે મર્સિડીઝના એક-બે હપ્તા ભરવા કરતાં ૧૦૦-૨૦૦ રૂપિયાની એક મજબૂત લાકડી વાપરવી સારી.

૮. દરરોજ પૂરતી ઊંઘ લો. ઉજાગરા અને જાગરણો ના કરો. દરરોજ પૂરતું પૌષ્ટિક ભોજન પણ લો. લીલા શાકભાજી, કઠોળ, દાળ, સુપ, સલાડ, સ્પ્રાઉટ્સ ખાવ. અધૂરી ઊંઘ અને કામ વગરના નકોરડા ઉપવાસ વખતે સુગર અને બ્લડપ્રેશર વધઘટ થઈને પડી જવાની શક્યતાઓ વધી જાય છે.

૯. ઘરમાં, બાથરૂમમાં રેલીંગ નખાવો. જેથી એને પકડીને ચાલી શકાય. રાત્રે નાની લાઈટ બધા જ રૂમોમાં ચાલુ રાખો. જેથી અંધારામાં ઉઠીને ક્યાંય પડી ન જવાય. વજન ન ઉપાડો. લીફ્ટ હોય તો એકલા સીડી ચઢવાનું કે ઉતરવાનું જોખમ ન લો. પાછળની તરફ ઊંધા ના ચાલો. ભારે વજન ન

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૯ ઉપર)**

# આવો, અહમને ઓગાળીએ



એમ. ડી. સોલંકી

સિવિલ હોસ્પિટલના આઈ.સી.યુ. રૂમની બહારના બાંકડા પર બેઠેલા તાપસી, અત્યારે તમારી નજર સાવ પડખે પડખે સૂતેલા કાકા-કાકી તરફ મંડાય છે. તો ઘડીભર પછી એ જ નજર આઈ.સી.યુ. રૂમની કાચની દીવાલોને વીંધીને ત્યાં પલંગ પર સૂતેલા તમારા સાસુ શારદાબેન તરફ પહોંચી જાય છે.

તાપસી, તમારા સાસુને રાત્રિના બાર વાગે હોસ્પિટલના આઈ.સી.યુ. રૂમમાં દાખલ કર્યા પછી જરૂરી દવા - ઈંજેક્શન, અન્ય મેડિકલ વસ્તુઓ અને નર્સ-ડોક્ટરની સૂચનાઓ તમે ઉચાટ મને સાંભળતા અને એનો અમલ કરતા હતા. એકાદ કલાક પછી બધી વ્યવસ્થા ગોઠવાઈ જતા તમે અને સાથે આવેલા કાકા-કાકીએ રાહતનો શ્વાસ લીધેલો. અલગ અલગ બાંકડા પર બેઠેલા એ બંનેને તમે કહ્યું હતું, 'હવે તમે બંને આરામ કરો, હું જાગુ છું. જરૂર પડશે તો હું તમને જગાડીશ.'

આઈ.સી.યુ.માં દાખલ થનાર દર્દીઓની સારવાર અને દેખરેખ માટે સેન્ટરની મધ્યમાં જ ડોક્ટર-નર્સના ખુરશી - ટેબલ અને જરૂરી મેડિકલ સાધનો - દવા બોક્સમાં ગોઠવેલા હતા. નિયત સમયે ડોક્ટર - નર્સ દર્દીઓની પરિસ્થિતિનો તાગ મેળવી જતા હતા.

પોષ મહિનાની રાત્રિના ત્રણ વાગ્યા છે. તમારી સાવ નજીકના બાંકડા પર સૂતેલા કાકા-કાકીને સુખરૂપ ઊંઘતા જોઈને તાપસી, તમારા ચોવીસી ચહેરા ઉપર સંતોષની આછી આછી લકીરો લીંપાઈ ગઈ અને પછી તો તમે બેઠા બેઠા જ ભૂતકાળના એ દિવસોમાં જઈ પહોંચ્યા.

સ્પંદન સાથે પરણીને આવ્યાના દસેક દિવસ પછી તાપસી, તમે અનુભવ્યું હતું કે તમારી સાવ પડખે રહેતા પડોશી કાકા-કાકી સાવ એકલપંડે છે. એમને ન તો કોઈની સાથે બોલચાલ છે, ન તો કોઈના ઘેર આવન-જાવન! તાપસી, તમારા મનમાં પડોશી કાકા-કાકી વિશે થોડી માહિતી મેળવવાની ઇચ્છા થઈ આવતી, પણ તમે પૂછો કોને? તમારા સાસુ શારદાબેને જ તમને વાતવાતમાં કહી દીધેલું : 'તાપસી બેટા, આપણા પડોશમાં રહેતા કાકા-કાકી સાથે આપણે કોઈ જ જાતનો વહેવાર નથી. એટલે એમની કોઈ પળોજણમાં તારે ક્યારેય પડવાનું જ નહીં. એમની સાથે વાતચીત કરવાનોય સંબંધ રાખવાનો નહીં!' તાપસી, તમારે તમારા સાસુ શારદાબેનને પૂછવું જ હતું – 'મમ્મી, એ બંને તો આપણા નજીકના પડોશી છે. અને આપણા વડીલો કહી ગયા છે કે 'પહેલો સગો પડોશી!' તો પછી તમે આવું કેમ કહો છો?' પરંતુ તમને મળેલા સંસ્કારો અને સાસુ શારદાબેનની આમન્યા જાળવીને તમે એવું કશુંય પૂછી જ નહીં શકેલા, બરાબરને?

તમારા મનમાં ઉદ્ભવેલા એ પ્રશ્નોના ઉત્તર મેળવવા તાપસી, તમે તમારા પતિ સ્પંદનને પૂછેલું, 'આપણા પડોશી કાકા-કાકી સાથે આપણે કોઈ અણબનાવ છે? મમ્મી તો એમની સાથે વાતચીત કરવાનો વ્યવહાર રાખવાની જ ના પાડે છે.' તમારા દ્વારા પૂછાયેલા સવાલનો ઉત્તર આપવામાં સ્પંદને પણ ખાસ ઉત્સાહ નહીં બતાવેલો! ઉલટાનું તમે પૂછેલી વાતનું નામાચરણ વાળતા એણે કહેલું, 'તાપસી, મને તો આ બાબતની કોઈ જ જાણકારી નથી. બસ, મમ્મીએ ના પાડ્યું છે એટલે એ બાબતે ઝાઝો વિચાર કર્યા વિના એનો અમલ જ કરવાનો. અને આજના આ ઝડપી જમાનામાં આપણે સૌએ સમય સાથે તાલ મિલાવીને જ જીવવાનું છે. ત્યાં વળી આવા પડોશીઓની પંચાતમાં કોણ પડે? તું મમ્મીની કહેલી વાતને સ્વીકારી લેજે. એ એમના ઘેર અને આપણે આપણા ઘેર! ન કોઈ વાતચીત, ન કોઈ વહેવાર.'

સ્પંદને આપેલા જવાબથી તાપસી, તમારા મનમાં જરાય સંતોષ થયેલો જ નહીં. કારણકે તમે પોતે પીયરમાં સંયુક્ત કુટુંબમાં જ ઉછરીને મોટા થયા હતા. આખાય મહોલ્લામાં તમારે ઘર-માણસો સાથે પરસ્પર આત્મિયતાના સંબંધો બંધાયેલા. એકની મુશ્કેલી અન્ય સૌના દિલમાં ઉચાટ જન્માવી જતી. મહોલ્લામાં કોઈનેય ત્યાં પ્રસંગ હોય તો એ દરેકના દિલમાં પોતાનો પ્રસંગ બની જતો. સૌ સાથે મળીને આનંદભેર પ્રસંગ પાર પાડતા હતા. સાજે માંદે સૌ એકબીજાને ઉપયોગી બનતા. તાપસી, આવું બધું તો તમે નજરોનજર જોયેલું અને અનુભવેલું. એકતા અને ભાઈચારાની ભાવના સૌના હૃદયમાં અવિરત વહ્યા કરતી હતી. આવા લાગણી અને સ્નેહભર્યા વાતાવરણમાં રહ્યા પછી તમને સ્પંદનના ઘેર આવ્યા પછી કંઈક જુદા જ પ્રકારનો અનુભવ થયેલો. જેના કારણે તમારા મનમાં પાર વગરના પ્રશ્નો

ઊગી નીકળતાં, પણ તમને તમારા મા-બાપ તરફથી મળેલા ઉત્તમ સંસ્કારોને કારણે તમારા સાસુ અને સ્પંદને કહેલી વાતોને તમે તમારા હૈયાના અતલ ઊંડાણમાં ઉતારી દીધેલી. આમ છતાંય તમારા લાગણીભર્યા મનમાં સદૈવ એક પ્રશ્ન તો ઉદ્ભવ્યા જ કરતો હતો – 'અમારા આ પડોશી કાકા-કાકી સાથે અમારા ઘર તરફથી આવું વર્તન કેમ કરવામાં આવતું હશે? એમની સાથે તૂટી ગયેલા સંબંધોને ફરી નવપલ્લવિત કરવા માટે શું કરવું જોઈએ?' તાપસી, તમારા મનમાં ઘુમરાયા કરતા આવા સવાલોના ઉત્તરો, પ્રયત્નો કરવા છતાંય તમને મળતા જ નહોતા અને એટલે તો તમે પોતે મનોમન મૂંઝાતા જતા હતા.

સમય ક્ષણ ક્ષણ બનીને કાળના ગર્ભમાં વિલીન થઈ જતો હતો. કાળના પ્રવાહમાં ઋતુચક્ર બદલાતા રહ્યા.

એક દિવસ તમારા સસરા અને સ્પંદનને કોઈ સામાજિક પ્રસંગે રાજકોટ જવાનું થયેલું. ઘેર તમે તથા તમારા સાસુ શારદાબેન જ હતા. જમી પરવારીને તમે બંને સૂઈ ગયા ત્યારે રાતના અગિયાર વાગે અચાનક શારદાબેનને છાતીમાં દુખાવો શરૂ થયો. એમના આખા શરીરે પરસેવો વળી ગયો. એ બેબાકળા બનીને હાંફતા હતા. તમે જાગીને આ દશ્ય જોયું તો તમે પણ ગભરાઈ ગયા. અત્યારે ઘરમાં તમે એકલા જ હતા. ક્ષણભર તો તમે પોતે પણ વિવશ બની ગયા. 'હવે હું શું કરીશ?' એવો સવાલ તમારા મનમાં થઈ આવ્યો. રાજકોટ ગયેલા તમારા પતિ સ્પંદન અને સસરા ઘેર આવે ત્યાં સુધી રાહ જોઈ શકાય તેમ હતું જ નહીં. શારદાબેનને જેમ બને તેમ જલ્દીથી હોસ્પિટલ લઈ જવા પડે તેમ હતા. પરિસ્થિતિ પળે પળે વિકટ બનતી જતી હતી. એકાએક તમારા મનમાં નાનકડો ઝબકારો થયો હોય તેમ તમે જાતે દોડીને કાકા-કાકીના ઘેર જઈ એમના બારણાનો દરવાજો ખખડાવ્યો. થોડીવાર પછી દરવાજો ખૂલ્યો ત્યારે તમારી સામે કાકા-કાકી ઊભા હતા. કાકીએ તમને પૂછ્યું, 'કેમ બેન, આટલી મોડી રાતે અમને જગાડ્યા? કોઈ તકલીફ છે?'

'મારા સાસુની તબિયત અચાનક ગંભીર બની ગઈ છે. એમને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવા પડે એમ છે. મારા પતિ અને સસરા રાજકોટ ગયા છે.' તાપસી, તમે ગળગળા થઈને કહેલું.

'બેટા, હવે તું જરાય ગભરાઈશ નહીં. અમે બંને તારી સાથે હોસ્પિટલમાં આવીએ છીએ.' તાપસીને સાંત્વન આપતા કાકાએ કહ્યું. એમણે કાકીને સૂચના આપી કે, 'તમે ફટાફટ ઘર બંધ કરીને ગાડીની ચાવી લઈને બહાર આવી જાવ. શારદાબેનને હોસ્પિટલમાં એડમિટ કરી દઈએ.'

હોસ્પિટલમાં પહોંચ્યા પછી કાકાએ કેસ કઢાવવાની અને અન્ય બાબતો હાથમાં લઈ લીધી. ડોક્ટરોના અભિપ્રાય મુજબ શારદાબેનને ઇમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા. જરૂરી રીપોર્ટની ચકાસણી અને પરીક્ષણો કર્યા પછી એમને આઈ.સી.યુ.માં એડમિટ કર્યા. સારવાર કરનાર ડૉક્ટરોએ કહ્યું, 'તમે સમયસર દર્દીને હોસ્પિટલમાં લઇ આવ્યા છો. અહીં આવવામાં મોડું થયું હોત તો એમની તકલીફમાં વધારો થઈ ગયો હોત. તાત્કાલિક સારવાર મળી ગઈ છે એટલે હવે ચિંતા કરવાની જરૂર નથી. સવાર સુધીમાં દર્દીની સ્થિતિ નોર્મલ થઈ જશે.'

આઈ.સી.યુ. રૂમમાંથી બહાર આવેલી તાપસીએ કાકા-કાકી સામે બે હાથ જોડીને કહ્યું, 'તમારા બંનેનો આભાર હું કયા શબ્દોમાં માનું? તમે બંને ગાડી લઈને મારા સાસુને હોસ્પિટલમાં લાવવામાં મદદ ન કરી હોત તો? તમે કરેલા ઉપકારનો બદલો અમારાથી ક્યારેય વાળી શકાશે જ નહીં. હવે તમે બંને ઘેર જાઓ. સ્પંદનને મેં રાજકોટ ફોન કર્યો છે. સવાર સુધીમાં એ અહીં આવી જશે.'

'બેટા તાપસી, તમે તો અમારા પડોશી છો. અનુભવી વડીલોએ કહ્યું છે કે, 'પહેલો સગો પડોશી.' સારા-નરસા પ્રસંગોએ પડોશી જ પહેલાં આપણા ઘેર આવી પહોંચે. બાકી સગા-સંબંધીઓને આવતા સમય લાગે. આપણને મળેલા માનવ અવતારમાં અન્યને બને તેટલા ઉપયોગી થવું એ તો પ્રત્યેક માનવીની નૈતિક ફરજ છે. અને એમાં અમારો આભાર માનવાની જરાય જરૂર જ નથી. બસ, અમે તો માત્ર અમારી ફરજ બજાવી છે. બીજું, કે તને આ હોસ્પિટલમાં એકલી મૂકીને અમારાથી ઘેર ના જવાય. તારા સસરા અને સ્પંદન આવે ત્યાં સુધી અમે બંને અહિંયા જ રોકાઈશું.' લાગણીભર્યા અવાજે કાકા બોલ્યા.

'તો પછી મારી એક વાત માનો. આ બે ખાલી બાંકડા પર તમે બંને આરામ કરો. જરૂર પડશે તો હું તમને જગાડીશ.' આભારવશ તાપસીએ કહ્યું.

શિયાળાની ઠંડી રાત દબે પગે આગળ વધતી હતી. વાતાવરણમાં ઠંડી પ્રસરાઈ ગઈ હતી. તમારી વાત માનીને બાંકડા પર શાલ ઓઢીને સૂતેલા કાકા-કાકી ઘડીવારમાં ઊંઘી ગયા. તાપસી, તમે આ પરગજુ અને પરોપકારી કાકા-કાકીને આભારભરી નજરે જોઈ રહ્યા હતા ત્યારે તમારા મનમાં થઈ આવ્યું કે આવા પરમાર્થી કાકા-કાકી પ્રત્યે મારા સાસુના મનમાં આટલી બધી કડવાશ કેમ હશે?

થોડીવાર પછી તમે આઈ.સી.યુ. રૂમમાં ગયા ત્યારે તમારા સાસુની તબિયત સુધારા પર હતી. તમને જોઈને એમણે કહ્યું, 'તાપસી બેટા, હવે મને સારું છે.' આવું સાંભળીને તમારા મનમાં

પણ હાશકારો થયો.

સવારે ઘેર ગયેલા કાકા-કાકી ગરમ ચા-નાસ્તો લઈને હોસ્પિટલમાં પરત આવી ગયા. એમની સાથે તમે અને શારદાબેન ચા-નાસ્તો કરવા બેઠા ત્યારે રાજકોટ ગયેલા વસંતભાઈ અને સ્પંદન પણ આવી પહોંચ્યા. એમણે નજરોનજર આ દૃશ્ય જોયું અને એ બંને ગદ્‌ગદિત થઈ ગયા. હાથ જોડીને એમણે કાકા-કાકીનો આભાર માન્યો.

ત્રણેક દિવસ પછી શારદાબેનને હોસ્પિટલમાંથી રજા મળી. હવે તેઓ એકદમ સ્વસ્થ હતા. ઘેર આવ્યા પછી બીજા દિવસે સૌ જમી-પરવારીને બેઠક રૂમમાં બેઠા હતા ત્યારે સૌની ઉપસ્થિતિમાં શારદાબેને કહ્યું, 'આપણી પડોશમાં રહેતા કાકા-કાકી જ આપણા સાચા પડોશીઓ સાબિત થયા છે. જેનો અનુભવ આપણને – ખાસ કરીને મને પોતાને થઈ ગયો છે. મારી પાસે બધુંય છે, મારે એમની શી જરૂર? એમની પાસે મારે ક્યાં કશુંય લેવા જવાનું છે? એ અમારી હેસિયતના છે જ નહીં – એવો ખોટો અહમ્ મનમાં રાખીને એમની સાથે મેં કોઈ જ સંબંધ રાખ્યો જ નહોતો અને તમને પણ સંબંધ રાખવા દીધો નહોતો. છતાંય એ બંને મારા કરતાય ઉદાર અને મોટા મનવાળા કહેવાય. જેમણે કટોકટીના સમયે એમની ગાડીમાં મને હોસ્પિટલમાં પહોંચાડી અને મારી સારવારમાં છેક સુધી ઊભા રહ્યા. આજે મારી આંખેથી અહમના ખોટા પડળ દૂર થઈ ગયા છે. માનવ મનમાંથી અજ્ઞાનરૂપી અહમ્ નો અંધકાર દૂર થતાં જ હૃદયમાં પ્રેમ, કરુણા અને સદ્‌ભાવનાની સરવાણીઓ વહેવા માંડે છે. હવે મને સમજાયું છે કે અત્યાર સુધી કાકા-કાકી સાથે મેં જે વર્તન કર્યું એ ખરેખર ખોટું અને એમને અન્યાયકર્તા જ હતું.'

'શારદા, સંબંધો લોહીના હોય કે લાગણીના, માનવ જીવનમાં બંનેનું સરખું મહત્ત્વ છે. પડોશીઓ સાથે ભલે લોહીના સંબંધ ના હોય પણ લાગણીના સંબંધ તો દરેકે રાખવા જ જોઈએ. આવા સંબંધો કટોકટીના સમયે ખૂબ જ ઉપયોગી સાબિત થતા હોય છે. કોઈ સંબંધને આકસ્મિક રીતે ધક્કો લાગે અને એ તૂટી જાય તો પણ સમય આવતા સમાધાન કરીને એને ફરીથી લીલાછમ બનાવવાના પ્રયત્નો આપણે અવશ્ય કરવા જ જોઈએ. આપણામાં જતું કરવાની ભાવના હોય તો કોઈપણ સંબંધ છૂટતો જ નથી. કોઈની સાથે બંધાયેલા સંબંધની ભીનાશ કદાચ આપણા હૃદયને સ્પર્શે નહીં પરંતુ એ સંબંધ તૂટી ગયા પછી એની તીણી કરચો આપણા હૃદયમાં ચોક્કસ ખૂંચે જ છે. આપણે સૌએ પડોશીઓ સાથેના સંબંધો હંમેશાં સુમેળભર્યા જ રાખવા જોઈએ.' વસંતભાઈ બોલ્યા.

'મમ્મી, આપણા પડોશી કાકા-કાકીએ 'પહેલો સગો પડોશી!' એ કહેવતને સાચા અર્થમાં સાર્થક કરી બતાવી છે. અણીના સમયે આપણી મદદે આવી પહોંચનાર આવા પડોશીઓ સાથે આપણે કોઈપણ જાતનો વહેવાર નહોતો રાખ્યો છતાંય એ એમની ફરજ જરાય ચૂક્યા જ નથી અને એમણે એમનો પડોશી ધર્મ બખૂબી નિભાવ્યો છે. હવે આપણે પણ 'ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું' એવું માનીને એમની સાથે સન્માનપૂર્વક વહેવાર રાખવાનું શરૂ કરી દઈએ.'

'સ્પંદન, તારી અને તારા પપ્પાની વાત સાવ સાચી જ છે. ખોટી જીદ કે અહમ્ રાખવાથી કોઈ સંબંધ સચવાતા જ નથી. કોઈપણ જાતના સંબંધના છોડને જીવંત અને લીલોછમ રાખવા એને પરસ્પર લાગણીઓનું જ જળ પીવડાવવું પડે. જેના થકી સંબંધનો છોડ પલકારામાં પાંગરશે અને ઘડીકમાં તોતિંગ ઝાડ બની જાય. માનવ જીવનમાં એક-મેક સાથેના લાગણીભર્યા સંબંધો ન રાખીને મેં મારા જીવનમાં બહુ મોટી ભૂલ કરી નાખી છે. જેનો મનેય અત્યારે પાર વગરનો પસ્તાવો થયા કરે છે. પણ હવે મારી થઈ ગયેલી ભૂલનો એકરાર કરીને એને સુધારી લેવાની કુદરતે મને તક આપી છે. એ મળેલી તકને ઝડપી લઈને અત્યારથી જ આપણા પડોશી કાકા-કાકી સાથેના સંબંધોને ઉષ્માભર્યા બનાવવાની શરૂઆત કરી દેવી છે. તાપસી બેટા, તું અત્યારે જ કાકા-કાકીના ઘેર જઈ એમને સાંજે આપણા ઘેર જમવાનું નોતરું પ્રેમપૂર્વક આપી આવ. આજે આપણે સૌ કાકા-કાકી સાથે મળીને જમીશું.'

સાસુ શારદાબેનના માનસમાં આવેલું આવું આમૂલ પરિવર્તન જોઈને મનોમન ખુશ થઈ ગયેલી તાપસી હરખભેર પડોશીને જમવાનું નોંતરું આપવા નીકળી ત્યારે એના ચોવીસી ચહેરા પર આછો આછો મલકાટ હતો અને એના પગમાં હતી કાકા-કાકીના ઘેર જલ્દીથી પહોંચવાની ઉતાવળ!

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, કલીકુંડ, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## ભૂખ્યું પેટ!

'અરે ભાઈ, તું આ પાકીને ગળી ગયેલું કેળું શું કામ ખાય છે?' ફ્લેટમાં રહેતા શ્રીધર સાહેબ જ્યારે ઓફિસે જવા નીચે ઉતર્યા ત્યારે નીચે બેઠેલા વોચમેનને કેળું ખાતા જોઈને પૂછ્યું.

'સાહેબ, જ્યારે ખિસ્સામાં પૈસા હોય ત્યારે કેળું ગળી ગયેલું લાગે છે, પણ જ્યારે પેટ ભૂખ્યું હોય અને ખિસ્સું ખાલી હોય ત્યારે કેળું ગળી ગયેલું નહીં પણ પાકી ગયેલું દેખાય છે!'

શ્રીધરસાહેબ વોચમેનને મળીને નહીં પણ કડવી સચ્ચાઈને જાણીને ઑફિસે જઈ રહ્યા હતા.

*– નજમા ગોલીબાર*

## લઘુ કથા : કળીયુગમાં પરિસ્થિતિ

એક વખત યુધિષ્ઠિર સિવાયના ચાર પાંડવો ભગવાન શ્રીકૃષ્ણને મળવા માટે ગયા હતા. ચારે પાંડવોએ કળીયુગમાં માણસ કઈ રીતે જીવતો હશે અને કળીયુગમાં કેવી સ્થિતિ પ્રવર્તતી હશે એ જાણવાની ઇચ્છા બતાવી. એટલે ભગવાન શ્રીકૃષ્ણએ ચારે દિશાઓમાં એક એક બાણ છોડ્યું અને પછી ચારે ભાઈઓને એ બાણ શોધી લાવવા માટે આજ્ઞા કરી.

અર્જુન જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એણે એક વિચિત્ર ઘટના જોઈ. એક કોયલ મધુર અવાજે ગીતો ગાતી હતી. અર્જુનના પગ થંભી ગયા. એણે કોયલ તરફ જોયું તો આશ્ચર્યથી આંખો પહોળી થઈ ગઈ. મધુર કંઠે ગીતો ગાનારી કોયલ એક સસલાનું માંસ પણ ખાતી જતી હતી. સસલુ દર્દથી કણસતું હતું અને કોયલ ગીત ગાતા ગાતા એનું માંસ ખાતી હતી.

ભીમ જે દિશામાં બાણ લેવા ગયો ત્યાં એણે પણ એક કૌતુક જોયું. એક જગ્યાએ પાંચ કૂવાઓ હતા. ચાર કૂવાઓ પાણીથી ઉભરાતા હતા. આ ચારે કૂવાની બરાબર વચ્ચે પાંચમો કૂવો હતો જે સાવ ખાલી હતો. ભીમને એ ન સમજાયું કે ચાર કૂવાઓ ઉભરાય છે તો વચ્ચેનો પાંચમો કૂવો સાવ ખાલી કેમ છે?

નકુલ જે દિશામાં બાણ લેવા ગયો હતો ત્યાં એણે એક ગાયને બચ્ચાને જન્મ આપતા જોઈ. બચ્ચાને જન્મ આપ્યા બાદ ગાય એને ચાટવા લાગી. થોડીવારમાં બચ્ચાના શરીર પરની ગંદકી સાફ થઈ ગઈ. આમ છતાં પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું. હવે તો નાના બચ્ચાની કોમળ ચામડીમાંથી લોહી નીકળવા લાગ્યું તો પણ ગાયે ચાટવાનું ચાલુ જ રાખ્યું.

સહદેવ જે દિશામાં બાણ લેવા ગયા, ત્યાં એમણે પણ એક આશ્ચર્યજનક ઘટના જોઈ. કોઈ મોટા પર્વત પરથી શિલા નીચે પડી રહી હતી. નીચે ગબડતી આ શિલા રસ્તામાં આવતા નાના-મોટા પથ્થરો અને વૃક્ષોને ધરાશાયી કરતી તળેટી તરફ આગળ વધી રહી હતી પણ એક નાનો છોડ વચ્ચે આવ્યો અને શિલા અટકી ગઈ.

ચારે પાંડવોએ પરત આવીને એમણે જોયેલી ઘટનાની વાત ભગવાન શ્રીકૃષ્ણને કરી અને એનો મતલબ સમજાવવા વિનંતી કરી.

ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે, ‘આ ચારે ઘટના કળીયુગમાં કેવી સ્થિતિ હશે તે બતાવે છે. સાધુઓ કોયલની જેમ મીઠા અવાજે વાતો કરશે અને સસલા જેવા ભોળા અનુયાયીઓનું દર્દ દૂર કરવાના બહાને એનું શોષણ કરશે.

ચાર કૂવાઓ પાણીથી ઉભરાતા હતા છતાં બાજુમાં જ રહેલા કોરા કૂવાને એક ટીપુ પાણી આપતા નહોતા એમ કળીયુગમાં અમીરોને ત્યાં સંપત્તિની રેલમછેલ હશે પણ એ એક પૈસો પણ આજુબાજુની જરૂરિયાતમંદ વ્યક્તિઓને નહીં આપે.

ગાયે એના બચ્ચાને ચાટી ચાટીને ચામડી પણ ઉતરડી નાખી તેમ કળીયુગમાં મા-બાપ પોતાના સંતાનોને જરૂરથી વધારે લાડ લડાવીને માયકાંગલા કરી નાખશે અને પોતાના જ સંતાનોને હાનિ પહોંચાડશે.

પર્વત પરથી પડતી શિલાની જેમ કળીયુગમાં માણસનું ચારિત્ર્ય પણ સતત નીચે પડતું રહેશે. નીચે પડતા આ ચારિત્ર્યને બીજું કોઈ નહીં અટકાવી શકે પણ જો માત્ર પ્રભુના આશરારૂપી કે સત્સંગરૂપી નાનો છોડ હશે તો એનાથી ચારિત્ર્ય નીચે પડતું અટકી જશે.’’

ચારે પાંડવોને કળીયુગમાં કેવી સ્થિતિ હશે તે બરોબર સમજાઈ ગયું.

## લઘુ કથા : ચપ્પલ

સવાર સવારમાં શુભ બાથરૂમ જઈ ફળીમાં આવેલ ગેંડીમાં હાથ સાફ કરવા ગયો અને એની નજર ગેંડીની બરોબર ઉપર લગાડવામાં આવેલ નાના પાટીયા પર ગઈ. ત્યાંનું દૃશ્ય નીરખી, શુભનો ગુસ્સો એકદમ ભભૂકી ઉઠ્યો. પિતાની જેમ જ પત્નીને સાદ પાડી બોલાવવો જતો હતો ત્યાં જ તે પોતાના અતીતમાં ખોવાઈ ગયો.

આવી જ એક સલુની સવારે પ્રભાતના પહોરમાં પપ્પા પથારીનો પરિત્યાગ કરી બ્રશ કરવા માટે ફળીમાં લગાવેલ ગેંડીએ ગયા હતા. શુભના મગજમાં સંપૂર્ણપણે સ્મૃતિ નહોતી. ત્યારે તે બાલ્યાવસ્થામાં હતો ને! પરંતુ આછેરી યાદો મનોમસ્તિષ્કમાં ટકોરા મારીને ઘૂસતી હગતી કે પપ્પા બ્રશ કરે છે ત્યાં જ તેમની નજર ગેંડી પર સાબુ પાવડર વગેરે રાખવા માટેની લગાડેલ કોટાની પ્લેટ પર પડી અને એ પ્લેટ પર મમ્મીના તૂટેલ ચપ્પલ પડેલા નિહાળી પપ્પાના મગજનો બાટલો ફાટ્યો. ત્રાડ પાડી મમ્મીને બહાર બોલાવી. ત્રાડ સાંભળી પોતે પણ હતપ્રભ થઈ ધ્રુજવા લાગેલ. ભરઉનાળે ઠંડીનું લખલખુ આખા શરીર ફરતે ફરી વળ્યું. શું થયું તે નક્કી કરવાની ઉંમર પોતાની નહોતી પરંતુ એટલું નક્કી કરી શક્યો કે કંઈક અજુગતુ બનવા જઈ રહ્યું છે.

મમ્મી બહાર આવતા જ પપ્પાએ એક થપ્પડ મમ્મીના ગાલ પર જડી દીધી અને ગુસ્સામાં બોલવા લાગ્યા કે, આ મળમૂત્ર અને ધૂળથી રગદોળાયેલ ચપ્પલ જોઈ મને ચિત્તક્ષેપ થઈ ઉલટી જેવું થાય છે. મારો તો દિવસ બગાડ્યો! એમ બોલી પપ્પા મમ્મી પર રોષ ઉતારતા હતા.

એ.કે.-૫૬માંથી ધાણીફૂટ ગોળીઓ છૂટે એમ પપ્પાના મુખેથી શબ્દોના બાણ છૂટતા હતા. મમ્મીની પણ હવે સાંભળવાની સહનશક્તિ ખૂટી ગઈ હતી, એટલે મમ્મીથી પણ રહેવાયું નહીં અને એ પણ ગુસ્સામાં આવી જતાં ઝઘડાએ મોટું સ્વરૂપ લઈ લેતા પરિણામ એ આવ્યું કે બંનેને આખી જિંદગી અલગ થઈ જવું પડ્યું અને એનો તાજનો સાક્ષી સ્વયં પોતે હતો. આના કારણે પોતે આખી જિંદગી પિતાના લાડ-સ્નેહથી વંચિત રહેવા પામેલ.

સ્વજીવનમાં આજે તેનું પુનરાવર્તન થવા જઈ રહ્યું હતું. એ જ સ્થિતિમાં પત્નીના ચપ્પલ તૂટેલ અવસ્થામાં પાટીયા પર પડેલ હતા. ગુસ્સો તો શુભને આવતો હતો અને શુભે પત્નીને સાદ પાડ્યો. પત્ની એ જ સ્ટાઈલથી બહાર આવી, જે રીતે મમ્મી આવી હતી. પત્ની બહાર આવતા જ શુભ બોલ્યો, 'પ્રિયે, તું કેટલી સમજુ છે? જોને, ફળીમાં ગેંડી પર તડકો આવે ત્યારે ગેંડી પર હાથ ધોવાનો રાખેલ સાબુ તડકાના કારણે સખત થઇ નકામો થઈ જાય છે. તેને તડકાથી બચાવવા તેં કેવી સુંદર વ્યવસ્થા કરી આપી!' એમ કહી એક ચપ્પલ ઉપર બીજું ચપ્પલ ઊંધું ગોઠવેલ એના કારણે ઉપરના ચપ્પલની પાછળનો ભાગ ઊંચો રહેતો હોઈ તેની નીચે સાબુ ગોઠવી દીધો. અને મનમાં હાશકારો થયો કે, પપ્પાના ગુસ્સાના કારણે પિતાના પ્રેમથી પોતે વંચિત રહી ગયેલ પણ પોતાનો પુત્ર ચીન્ટુને તે આઘાતમાંથી બચાવી લીધો.

*ધીરજલાલ ડી. તન્ના - કેશોદ*
*મો. ૯૭૩૭૭ ૧૨૯૯૯*

## કાગળ ઉપર

કિશનગઢ ગામની ગ્રામ કચેરી પાસે આવીને જીપ ઊભી રહી. જિલ્લા મથકેથી આવેલા તપાસ અધિકારી કિશોરભાઈ રાજપરા નીચે ઉતર્યા.

આવો, આવો સાહેબ, કહીને તલાટી મંત્રી સાહેબે મીઠો આવકારો આપ્યો. ચા-પાણીને ન્યાય આપ્યા પછી રાજપરા સાહેબે કહ્યું, 'તલાટી સાહેબ, ગરીબ માણસોને ફાળવવા એક લાખમાં વન રૂમ - વન કિચન સંડાસ બનાવવાની સરકારી યોજના મુજબ અહીં ૧૫ મકાનો બાંધવાના હતા. હું એનું જાત નિરીક્ષણ કરવા આવ્યો છું.'

'પણ સાહેબ, બીજે બધે થાય છે એમ આ યોજના તો કાગળ ઉપર જ છે.'

'એ કેમ ચાલે? કરવેરા ભરીને જનતા સરકારની તિજોરીમાં જે રકમ આપે છે એ જનતાનો પૈસો છે. એનો ખોટી રીતે વ્યય થોડો થાય?'

સાહેબની વાત પૂરી થઈ ત્યાં, 'આવો સાહેબ, આવો...' સરપંચશ્રીએ પ્રવેશ કરીને સાહેબને આવકારો આપ્યો. એટલે તલાટી મંત્રીએ કહ્યું, 'સરપંચ સાહેબ, રાજપરા સાહેબ પેલા ૧૫ મકાનોનું જાત નિરીક્ષણ કરવા આવ્યા છે, જે ગરીબોને ફાળવવાના હતા.'

'તે ભલેને આવ્યા.' સરપંચશ્રીએ કહ્યું. ફરજનીતિએ આવે છે. આપણાથી મનાઈ થોડી થાય?

'ચાલો સાહેબ, મારી બાઈક ઉપર બેસી જાવ. આપણે જાતે નિરીક્ષણ કરતા આવીએ.'

'પણ આ તલાટી મંત્રી તો બીજું કાંઇ કહેતા હતા.'

'એ તો મજાકીયા સ્વભાવના છે. સાહેબ, ચાલો આપણે જઇએ...' ને સરપંચ સાથે સાહેબ નિર્ધારીત સ્થળે ગયા. ત્રણ ત્રણની હારના પંદર મકાનોનું નિરીક્ષણ કર્યું. યોગ્ય નોંધ કરીને કહ્યું, 'ચાલો સરપંચ સાહેબ, હવે નીકળવું છે.'

'અરે પણ સાહેબ, જમવાનો સમય થયો છે. જમીને જજો ભાઈ!'

'તમે અહીં અગિયાર વાગે જમી લ્યો અને અમારે બે અઢી વાગી જાય. ને જમવાનું જિલ્લા મથકે છે. ફરી ક્યારેક વાત...'

'ભલે સાહેબ, પધારજો.'

ને જીપ રવાના થઈ. સરપંચ કચેરીએ પધાર્યા.

'કેમ સરપંચ સાહેબ, કામ પતી ગયું?'

'હા ભાઈ, સાહેબને મકાન બતાવી દીધા.'

'પણ, આ તો કાગળ ઉપર...?'

'કાગળ ઉપર ભલેને હોય, પેલા પટેલ બિલ્ડરે જે મકાન વેચવા માટે બનાવ્યા છે, જે સરકારી પ્લાન જેવા જ છે, એ બતાવી દીધા.'

'પણ, લાભાર્થી?'

'આ ૫-૧૦ મહિના જૂની યોજના છે ને તમે નવા આવ્યા છો. લાભાર્થીને તો પહેલેથી જ સમજાવી દીધા છે કે બધાને દસ-દસ હજાર રૂપિયા મળી જશે. કોઈને કાંઈ બોલવાનું નથી. ને જે લોકો ૧૦૦-૧૦૦ રૂપિયામાં દાડીયે જતા હોય એને બોલવાનું આવે જ નહીં ને?'

ને તલાટી મંત્રી પણ એટલે જ ચૂપ થઈ રહ્યા કે પોતાના હિસ્સામાં પણ કંઈ રકમ આવશે ને...?

*મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી દિલ્હી ગુજરાતી સમાજે ઉજવ્યો અનોખો "વરિષ્ઠ વડીલોત્સવ"




ગત રવિવાર, તા. ૩૦-૪-૨૦૨૩ના રોજ દિલ્હીમાં વસતા ૮૨ વર્ષથી વધુ વયના ગુજરાતી વરિષ્ઠ વડીલોના ગૌરવપ્રદ સન્માનનો અનોખો ઉત્સવ ઉજવાયો હતો. આ ઉત્સવ વડીલો, તેમના પરિવારના સભ્યો તેમજ અન્ય ગુજરાતી પરિવારોએ મનભરીને માણ્યો હતો.

૧૨૫ વર્ષની ઉજ્જવળ કારકિર્દી ધરાવતા દિલ્હીના શ્રી દિલ્હી ગુજરાતી સમાજની, ખાસ કરીને એના અતિથિગૃહને લીધે, સમસ્ત ભારતમાં વિશેષ ઓળખ છે. શ્રી સમાજે વર્ષ ૨૦૦૩-૦૪માં વડીલ પરિવારની સ્થાપના કરી ત્યારથી લઈને, છેલ્લા વીસ વર્ષ દરમિયાન ૧૫૬ વરિષ્ઠ વડીલોનું સન્માન કરેલ છે. આ કડીમાં, આ વર્ષે ૮૨ થી ૯૨ વર્ષના કુલ ૪૫ વડીલોનું સન્માન કર્યું.




મુખ્ય અતિથિ મોરપેન લેબોરેટરીઝના ચેરમેન તથા મેનેજિંગ ડાયરેક્ટર શ્રી સુશીલ સુરી અને એમના ધર્મપત્નીએ કાર્યક્રમના આરંભથી અંત સુધી વરિષ્ઠોનો સત્સંગ કર્યો અને એમની સાથે ભોજન કર્યું. પ્રત્યેક વડીલનું જાતે પાયવંદન કરી, શાલ ઓઢાડી, સ્મૃતિચિહ્ન અર્પણ કરી ગૌરવપ્રદ સન્માન કર્યું.

શ્રી સુરીએ એમના સંબોધનમાં જણાવ્યું કે છેલ્લા ૪૦ વર્ષથી એમના પરિવારના ગુજરાત સાથે ઘનિષ્ટ સંબંધ છે. એમના ભાઈ સુરતથી પરણ્યા છે. એમના એક બહેન ગુજરાતમાં પરણાવેલ છે. તેઓ દરરોજ, કોઈ ને કોઈ ગુજરાતી વાનગીનો આસ્વાદ અવશ્ય માણે છે.

શ્રી સમાજના માનવંતા ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ સર્વશ્રી નીતિનભાઈ આચાર્ય (પ્રમુખ), શ્રીમતી મીનાબેન શાહ (ઉપ પ્રમુખ), શ્રી કેતનભાઈ પોપટ (માનદ્ મંત્રી) તથા વડીલ પરિવારના અધ્યક્ષ શ્રી દશરથભાઈ શાહ, ઉપાધ્યક્ષ શ્રી નંદલાલભાઈ ગઢિયા, શ્રી રમેશભાઈ મહેતા, સંયોજક શ્રી કિશનભાઈ શાહ, શ્રી શાંતિલાલભાઈ દેવીપૂજક, શ્રી મનોહરલાલ ગોહિલ, સહ સંયોજક શ્રી બિપીનભાઈ કોબાવાલા, શ્રી સુભાષભાઈ શાહ તથા શ્રી પરેશકુમાર કંસારા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી સમાજના આગેવાનોએ એમના સહયોગીઓનું, કાર્યક્રમના નિષ્ઠાપૂર્વક આયોજન બદલ ખાસ અભિવાદન કર્યું હતું.

આ કાર્યક્રમની વિશેષતા એ હતી કે સન્માનિત વરિષ્ઠ

વડીલોએ, આ પ્રસંગે સમૂહ નૃત્યગાન પ્રસ્તુત કર્યું હતું. અત્રે પધારેલ સર્વે ગુજરાતી પરિવારોએ આ નૃત્યગાનમાં સોત્સાહ ભાગ લીધો હતો. શ્રીમતી અને શ્રી સુરી પણ આ નૃત્યમાં આરંભથી અંત સુધી સામેલ રહ્યા હતા.

કચ્છના વતની શ્રી હંસરાજભાઈ કંસારા એમના પરિવાર સહિત છેલ્લા ૬૦ વર્ષથી દિલ્હીમાં વસવાટ કરે છે. શ્રી સમાજે શ્રી હંસરાજભાઈ કંસારાનું ૮૯ વર્ષના વડીલ તરીકે સન્માન કર્યું હતું. શ્રી હંસરાજભાઈના પુત્ર શ્રી પરેશકુમાર કંસારા, જેઓ ઘણા વર્ષથી શ્રીસમાજના સંનિષ્ઠ કાર્યકર્તા છે, તેઓએ વડીલ પરિવાર સન્માન આયોજન સમિતિના સહ-સંયોજક તરીકે સેવા આપી હતી. શ્રી હંસરાજભાઈના જયેષ્ઠ સુપુત્ર શ્રી શૈલેષભાઈ કંસારા, કચ્છના લોકપ્રિય દૈનિક 'કચ્છમિત્ર'ના મેનેજર છે.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા યોજવામાં આવેલ અભિવાદન કાર્યક્રમ

તા. ૨-૪-૨૦૨૩ને રવિવારે ભાવનગર કચ્છ સમાજની કારોબારી સમિતિની બેઠક બાદ શહેરના અનેક ગણમાન્ય નાગરિકોની ઉપસ્થિતિમાં ભાવનગરના કલેક્ટર શ્રી ડી.કે. પારેખ, કમિશ્નર શ્રી એન.વી. ઉપાધ્યાય તથા શહેર ભાજપના પ્રમુખ શ્રી અભયસિંહ ચૌહાણના અભિવાદન સમારોહ સમાજ દ્વારા આયોજિત કરાયો હતો. અનિવાર્ય સંજોગોવશાત શ્રી અભયસિંહભાઈ સમારંભમાં આવી શકેલ નહીં. તેથી કલેક્ટરશ્રી અને કમિશ્નરશ્રીનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત મા આશાપુરાના જયઘોષ સાથે કરી અને સમાજના મંત્રી શ્રી ઈન્દ્ર ગઢવીએ મહેમાનોને આવકાર્યા હતા. ઉપપ્રમુખ ડો. રવિભાઈ પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત અને પરિચય આપ્યો હતો. તેમજ સમાજના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહે સમાજની પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી કાર્યક્રમમાં હાજર રહેલ તમામ મહાનુભાવોને આપી હતી. તેમજ તેઓ દ્વારા જણાવેલ કે આજે આપણે આંગણે ભાવનગર જિલ્લાના વડા, ભાવનગર શહેરના વડા તેમજ ભાવનગર શહેર જિલ્લા સંગઠનના વડા – એમ ત્રણેય વડાઓનો ત્રિવેણી સંગમ થયેલ છે.

કલેક્ટરશ્રી પારેખ સાહેબ કચ્છના વતની હોઈ, તેઓ ભાવનગર ખાતે આવીને કડક અધિકારીની છાપ સાથે જિલ્લાના અનેક પ્રશ્નોનો નીવેડો તાત્કાલિક લાવી રહેલ છે. તેમજ કમિશ્નરશ્રી ઉપાધ્યાય સાહેબના આવ્યા બાદ શહેરના અનેક દબાણો કોઈપણ જાતની શેહ શરમમાં આવ્યા વિના દૂર કરાવેલ હતા તેમજ ભાવનગરને એક સ્વચ્છ શહેર બનાવી રહ્યા છે. રસ્તા પર રહેલ ઢોર ઢાંખરને પકડીને પાંજરાપોળમાં રખાવેલ હતા. શ્રી અભયસિંહ ચૌહાણની તાજેતરમાં જ શહેર પ્રમુખ તરીકે નિમણુંક થયેલ છે. તેઓ બહોળો અનુભવ ધરાવે છે તથા કાર્યમાં સ્પષ્ટ વક્તા તેમજ નીડર વ્યક્તિત્વ ધરાવે છે. જેથી આ ત્રણેય ભાવનગર શહેરના મહાનુભાવોનું અભિવાદન કરવાનો વિચાર સમાજ દ્વારા કરવામાં આવેલ છે.

કલેક્ટરશ્રી પારેખ સાહેબ અને કમિશ્નરશ્રી ઉપાધ્યાય સાહેબનું શાલ ઓઢાડી પુષ્પગુચ્છ અને માં આશાપુરાની છબી સ્મૃતિભેટ સ્વરૂપે અર્પણ કરી અભિવાદન કરાયું હતું. જેમાં ભાવનગરના અગ્રગણ્ય નાગરિકો શ્રી ગીરીશભાઈ શાહ, શ્રી નિશિથભાઈ મહેતા, શ્રી દીપકભાઈ ધોળકિયા, શ્રી રવીન્દ્રભાઈ ઘેવરીયા, શ્રી કિરણભાઈ ગાંધી, શ્રી કિશોરભાઈ શાહ, શ્રી વિરમદેવસિંહ ગોહેલ, હેડ પોસ્ટ માસ્ટર શ્રી જોલીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ડિસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝએ પણ બંને અધિકારીશ્રીઓને પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કર્યું હતું.

કચ્છ સમાજનો પારિવારિક કાર્યક્રમ હોઈ, કલેક્ટરશ્રીના ધર્મપત્ની શ્રીમતી માલતીબેન પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. કલેક્ટરશ્રીએ સમાજના પરિવારજનોને શુભ કામના પાઠવતા જણાવ્યું હતું કે આ પ્રકારના કાર્યક્રમો થકી અધિકારીશ્રીઓને કામ કરવાનો જુસ્સો અનેકગણો વધતો હોય છે. કમિશ્નરશ્રીએ પણ સમાજના સૌ સભ્યોની પારિવારિક ભાવનાને બિરદાવી હતી અને તેઓના કચ્છમાં નોકરી કર્યાના કાર્યકાળને યાદ કર્યો હતો.

કાર્યક્રમને અંતે આભારદર્શન શ્રી રવિભાઈ મહેશ્વરીએ કર્યું હતું. કાર્યક્રમને અંતે પરંપરા મુજબ રાષ્ટ્રગાન કરી અને ભોજન પ્રસાદ લઇ સૌ છૂટા પડ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ, પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈના માર્ગદર્શનમાં શ્રી ઈન્દ્ર ગઢવી, શ્રી હસમુખ પટેલ, શ્રી ઘનશ્યામસિંહ જાડેજા, શ્રી રઘુવીરસિંહ જાડેજા, શ્રી કિરીટસિંહ ગોહિલ, શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, શ્રી જગદીપભાઈ વ્યાસ, શ્રી રવિભાઈ મહેશ્વરી અને કચ્છ સમાજ પરિવારના તમામ પરિવારજનો દ્વારા યોજવામાં આવ્યો હતો.

## ભુજ ખાતેનું પ્રાચીન નરસિંહ મંદિર

ભુજ ખાતે આવેલ પ્રાચીન નરસિંહ મંદિર ખાતે નરસિંહ જયંતીની પરંપરા મુજબ દર વરસની જેમ આ વરસે પણ ધામધૂમથી ભગવાન શ્રી નરસિંહની જયંતી ઉજવવામાં આવેલ હતી. જેમાં દિલીપ આચાર્ય, નિખિલભાઈ પંડ્યા દંપતી ઉપરાંત આસપાસના ભક્તજનો અને દર્શનાર્થીઓએ લાભ લીધો હતો.

*સુખ મેળવવું એ બહુ અઘરી વાત છે કેમકે તે બીજાને સુખી બનાવીને જ મેળવાય છે.*

# માતૃભૂમિ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## સમાજ ભવન નિર્માણનો સંકલ્પ

**કોરોના વખતે આવેલાઓને ગામની શાંતિ સ્પર્શી ગઈ રૂા. ૩૫ લાખના ખર્ચે નિર્માણ પામનારા ભવનનું ખાતમુહૂર્ત**

કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજના ૧૮ ગામ પૈકીનું એક ભુજ તાલુકાનું હાજાપર ગામ ધાર્મિક દૃષ્ટિએ વિશેષતા ધરાવે છે. જ્યાં યાદવ, પરમાર અને વરૂ પરમારના માતાજીના સ્થાનક છે. તેથી મૂળ વતનીઓ અવારનવાર ગામ પ્રત્યે લાગણી દર્શાવે છે.

મૂળ હાજાપરના અને ૪૨ વર્ષથી મુંબઈ સ્થાયી નવીન યાદવ કોરોના કાળમાં વતન આવ્યા હતા. ત્યારે જન્મભૂમિ માટે કંઈક કરવાની ઇચ્છાથી હાજાપરવાસીઓની થોડી મીટિંગ કરી, એક ગ્રુપ બનાવી લગભગ રૂપિયા બે લાખ ભેગા કર્યા અને ગામમાં જરૂરિયાત પૂર્ણ કાર્યો કર્યા.

સરસ કર્મયોગી હાજાપરવાસીઓની એક ટીમ બનાવી, ગામમાં એક હાજાપર સમાજ ભવન બનાવવાનું નક્કી થયું. લગભગ ૩૫ લાખના ખર્ચે આ યોજના બનાવવામાં આવી અને સર્વ સંમતિથી રામ નવમીના ભૂમિપૂજન અને ખાતમુહૂર્ત સંપન્ન થયું. સમાજરત્ન વિનોદ સોલંકીના મુખ્ય અતિથિપદે સમારોહ યોજાયો હતો. *(તા. ૪-૪-૨૦૨૩)*

## કચ્છમાં ૧૨ લાખની હ્યુન્ડાઈની વેન્યુ ગાડી માટે ગમતો ૯ નંબર ખરીદવા ૧૮ લાખ ચૂકવ્યા!

**નવડાપ્રેમીએ લગાવેલી બોલીના સરવાળાનો આંકડો પણ નવ જ આવ્યો!**

હાલમાં લક્કી નંબરનો ક્રેઝ વધી ગયો છે ત્યારે કચ્છમાં આર.ટી.ઓ.ની નવી વાહન સિરીઝમાં ૯ નંબરનો આંકડો લેવા માટે એક વાહનમાલિકે રૂા. ૧૮.૪૫ લાખની બોલી લગાવી છે. મહત્ત્વનું છે કે, ૧૦થી ૧૨ લાખ રૂપિયાની માર્કેટ વેલ્યુ ધરાવતી હોન્ડા વેન્યુ કાર માટે આ પસંદગીનો નંબર મેળવાયો હોવાથી દિવસભર કચ્છમાં આ મુદ્દો ચર્ચા સ્થાને રહ્યો હતો.

GJ 12 FD સિરીઝમાં ૯ નંબર મેળવવા માટે બોલી શરૂ થઈ હતી.

સોમવાર આર.ટી.ઓ.માં GJ 12 FD સિરીઝમાં ૯ નંબર મેળવવા માટે બોલી શરૂ થઈ હતી. ઓનલાઈન થતી આ પ્રક્રિયામાં બીડ ભર્યા બાદ રામજી ચામારીયા નામની વ્યક્તિએ ૯ નંબરનો આંક મેળવવા માટે રૂા. ૧૮.૪૫ લાખ સુધીની બોલી લગાવતા આર.ટી.ઓ.નો સ્ટાફ પણ અચરજમાં મૂકાઈ ગયો હતો. નવડાપ્રેમીએ લગાવેલી બોલીના આંકડાનો એકમેક સાથે સરવાળો પણ નવ જ આવે છે.

માત્ર 'નવડો' નહીં ૯૯૯ અને ૯૯૯૯ માં પણ પૈસાનો વરસાદ થયો. આર.ટી.ઓ. અધિકારી પ્રદીપસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, નવી સિરીઝ ખૂલતા ઓનલાઈન હરાજીમાં ૯ નંબર માટે ૧૮.૪૫ લાખની બોલી લગાવવામાં આવી છે. ઉપરાંત ૯૯૯ નંબર માટે રૂા. ૧.૮૯ લાખની અને ૯૯૯૯ માટે રૂા. ૧ લાખ હરાજીમાં બોલાયા હતા. આ પ્રક્રિયા ઓનલાઈન થતી હોય છે.

*(તા. ૫-૪-૨૦૨૩)*

## મહાવીર જન્મ કલ્યાણક સંગઠન, સંપ અને સમરસતાથી શોભતા વાણિયાવાડ...

**જૈન શ્રેષ્ઠીઓએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રને વેગવાન બનાવવાની દીર્ઘદૃષ્ટિ સેવી હતી ● સમગ્ર દેશમાં જૈનોની એકતા માટે ભુજ જૈન સમાજના સાત ફિરકાના શહેરી સંગઠનને પ્રેરણારૂપ ગણાય છે**

પાંચ નાકા ને છઠ્ઠી બારીની ઓળખ ધરાવતા રાજાશાહી નગરના ભુજનો વાણિયાવાડ વિસ્તાર શહેરની ધોરી નસ સમાન છે. જૈન સમાજના સાત ફિરકા કે જે અહીં સાત સંઘ તરીકે ઓળખાય છે અને આ તમામ ફિરકાના સમાજજનોના સંપની નોંધ સમગ્ર ભારતમાં પ્રેરણારૂપ ગણાય છે. વાણિજ્યિક કારોબાર સાથે ધમધમતા વિસ્તારને અને તેમાં પણ ખાસ કરીને કાપડની દુકાનોએ મોલ કલ્ચરના સમયમાં સામે પાણીએ તરવાનો વારો આવ્યો છે. તેમ છતાં શહેર હોય કે જિલ્લામાંથી ભુજ આવતા લોકો વાણિયાવાડમાં ચોક્કસ પહોંચતા હોવાથી કાપડ બજારે અમદાવાદના રતનપોળ જેવું ઉપનામ હાંસલ કર્યું છે.

પાંચ પેઢીના સમયથી કારોબાર ધરાવતી જૈન વસતિએ

મહાવીર સ્વામીના જીવદયાના સંદેશ સાથે શિક્ષણ અને આરોગ્ય સેવામાં પણ દૂરદર્શિતા સેવી છે. ખાસ કરીને જૂની પેઢીના ડોસાભાઈ લાલચંદની દીર્ઘદૃષ્ટિથી જે તે વખતે શહેરની સરકારી માધ્યમિક શાળા ઈંદીરાબાઈ હાઈસ્કૂલ, ઈંદીરાબાઈ પાર્ક, આર.આર. લાલન કોલેજ સહિતના શિક્ષણ સંસ્થાનો આપ્યા છે એમ સાત સંઘના પ્રમુખ સ્મિત ઝવેરીએ વાણિયાવાડની મહત્તા વ્યક્ત કરતી વેળાએ જણાવ્યું હતું.

તપગચ્છ જૈન સંઘ, આરાધના ભવન સંઘ, આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી અચલગચ્છ સંઘ, આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી, ખરતરગચ્છ, છ કોટી સ્થાનકવાસી અને જૈન શ્વેતાંબર તેરાપંથ સંઘ ભુજના સાત સંઘનું સંગઠન સમગ્ર ભારતમાં પ્રેરણારૂપ ગણવામાં આવે છે. શહેરમાં અંદાજે ૮૦૦૦ની વસતી ધરાવતા આ સમાજે રહેણાંક ઉપરાંત દેરાસર, ઉપાશ્રય, વાડીની સુવિધા પણ વાણિયાવાડમાં જ વિકસાવી છે. ખાસ કરીને પાંચમી પેઢી અત્યારે અહીં વસી રહી છે અને કારોબાર કરી રહી છે. ૧૫૦થી વધુ દુકાનોમાં મોટાભાગની દુકાનો કાપડની છે અને તેમાં રોજગારી પણ આપવામાં આવી રહી છે.

ચૈત્ર સુદ-૧૩ના મંગળવારે મહાવીર જન્મ કલ્યાણક પ્રસંગે સમગ્ર સમાજે પાંખી પાળેલ અને દર વર્ષની જેમ નીકળતી પરંપરાગત રથયાત્રા આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ સમાજ ભુજમાં રહીને સમગ્ર કચ્છમાં જીવદયાના અનેક પ્રકલ્પો સાથે સક્રિયપણે સંકળાયેલો છે અને જીવદયાને જ પોતાના કુળદેવી ગણાવે છે.

*(તા. ૫-૪-૨૦૨૩)*

## માટુંગામાં મુનિ મહેન્દ્રએ અંતિમ શ્વાસ લીધા મૂળ ભુજના અને આચાર્ય તુલસીના શિષ્ય કાળધર્મ પામ્યા

મૂળ ભુજના અને આચાર્ય તુલસીના શિષ્ય માટુંગામાં કાળધર્મ પામતાં કચ્છી ગૂર્જર જૈન સમાજમાં શોકની લાગણી પ્રસરી હતી. આચાર્ય તુલસીના શિષ્ય મહેન્દ્રભાઈ શાહે ૧૯૫૮માં દીક્ષા અંગીકાર કરી હતી. તેમના પિતા જેઠાલાલભાઈ ભારત બીજલી (હાલની BEST) કંપનીના સ્થાપક - માલીક હતા. દીક્ષિત થયા બાદ આચાર્ય તુલસીના વડામથક ઝુનઝુનુ (રાજસ્થાન) ખાતે જ રહ્યા હતા અને હાલ એ મહાસંઘના વરિષ્ઠ સંત તેમજ આચાર્ય તુલસીના ઉત્તરાધિકારી મહાશ્રમણના પ્રથમ શિષ્ય બન્યા હતા.

જૈન શાસ્ત્રોમાં ઊંડા અધ્યયન દ્વારા અસંખ્ય તર્કગ્રંથો લખ્યા હતા. બહુશ્રુત પરિષદના સંયોજક, મુનિ મહેન્દ્ર કુમારજી જૈન તેરાપંથ ધર્મસંઘના મહાન સંત હતા. જૈન આગમ સાહિત્યમાં તેમનું અદ્‌ભુત યોગદાન હતું. પ્રેક્ષા ધ્યાન, જીવન વિજ્ઞાનના પ્રસારમાં એમનું અનુપમ યોગદાન હતું. બહુમુખી વ્યક્તિત્વ ધરાવતા મુનિના અવસાનથી માત્ર તેરાપંથ ધર્મસંઘને જ નહીં પરંતુ જૈન ધર્મને પણ ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

*(તા. ૬-૪-૨૦૨૩)*

## સરહદી ગામોમાં... બાળકો ખુલ્લામાં અભ્યાસ કરવા મજબૂર

છેવાડાના લખપત તાલુકાને વિકાસશીલ તાલુકાનો દરજ્જો આપવામાં આવ્યો છે પણ શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાનો અભાવ જોવા મળે છે. તાલુકાના કલરાવાંઢમાં છેલ્લા ૫ વર્ષથી પ્રાથમિક શાળાનું મકાન બનાવવાની રજૂઆતો થાય છે જે સંતોષાતી ન હોવાથી બાળકો ખુલ્લામાં અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

કોટડા મઢ ગ્રામ પંચાયત તળે આવતા આ ગામની પ્રાથમિક શાળા માતાના મઢ પ્રાથમિક ગ્રુપ શાળા તળે આવે છે. ધોરણ ૧ થી ૫ માટે પ્રાથમિક શાળા ચલાવાય છે પણ માલિકીનું કે ભાડાનું મકાન ન હોતાં વિદ્યાર્થીઓને ક્યારેક વૃક્ષ નીચે તો ક્યારેક ખુલ્લામાં અભ્યાસ કરવો પડે છે. બાળકોની અવદશા બાબતે કેટલાક વાલીઓએ કચવાતા સ્વરે કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી શાળાનું મકાન બનાવવા રજૂઆત થઈ રહી છે, પણ યોગ્ય પગલા ભરવામાં આવતા નથી.

બોર્ડર વિસ્તારમાં શાળાઓની દયનીય સ્થિતિ છે.

સરહદી તાલુકામાં દરિયા કિનારે તથા બોર્ડર વિસ્તારમાં પણ અનેક શાળાઓની દયનીય સ્થિતિ છે. અહીં પણ ક્યાંક માળખાકીય સુવિધા તથા શાળાઓમાં શિક્ષકોની ઘટ છે.

લખપતમાં દાયકાથી પ્રા. શિક્ષણાધિકારી નથી. ૧૦૭ શાળામાં ૪૮૪ શિક્ષકના મહેકમ સામે ૩૯૨ ફરજ બજાવે છે. ૧૦ શાળા એવી છે જ્યાં માત્ર એક શિક્ષકના શિરે તમામ ધોરણોના અભ્યાસની જવાબદારી છે. ધ્રાંગણાવાંઢમાં શાળાનું મકાન ન હોતાં બાળકો મદ્રેસામાં અભ્યાસ કરે છે. ચાર શાળામાં એક પણ શિક્ષક ન હોતાં વૈકલ્પિક વ્યવસ્થામાં આવતા શિક્ષકો શિક્ષણ આપે છે.

*(તા. ૭-૪-૨૦૨૩)*

## ૩૦ મિનિટમાં વિશ્વનો સૌથી મોટો ૨.૬૫૬ કિ.ગ્રા. વજનનો વડાપાઉં બનાવાયો

ભુજના મંગલમ ચાર રસ્તા પાસે વડાપાંઉ, ભજીયાની લારી ધરાવતા કારીગરે માત્ર ૩૦ મિનિટમાં વિશ્વનો સૌથી મોટો ૨.૬૫૬ કિલોગ્રામનો વડાપાઉં બનાવી, વિક્રમ સર્જી લોકોને પીરસ્યો

હોવાથી હાલ ચર્ચામાં છે.

સંદીપ વડાપાઉં નામની લારી ધરાવનારા સંદીપભાઈના પુત્ર દેવ બુદ્ધભટ્ટીએ પિતાની પ્રેરણાથી અનોખું કંઈક કરવાની ઈચ્છા સાથે એક પ્રયોગ કર્યો હતો. જેમાં માત્ર ૩૦ મિનિટમાં વિશ્વનો સૌથી મોટો વડાપાઉં બનાવી કચ્છની જનતાને પીરસ્યો હતો અને રેકોર્ડ બનાવ્યો હોવાનો દાવો કર્યો હતો. જેના અનુસંધાને રાજસ્થાનની ઈન્ફ્લ્યુએન્ઝર સંસ્થા દ્વારા વર્લ્ડ રેકોર્ડ અને મધ્ય પ્રદેશની સોશિયલી પોઈન્ટ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરી સખત મહેનત અને આવડતને બિરદાવી હતી.

*(તા. ૧૦-૪-૨૦૨૩)*

## કચ્છની કેસર કેરી આ વખતે મોંઘી બનશે!

આ વર્ષે જિલ્લામાં કમોસમી માવઠાના કારણે કેરીનો ફાલ ખરી જતા ૫૦થી ૬૦ ટકા નુકસાનીનો અંદાજ છે. જેના કારણે ઉત્પાદન ઓછું હોઈ ભાવ વધુ રહેવાની સંભાવના છે. ગત વર્ષે જિલ્લામાં ૮૫ હજાર મેટ્રીક ટન ઉત્પાદન થયું હતું. આ વખતે તે ૪૦થી ૪૫ હજાર મેટ્રીક ટનની આસપાસ રહેશે.

ગત વર્ષે ખેડૂતોને કેરીના ૫૦-૬૦થી ૧૨૫ રૂપિયા સુધીના ભાવ મળ્યા હતા પણ આ વખતે કેરીના કિલોદીઠ ભાવ ૭૦-૮૦થી શરૂ થવાની શક્યતા છે.

૧ ઝાડ પરથી સામાન્ય રીતે ૧૦ થી ૭૦ કિલો જેટલી કેરી મળી રહે છે. જો કે આ વખતે પાક ખરી ગયો હોઈ ઝાડ પરથી મળી આવતી કેરીનું ઉત્પાદન પણ ઘટશે.

મે ના મધ્ય બાદ આવતી કેરી જ કચ્છની કેસર કેરી છે.

*(તા. ૧૦-૪-૨૦૨૩)*

## વિક્રમી ફળ ઉત્પાદન સાથે કચ્છ રાજ્યમાં દ્વિતીય

**બાગાયતી ખેતીમાં આણંદ રાજ્યના અન્ય જિલ્લાઓથી સૌથી આગળ ● ૯.૬૦ લાખ મેટ્રીક ટન ઉત્પાદન ● એક વર્ષમાં શાકભાજીમાં પાડોશી જિલ્લો બનાસકાંઠા, ફૂલમાં આણંદ મોખરે**

કચ્છના ખેડૂતો બાગાયતી ખેતી ક્ષેત્રે કાઠું કાઢી રહ્યા છે અને ૨૦૨૧-૨૨ના વર્ષમાં આ સૂકો મૂલક ૯.૬૦ લાખ મેટ્રીક ટન ફળના ઉત્પાદન સાથે આણંદ બાદ દ્વિતીય સ્થાને રહ્યો હતો. જો કે શાકભાજી, મસાલા અને ફૂલના ઉત્પાદનમાં ખૂબ જ પાછળ છે. રાજ્યમાં સૌથી ઓછા વરસાદવાળા કચ્છમાં જ્યાં પીયત માટેની પૂરતી વ્યવસ્થા છે તે વિસ્તારના ખેડૂતો અવનવા પ્રયોગો કરી બાગાયતી ખેતી ક્ષેત્રે સફળતા મેળવી છે. ૨૦૨૧-૨૨ના વર્ષમાં ફળના ઉત્પાદનમાં આણંદ ૯,૮૧,૬૭૮ મેટ્રીક ટન ઉત્પાદન સાથે મોખરાના સ્થાને હતું. ત્યારબાદ ૯,૬૦,૪૬૬ મેટ્રીક ટન સાથે કચ્છ બીજા નંબરે અને તૃતીય સ્થાને રહેલા ભરૂચ જિલ્લામાં ૮,૯૧,૨૭૦ મે.ટન ઉત્પાદન થયું હતું.

કચ્છમાં નાળિયેરનું ૧૧,૭૯૬ મે.ટન ઉત્પાદન થયું હતું. કચ્છના ખેડૂતો દ્વારા ઈસબગુલનું વાવેતર વધુ કરાય છે. જે મુજબ ઉત્પાદનની વાત કરીએ તો ૪,૮૩૦ મે. ટન ઉત્પાદન સાથે કચ્છ રાજ્યમાં અવ્વલ સ્થાને રહ્યું હતું. દ્વિતીય સ્થાને રહેલા બનાસકાંઠામાં ૪,૧૧૫ મે.ટન જ્યારે તૃતીય સ્થાને પાટણમાં ૨,૯૩૫ મે.ટન ઉત્પાદન થયું હતું.

દાડમ, ખારેક, પપૈયામાં કચ્છ અવ્વલ.

ફળોના ઉત્પાદનમાં કચ્છ આણંદ બાદ ભલે ને બીજા સ્થાને હોય પરંતુ જિલ્લામાં દાડમ ૩,૦૬,૩૦૧ મે. ટન, કચ્છી મેવો ખારેક ૧,૮૧,૧૭૨ મે.ટન અને પપૈયાનું ૧,૯૩,૯૯૭ મે.ટન ઉત્પાદન થયું હતું, જે રાજ્યમાં સૌથી વધુ હતું. કચ્છ જિલ્લાએ આંબાનું ૮૭,૬૮૦ મે.ટન, કેળા ૧,૪૮,૭૯૪ મે.ટન ઉત્પાદન કર્યું હતું.

*(તા. ૧૫-૪-૨૦૨૩)*

## ક્વીઝ સ્પર્ધાનું આયોજન : ભુજના રીજનલ સાયન્સ સેન્ટર ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા 'ગુજરાત STEM ક્વિઝ 2.0' યોજાઈ

ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (DST)ના નેજા હેઠળ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ગાંધીનગર દ્વારા ભુજના સ્મૃતિવન રીજનલ સાયન્સ સેન્ટર ખાતે ભારતની સૌથી મોટી STEM ક્વિઝ ૨.૦ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છ જિલ્લાની 'ગુજરાત STEM ક્વિઝ ૨.૦'નો પ્રથમ રાઉન્ડ ૧૬ એપ્રિલના રોજ બપોરે ૧૨ થી ૨ વાગ્યા દરમિયાન ઓનલાઈન માધ્યમથી યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે STEM (Science, Technology, Engineering અને Mathematics) ક્વિઝમાં કચ્છ જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ના ૨૧,૭૮૪ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કર્યું હતું.

જિલ્લા કક્ષાની સ્પર્ધામાં કચ્છ જિલ્લાના દરેકે દરેક

તાલુકામાંથી ૧૦-૧૦ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. જે રાજ્ય કક્ષાએ ક્વિઝમાં ભાગ લેશે. વિજેતા વિદ્યાર્થીઓને ટેલીસ્કોપ, રોબોટીક્સ કીટ, ડ્રોન કીટ, ટેબ્લેટ, લેપટોપ વગેરેના ઇનામો આપવામાં આવશે તથા ઇસરો, ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર, પ્લાઝમા રીસર્ચ સેન્ટર જેવી ખ્યાતનામ સંસ્થાઓની મુલાકાત લેવાનો અવસર પણ મળશે.

રીજનલ સાયન્સ સેન્ટર ભુજ ખાતે ભુજ તાલુકાના વિદ્યાર્થીઓ ગુજરાત સ્ટેમ ક્વિઝ ૨.૦ સ્પર્ધા આપી શકે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. સેન્ટર પર આવી પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને સાયન્સ સેન્ટરની વિવિધ ગેલેરીઓની વચ્ચે સેન્ટરના રમણિય વાતાવરણમાં ઓનલાઈન પરીક્ષા આપવાનો મોકો મળ્યો હોવાનું ડૉ. રાજેન્દ્ર પટેલ, રીજનલ સાયન્સ સેન્ટરના ડાયરેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

*(તા. ૧૬-૪-૨૦૨૩)*

## કચ્છ યુનિવર્સિટીના કુલપતિ એન.સી.સી.ના કર્નલ બન્યા

'આજે મને એન.સી.સી.ના કર્નલ કમાન્ડરની પદવીથી સન્માનવામાં આવ્યા છે. આ ક્ષણ મારા જીવનની યાદગાર પળ છે. હવે કચ્છની તમામ કોલેજોમાં એન.સી.સી. યુનિટ શરૂ થાય અને જિલ્લામાં એન.સી.સી.ના એર, આર્મી અને નેવલ યુનિટ કાર્યરત થાય તેવી ઇચ્છા છે અને આ માટે પ્રયાસો કરવામાં આવશે." તેવું કર્નલ કમાન્ડર અને યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જયરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

કચ્છ નહીં પણ સમગ્ર રાજ્યમાં આજદિન સુધી કોઈ કુલપતિને કર્નલ કમાન્ડન્ટની પદવી મળી નથી. કચ્છ યુનિવર્સિટીના કુલપતિને આ ઉપાધિ મળી છે તે ખરેખર કચ્છ માટે ગર્વની ક્ષણ છે. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. જાડેજાએ કરેલા એન.સી.સી.ના કાર્યો અને યુનિવર્સિટીને આગળ લઈ આવવા થયેલા કામોની કદરરૂપે તેઓને આ સર્વોચ્ચ સન્માન મળે એ માટે પૂર્વ કમાન્ડિંગ ઓફિસર કર્નલ પ્રતિમ હેમ્બ્રોમ દ્વારા ભારત સરકારમાં વી.સી.ના નામની દરખાસ્ત કરવામાં આવી હતી.

જ્યાં ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ દ્વારા ગુજરાતમાં પ્રથમ વખત ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. જયરાજસિંહ જાડેજાને એન.સી.સી. માટે તેમણે આપેલા યોગદાનની કદરના ભાગરૂપે માનદ્ કર્નલની ઉપાધિથી સન્માનિત કરવાનો નિર્ણય લેવાયો હતો. સોમવારે કર્ટહોલમાં આયોજિત પાઈપીંગ સેરેમનીમાં જામનગરથી આવેલા એન.સી.સી. ૩૬ ગ્રુપ કમાન્ડર એચ.કે. સિંઘ અને કર્નલ વી.કે. જૈનના હસ્તે માનદ્ કર્નલની પદવી અપાઈ હતી. ગાર્ડ ઑફ ઑનર આપીને સન્માન પણ કરાયું હતું. હાલે કચ્છની ૪૫માંથી ૧૩ કોલેજમાં એન.સી.સી. થાય છે.

*(તા. ૧૭-૪-૨૦૨૩)*

## ગાંધીધામના ઉદ્યોગપતિએ તથાસ્તુ વિદ્યાપીઠને આપ્યું રૂપિયા ૫૩ લાખનું દાન

ભચાઉ તાલુકાના છાડવારામાં ચાલતી કથામાં ગાંધીધામના ઉદ્યોગપતિએ માતબર રકમની જાહેરાત કર્યા બાદ અમરેલીના વિદ્યાસંકુલ માટે દાનની રકમ અર્પણ કરી હતી. કચ્છમાં આવતી કોઈપણ આપદામાં અને અનેક સેવાકીય પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન આપનારા ગાંધીધામના જાણીતા ઉદ્યોગપતિ અને દાનવીર હુંબલ પરિવાર દ્વારા રૂપિયા ૫૩ લાખના દાનની જાહેરાત કરવામાં આવી હતી, જે દાનની રકમ કથાકાર જીજ્ઞેશ દાદાની આગેવાનીમાં ચાલતા તથાસ્તુ વિદ્યાપીઠને અર્પણ કરવામાં આવી હતી.

*(તા. ૧૯-૪-૨૦૨૩)*

## દ્વિ-શતાબ્દી મહોત્સવમાં એન.આર.આઈ. સત્સંગીઓની રોકાણ વ્યવસ્થા સ્થાનિક સત્સંગીઓએ સાચવી લીધી

ભુજમાં નરનારાયણ દ્વિ-શતાબ્દિ મહોત્સવ શરૂ થતા દુનિયાભરમાંથી હરિભક્તો ઉમટી પડ્યા છે. સ્વામિનારાયણ મંદિરના ઉતારા તો છે પરંતુ તેમની અતિથિઓ સાચવવા માટેની ક્ષમતા કરતા અનેકગણા મહેમાનો આવ્યા છે. માટે ભુજ અને આસપાસ રહેતા સ્થાનિક સત્સંગીઓએ તેમના ખાલી મકાન, બંગલા કે રૂમો સુધ્ધાં બહારથી આવેલા અતિથિઓ માટે ખોલી નાખ્યા છે. સેવાભાવ માટે જાણીતા સત્સંગીઓએ આ પ્રસંગે સ્વયં જવાબદારી લઈ લીધી છે.

સ્વામિનારાયણ મંદિર દ્વારા નૂતન મંદિરના ઉદ્ઘાટન બાદ આ સૌથી મોટો કાર્યક્રમ યોજાયો છે. દેશ વિદેશના સત્સંગીઓને મંદિરે આમંત્રણ આપી કાર્યક્રમમાં ભાગ લેવા માટે બોલાવ્યા છે. મોટેભાગે પટેલ ચોવીસીમાં આવતા એન.આર.આઈ. અને સગા સંબંધીઓ સચવાઈ જાય, પરંતુ બીજા અન્ય મહેમાનોને રોકાણ વ્યવસ્થા મંદિરે કરી આપી છે. આ માટે ખાસ સમિતિ બનાવી અને ભુજ અને ભુજ આસપાસમાં ઉપલબ્ધ મકાન રોકાણ વ્યવસ્થા સાથે તૈયાર રાખવામાં આવ્યા છે.

ભુજમાં કોલોની વિસ્તાર, માધાપર, મીરજાપર, માનકુવા સુધી મકાનો અને ફાર્મ હાઉસ અને મોંઘાદાટ વિલા પણ ૧૦થી ૧૫ દિવસ માટે અલાયદા રાખ્યા છે. જો કે હાલ બ્રિટન, યુરોપીય

દેશો કે અન્ય દેશોમાં વેકેશન ન હોતાં મોટાભાગના એન.આર.આઈ. માત્ર કાર્યક્રમ પૂરતા ૮ થી ૧૦ દિવસ માટે જ આવ્યા હોવાના સમાચાર મળે છે, જે કાર્યક્રમ પૂર્ણ થતા તરત નીકળી જશે.

*(તા. ૧૯-૪-૨૦૨૩)*

## અંજારના માવજી મહેશ્વરીના 'ઝાંપો'ને રમણલાલ વસંતલાલ દેસાઈ એવોર્ડ

ગોધરાના કુમાર આર્ટસ ફાઉન્ડેશન તરફથી વર્ષ ૨૦૨૧ માટે જાહેર કરાયેલા વિવિધ ઍવોર્ડ પૈકી ટૂંકી વાર્તાનો ઍવોર્ડ કચ્છના લેખકને ફાળે આવ્યો હતો. ગોધરાની સંસ્થા કુમાર આર્ટસ ફાઉન્ડેશન પ્રતિવર્ષ વિવિધ સ્વરૂપનાં પ્રગટ થયેલા પુસ્તકોને ઍવોર્ડ આપે છે.

૨૦૨૧ના વર્ષ માટે જાહેર થયેલા ઍવોર્ડ પૈકી ટૂંકી વાર્તાનો રમણલાલ વસંતલાલ દેસાઈ ઍવોર્ડ કચ્છના જાણીતા લેખક માવજી મહેશ્વરીને તેમના ટૂંકી વાર્તાના સંગ્રહ 'ઝાંપો'ને અપાયો છે. અત્રે એ નોંધનીય છે કે લેખકના 'સોન ટેકરી' પુસ્તકને ગુજરાત સાહિત્ય પરિષદનું પારિતોષિક પણ મળી ચૂક્યું છે. તા. ૭-૫ના ગોધરા ખાતે ઍવોર્ડ વિતરણ સમારોહ યોજાશે. જેમાં વિવિધ વિજેતા સાહિત્યકારોનું શાલ, સન્માનપત્ર અને રોકડ રાશિ દ્વારા સન્માન કરવામાં આવશે, એવું સંસ્થા વતી કુમાર જૈમિની શાસ્ત્રીએ જણાવ્યું હતું.

*(તા. ૨૦-૪-૨૦૨૩)*

## માંડવીની આગવી ઓળખ 'તકલાદી' : માર્ગ પર ગ્રેનાઇટ, મારબલ ઉખડી ગયા

### કામની નબળી ગુણવત્તાના ફોટો સોશિયલ મીડિયામાં ચગ્યા

માંડવીમાં ગૌરવપથ પર પ્રવાસીઓને આકર્ષવા માટે અઢી વર્ષ પહેલા ૨.૭૫ કરોડના ખર્ચે 'આગવી ઓળખ'ના નામે સ્વપ્ન સમાન પ્રકલ્પ શરૂ કરાયો હતો. આ કામ લેનારા ઠેકેદાર અને સુધરાઈના સદસ્યો વચ્ચે તાલમેલ ન રહેતાં કામની ગુણવત્તા જળવાઈ ન હોય તેમ બાંકડા તેમજ અન્ય સ્થળે લગાવાયેલા ગ્રેનાઇટ અને મારબલ ઉખડી જતાં ચર્ચાનો વિષય બન્યા છે.

મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની રકમમાંથી તા. ૨૦-૧૧-૨૦૨૦ના કામ શરૂ કરવા વર્ક ઓર્ડર અપાયો હતો પણ કામ શરૂ થતાં જ કેટલાક નગરસેવક અને ઠેકેદાર વચ્ચે તાલમેલ ન રહેતાં બંધ કરી દેવાયું હતું. *(તા. ૨૦-૪-૨૦૨૩)*

## શહેરો તરફ પ્રયાણ : શિક્ષણ, આરોગ્યની સુવિધા ન મળતાં નીરોણા પંથકના લોકોનું શહેર તરફ પ્રયાણ

નીરોણા સહિત પાવરપટ્ટી પંથકમાં આરોગ્ય, શિક્ષણની પૂરતી સગવડોના અભાવે લોકો હવે શહેરો તરફ પ્રયાણ કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોમાંથી અમુક જ્ઞાતિના પરિવારોના દીકરા-દીકરીના સગપણ સહિતના સામાજિક પ્રશ્નોને લઇને પણ લોકોએ શહેરો તરફ દોટ મૂકી છે.

પાવરપટ્ટીના નીરોણા, ઢોરી, સુમરાસર (શેખ), નીરોણા, ઝુરા, પાલનપુર (બાડી), અમૃતફાર્મ, અમરગઢ, વંગ, દેવીસર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂતળમાં ક્ષારનું પ્રમાણ વધતાં બોર કે કૂવાના પાણીથી ખેતી મુશ્કેલ બની છે. નીરોણા, સુમરાસર, ઢોરીમાં ધોરણ-૧૧, ૧૨ના વર્ગો ચાલે છે, જેમાં નીરોણામાં રૂમની વ્યવસ્થા નથી જ્યારે સુમરાસર (શેખ)માં કાયમી શિક્ષકો ન હોવાથી પ્રવાસી શિક્ષકોના સહારે વર્ગો ચાલે છે.

વધુમાં આ પંથકમાં ટેકનિકલ શિક્ષણ માટેની સંસ્થા નથી. જિલ્લા કે તાલુકા મથકોએ ઉચ્ચ શિક્ષણ માટે જતા છાત્રોને પરિવહનની અપૂરતી અને અનિયમિત સુવિધાના કારણે અનેક તકલીફો વેઠવી પડી રહી છે.

*(તા. ૨૨-૪-૨૦૨૩)*

## ભૂકંપ બાદ વ્હોરા સમાજ ફિનિક્સ પંખીની માફક ઉભું થયું

જૂની માર્કેટના ચોક ફળિયાથી સીધી લીટીમાં આગળ વધીએ એટલે ચાવડી પોલીસ ચોકીની સામે ધોળા બગલા જેવા ચોખ્ખા ઝભ્ભા અને ઝીણી કારીગરીવાળી ટોપી પહેરીને બેઠેલા અને ધીમા સૂરોમાં આનંદ સાથે વાત કરતાં વેપારીઓ એટલે દાઉદી વ્હોરા. એમની દુકાનોમાં નાના મોટા રોજબરોજની જરૂરિયાતના ટાંચા સાધનો મળી જાય અને એ પણ વાજબી ભાવે. જૂના ભુજને ભૂકંપ ભરખી ગયો પરંતુ વ્હોરા પરિવારોએ મક્કમ રીતે રહેણાંક વસાહત ઉભી કરવા સહિતના સામાજિક અને ધંધાકીય આયામો યથાવત્ રાખીને ભુજની ૧૦૦ વર્ષ જૂની બજારની ઓળખ સાચવવાનું પણ કામ કર્યું છે. રાખમાંથી ઉભા થતા ફિનિક્સ પંખીની માફક વ્હોરા બજારમાં લોકોપયોગી કારોબાર યથાવત રહ્યો છે, વ્યવસાયનો વ્યાપ વધ્યો છે.

'જે વસ્તુ ક્યાંય ન મળે તે વ્હોરાજીની દુકાને મળી જાય' તેવું બાળપણથી સાંભળ્યું છે. મતલબ નાની સોય કે સ્ક્રુથી લઇને તગારા કે તંબુના કાપડ સુધી વ્હોરાની દુકાને મળે. શરાફ બજારને અડીને આવેલી આ બજાર ૧૦૦ વર્ષ પહેલાથી છે. શરૂઆતમાં

પ્રાયમસ રીપેરીંગ જેવા કારીગરી કરતાં પ્રમાણિક ધંધાર્થીઓ દાઉદી વ્હોરા વડાના આદેશથી વ્યવસાય તરફ વળ્યા અને વ્યાપ પણ વધારતા ગયા. ધરતીકંપ બાદ અન્ય સમાજના વેપારીઓ કોટ બહાર નીકળ્યા, પણ આ સમાજના વેપારીઓ શરાફ બજાર, વોરા બજાર અને ડાંડા બજારમાં કાયમ રહ્યા. અંદાજે ૬૦ વેપારીઓ હશે કે જેમનો વેપાર આજે ચોથી પેઢી સંભાળતી હોય.

૨૦૦૧ના ભૂકંપમાં ભુજમાં વસતા દાઉદી વ્હોરા પરિવારના અનેક રહેણાંકો ધ્વસ્ત થયા. મુંદ્રા રોડ પર માત્ર સમાજના લોકો માટેની 'મસ્કીન એ નુરીયા' વ્હોરા કોલોની બનાવવામાં આવી અને મોટાભાગના ત્યાં રહેવા ગયા.

**શહેરમાં વસતા ૨૦૦ પરિવારમાંથી બધા જ લોકો એક રસોડે જમે છે. ૯૫ ટકા લોકો વેપાર કરે છે અને શહેરની અંદર જ્યાં આઠ કે દસ દાયકાથી દુકાનો ચાલે છે ત્યાં જ વેપાર કરે છે.**

*(તા. ૨૪-૪-૨૦૨૩)*

## નિકાસ કરતા ટોપ-૧૦ જિલ્લાઓમાં કચ્છ ૨૯ ટકાના વધારા સાથે કચ્છમાંથી વિક્રમી ૭૯૦૦ મિલિયન ડોલરના સામાનની નિકાસ

કોરોના બાદ ભારતનું અર્થતંત્ર ફરી પાટા પર ચડી ગયું છે. તેની સાબિતી દેશની નિકાસ પરથી મળે છે. દેશની સાથે કચ્છ અને ગુજરાતમાંથી પણ નિકાસમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે. **વર્ષ ૨૦૨૨-૨૩ના જાન્યુઆરી માસ સુધી કચ્છમાંથી ૨૯.૬૧ ટકાના વધારા સાથે અધધ ૭૯૦૦.૩૭ મિલિયન ડોલરની નિકાસ કરાઈ છે! જ્યારે ગુજરાતમાંથી આ સમયગાળામાં ૧,૨૩,૯૦૫ મિલિયન ડોલરની નિકાસ કરાઈ છે. દેશની કુલ નિકાસમાં ગુજરાતનું પ્રદાન ૩૩.૩૦ ટકા અને કચ્છનું પ્રદાન ૨.૧૨ ટકા છે.**

આમ, કચ્છમાંથી નિકાસમાં ૨૯ ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. દેશમાં નિકાસમાં ટોપ ૧૦ જિલ્લાઓમાં કચ્છ ૧૦મા ક્રમાંકે છે. દેશના સરકારી અને ખાનગી ક્ષેત્રના સૌથી બે મોટા પોર્ટ કચ્છમાં આવેલા છે. કાર્ગો હેન્ડલિંગની દૃષ્ટિએ કચ્છના બંદરો પ્રથમ ક્રમાંકે છે.

*(તા. ૨૪-૪-૨૦૨૩)*

## કચ્છની ટપાલ કચેરીઓમાં ઠલવાયા ૩૧.૩૮ અબજ

**કચ્છની ટપાલ કચેરીઓમાં વિવિધ યોજનાઓ હેઠળ એક જ વર્ષમાં ખાતેદારોએ ૩૧.૩૮ અબજ રૂપિયા ઠલવ્યા હતા. જેની સામે ૨૮.૭૨ અબજનો ઉપાડ થયો હતો.** હિસાબી વર્ષ દરમિયાન સૌથી વધુ જિલ્લા મથક ભુજની હેડ ઓફિસમાં ૨,૩૫,૯૩૧ ત્યારબાદ ગાંધીધામમાં ૧,૧૦,૭૨૪ વખત જમા-ઉપાડના વ્યવહારો થયા હતા.

સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ટપાલ વિભાગની વિવિધ યોજનાઓ જેવી કે, મંથલી ઈન્કમ સ્કીમ, નેશનલ સેવિંગ સ્કીમ, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ, રીકરીંગ ડિપોઝીટ, સેવિંગ બેંક, સિનિયર સિટીઝન સેવિંગ સ્કીમ, સુકન્યા સમૃદ્ધિ યોજના, ટાઈમ ડિપોઝિટ, કિસાન વિકાસપત્ર, નેશનલ સેવિંગ સ્કીમ વગેરેમાં કચ્છના અંદાજિત ૬૫૬થી વધુ ખાતેદારોએ રૂા. ૩૧.૩૮ અબજ વિવિધ પોસ્ટ કચેરીઓમાં ઠાલવ્યા હતા, જેની સામે રૂા. ૨૮.૭૨ અબજનો ઉપાડ થયો હતો.

પટેલ ચોવીસીમાં વિદેશી હુંડિયામણ : સૌથી વધુ માધાપરમાં ૨.૩૮ અબજનું રોકાણ.

**ભુજ તાલુકાના પટેલ ચોવીસીના ગામોના મોટી સંખ્યામાં લોકો ધંધાર્થે વિદેશમાં સ્થાયી થયા છે અને વિદેશી હુંડિયામણ કચ્છની બેંકો તેમજ ટપાલ કચેરીઓમાં ઠાલવી રહ્યા છે.**

*(તા. ૨૪-૪-૨૦૨૩)*

## દ્વિ-શતાબ્દિ મહોત્સવમાં ભાગવતજી...

ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજિત દ્વિ-શતાબ્દિ મહોત્સવનો પાંચમો દિવસ અદ્દ્ભુત રહ્યો હતો. સવારના ભાગમાં મહંત સ્વામી ધર્મનંદનદાસ સહિતના વડીલ સંતોના હસ્તે ત્રણ કીર્તનોના આલ્બમનું વિમોચન કરવામાં આવ્યું હતું. સ્વામિનારાયણ સંપ્રદાયમાં એક, બે, દસ નહીં પણ હજારોની સંખ્યામાં કીર્તનો છે. ભક્તિ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યપણે નંદ સંતોએ આ કીર્તન બનાવી આપ્યા છે. સંગીતથી લોકોને કર્ણપ્રિય બને એવા અદ્દ્ભુત દિવ્ય પ્રયાસો દ્વિ-શતાબ્દિ મહોત્સવની ઉપલક્ષમાં થયા છે.

ભવ્ય મહોત્સવમાં સામેલ થવા પધારેલા આર.એસ.એસ.ના સંચાલક મોહન ભાગવતે પોતાના ઉદ્દ્બોધનમાં નરનારાયણ દેવને યાદ કરીને કહ્યું કે, નરનારાયણ દેવના કારણે કચ્છ ઓળખાય છે. નરનારાયણ દેવ માત્ર કચ્છના રાજાધિરાજ નહીં પણ સમગ્ર ભારતખંડના રાજાધિરાજ છે. નર છે ત્યાં નારાયણ છે, ત્યાં જ વિજય છે, ત્યાં જ ભક્તિ છે, ત્યાં જ સુખ છે, ત્યાં જ સંપત્તિ છે. નરનારાયણ દેવથી જ કચ્છની ઓળખાણ છે અને કચ્છ ભારત દેશનો અભિન્ન અંગ છે.

*(તા. ૨૪-૪-૨૦૨૩)*

# વિજ્ઞાન જગત / માહિતી જગત

● સંકલન : રસીકલાલ ખીમજી મહેતા ●

## સમુદ્રની અલૌકિક સૌંદર્ય સૃષ્ટિ : પરવાળાના ટાપુઓ

પૃથ્વી પર પર્વતો, નદીઓ, જંગલો અને દરિયા કિનારાની એક અલગ સૌંદર્ય સૃષ્ટિ છે. સમુદ્રમાં પણ ઘણી ભૌગોલિક રચનાઓ અદ્‌ભુત હોય છે. તેમાં પરવાળાના ટાપુ કે કોરલ રીફ સૌથી વધુ સૌંદર્ય સ્થાન છે.

દરિયામાં રહેતા નાના કોમળ જીવો પોતાના રક્ષણ માટે શરીર ફરતે સખત શંખ અને છીપલાનું આવરણ બનાવતા હોય છે. આ જીવડાના શરીરમાં જાતજાતના આવરણો હોય છે. આ જીવો નાશ પામે ત્યારે દરિયાકાંઠે તેના અવશેષો જમા થાય છે. દરિયાના પાણીના મોજા આ અવશેષો કાંઠે ધકેલી, એક વિશિષ્ટ રચના ઊભી કરે છે. વર્ષોની આ પ્રક્રિયાથી સમુદ્રમાં કેટલાક સ્થળે આવા અવશેષો જમા થઈને વિશાળ ટાપુઓ બનેલા છે. તેને પરવાળાના ટાપુ કે કોરલ રીફ કહે છે. પરવાળાના ટાપુ મોટેભાગે કેલ્શિયમ કાર્બોનેટના થરના બનેલા ખડકો હોય છે, પણ રંગબેરંગી હોય છે. દરિયા કિનારાને અડીને બનેલા ટાપુને બેરિયર રીફ કહે છે. ભારત નજીક ઈન્ડો પેસીફિક સમુદ્રમાં ૩,૪૪,૩૦૦ ચોરસ કિ.મી.ના વિસ્તારમાં રંગીન કોરલ રીફ આવેલા છે. તેને ગ્રેટ બેરીયર રીફ કહે છે.

ઓસ્ટ્રેલિયા નજીક ૨૩૦૦ કિ.મી.ના વિસ્તારમાં ૯૦૦ જેટલા પરવાળાના ટાપુઓનો સમૂહ ગ્રેટ બેરિયર રીફ વિશ્વપ્રસિદ્ધ છે. અવકાશમાં ફરતા સેટેલાઈટમાંથી પૃથ્વી પર નજરે દેખાય તેવી આ એક જ સૌંદર્ય સૃષ્ટિ છે. કોરલ રીફની આસપાસના સમુદ્રમાં રંગબેરંગી માછલીઓ અને જળચરોની પણ વિશિષ્ટ દુનિયા હોય છે.

## ચંદ્રની ધરતી પર ભૂકંપ

પૃથ્વી પર થતા ભૂકંપની જેમ ચંદ્રની ધરતી પર પણ ભૂકંપ થતા રહે છે. પૃથ્વી કરતાં ભૂકંપની સંખ્યા અને તીવ્રતાની માત્રા બહુ ઓછા પ્રમાણમાં છે. ચંદ્ર પર થતા ભૂકંપને ખગોળશાસ્ત્રીઓ મૂન ક્વેક કહે છે.

નાસાના અભ્યાસ પ્રમામે ચંદ્ર પર સૂર્યની પ્રચંડ ગરમીથી ભૂતળ વિસ્તાર પામે ત્યારે ભૂકંપ સર્જાય છે. ચંદ્ર પર દિવસ દરમિયાન ૨૮૦ ડિગ્રી તાપમાન થતાં ખડકો વિસ્તાર પામે છે અને રાત્રે તે ઠંડા પડે ત્યારે ભૂકંપ જેવી હલચલ મચે છે. ચંદ્ર પર કોઈ અવકાશી પદાર્થ કે લઘુ ગ્રહ અથડાય ત્યારે પણ ભૂકંપ થાય છે. ચંદ્ર પર થતા ભૂકંપ ૧૦ મિનિટ ચાલે છે. ૧૯૭૨થી ૧૯૭૭ સુધીના સમયગાળામાં એપોલોના સિસ્મિક નેટવર્કે ચંદ્ર પર ૨૮ ભૂકંપ થયાનું નોંધ્યું હતું. કેટલાક ભૂકંપ ૫.૫ ની તીવ્રતાના હતા.

## પૃથ્વીના ગોળા 'ગ્લોબ'નો અનોખો ઇતિહાસ

ભૂગોળના ક્લાસમાં કે ઘણી ઓફિસોમાં ટેબલ પર મૂકેલા પૃથ્વીના ગોળા તો સૌએ જોયા હશે. ત્રાંસી ધરી પર ફરી શકે તે રીતે ગોઠવેલા ગોળા ઉપર વિશ્વનો નકશો દોરેલો હોય છે. પૃથ્વીની નાનકડી પ્રતિકૃતિ જેવા આ ગોળા અભ્યાસમાં અનુકૂળ પડે છે. વિશ્વના નકશાની જેમ આ ગોળાનો પણ અનોખો ઇતિહાસ છે.

ઇ.સ. પૂર્વે પહેલી સદીમાં ગ્રીસ અને ચીનમાં પથ્થર, ધાતુ કે લાકડાના ગોળા બનતા. તે જમાનામાં ફિલોસોફરો અને ધર્મગુરુઓ વિજ્ઞાન, ગણિત અને ભૂગોળનો અભ્યાસ કરતા. ઇ.સ. ૧૫૦માં એટલાસના રોમન શિલ્પમાં એટલાસની પીઠ પર મૂકેલો પૃથ્વીનો ગોળો સૌથી પ્રાચીન ગ્લોબ છે. ઇ.સ. ૧૯૪૨માં નૂરબર્ગના માર્ટીન નીટેને બનાવેલો લાકડા, પ્લાસ્ટર અને રેસાનો ગોળો આજે પણ અસ્તિત્વમાં છે.

ઇ.સ. ૧૫૪૩માં જર્મન ગણિતશાસ્ત્રી કાસ્પર વોગલે બનાવેલો ગોળો વિશ્વપ્રસિદ્ધ છે. આ ગોળામાં ધાતુની પટ્ટીના અનેક વર્તુળો વચ્ચે પૃથ્વીનો ગોળો ફીટ કરેલો છે. ધાતુની પટ્ટીઓ પૃથ્વીની આસપાસ ફરતા ગ્રહોની ભ્રમણકક્ષા દર્શાવે છે અને વચ્ચે પૃથ્વી અને બધું એક ધરી પર ચારે દિશામાં ફરી શકે તેમ ગોઠવેલું હોય છે. આ ગોળા ટોલોમી અને કોપરનિક્સે કરેલી સૂર્યમાળાની થીયરી દર્શાવતા હતા.

આજે બજારમાં મળતા ગ્લોબ ૨૩.૫ અંશ ડિગ્રીએ નમેલી ધરી પર ફરતા રહે તે રીતે બનાવેલા હોય છે. આ ગોળા પૃથ્વી પશ્ચિમ દિશામાં ફરી શકે છે. ગોળા ઉપર તમામ દેશોના નકશા અને મહા સમુદ્રો હોય છે. ગોળાના કદના પ્રમાણમાં સ્થળોના અંતરનું પ્રમાણમાપ જળવાયેલું હોય છે. અક્ષાંસ અને રેખાંશ પણ દર્શાવેલા હોય છે.

## ભારતનો સૌથી ઊંચો ધોધ : નોહકાલીકાય ધોધ

મેઘાલયના ચેરાપુંજી નજીક આવેલો ધોધ નોહકાલીકાય

૩૪૦ મીટરની ઊંચાઈથી પડે છે. દેશનો આ સૌથી ઊંચો ધોધ ૨૩ મીટર પહોળો છે. આ ધોધ દરિયાની સપાટીથી ૧૨૩૯ મીટરની ઊંચાઈએ આવેલો છે. ચેરાપુંજી સૌથી વધુ વરસાદ માટે પણ જાણીતું છે.

આ ધોધ જ્યાં પડે છે તે સ્થળે એકઠું થયેલું પાણી લીલા રંગનું હોય છે. ઊંચા પર્વતો અને ગાઢ જંગલો વચ્ચે આવેલો આ ધોધ દુર્ગમ છે. આ ધોધ શિલોંગથી ૫૩ કિ.મી.ના અંતરે છે. ચેરાપુંજીના જંગલો ભારે વરસાદના કારણે સમૃદ્ધ છે. ચેરાપુંજીની આસપાસ અનેક ધોધ છે. ખસી હિલ્સ ઉપર આવેલી ઈકો પાર્ક, દાઈન થેલેન ધોધ, ક્રેમની ગુફાઓ વગેરે જોવાલાયક સ્થળો છે. રામકૃષ્ણ મિશન પણ આ સ્થળે આવેલું છે. વૃક્ષોના જીવંત મૂળીયાના બનેલા પૂલો અહીં જોવા મળે છે.

## જંગલ બુક : સૌથી મોટા પ્રાણી-પક્ષી

★ ***સૌથી મોટું સસ્તન પ્રાણી :*** આફ્રિકન હાથી કે જે લગભગ ૩૦,૦૦૦ કિ.ગ્રા. વજનનો હોય છે.

★ ***સૌથી મોટું પક્ષી :*** શાહમૃગ ૯ ફૂટ ઊંચું અને ૭૦૦ કિલો વજનનું હોય છે.

★ ***સૌથી મોટું દરિયાઈ પ્રાણી :*** બ્લ્યુ વ્હેલ જે ૧૨૦ ટન વજનની અને ૮૦ ફૂટ લાંબી હોય છે.

★ ***સૌથી મોટું સરિસૃપ :*** ખારા પાણીનો મગર કે જે ૨૨ ફૂટ લાંબો હોય છે.

## સૌથી મોટી ચાંચવાળું પક્ષી : ટોકો ટુકાન

દક્ષિણ અમેરિકામાં જોવા મળતું ટોકો ટુકાન સૌથી મોટી ચાંચવાળું અને સુંદર પક્ષી છે. ઝૂ માં આ પક્ષી આકર્ષણનું કેન્દ્ર બને છે. ૨૧થી ૨૫ ઈંચ સુધીની લંબાઈના ટોકો ટુકાનની ચાંચ લગભગ ૬ થી ૯ ઈંચ લાંબી હોય છે. શરીર કાળું અને સફેદ ડોકવાળા આ પક્ષીની ચાંચ તેજસ્વી કેસરી રંગની હોય છે. શરીરના પ્રમાણમાં સૌથી મોટી ચાંચ ધરાવતા આ પક્ષીની ચાંચ શરીરનો ૩૦ ટકા ભાગ રોકે છે.

લાંબી ચાંચ ઉપરાંત ટોકો ટુકાનના શરીરના પીંછા શરીરની ગરમીને બહાર ધકેલવાની કરામત ધરાવે છે. ટોકો ટુકાન ફળો ખાઈને જીવે છે. તે ઉપરાંત ક્યારેક દેડકા જેવા નાના જીવનો શિકાર કરે છે. તે નાના સમૂહમાં રહે છે અને ઝાડના થડની બખોલમાં માળો કરે છે. ટુકાન ગુસ્સે થાય ત્યારે ચાંચનો હથિયાર તરીકે ઉપયોગ કરે છે. સ્થાનિક લોકો ટુકાનને પોપટની જેમ પાળે પણ છે.

## વિશ્વનું સૌથી નાનું શિયાળ : ફેનેક ફોક્સ

બુદ્ધિશાળી પણ લુચ્ચા પ્રાણી તરીકે જાણીતા શિયાળની ઘણી જાત હોય છે. ભરચક વાળવાળી ભરાવદાર પૂંછડીવાળા શિયાળ સામાન્ય રીતે કૂતરાના કદના હોય છે. સહરા અને આફ્રિકાના રણપ્રદેશમાં જોવા મળતું ફેનેક ફોક્સ એક જ ફૂટ લાંબું અને એક કિલો વજનનું હોય છે. નાનકડા શરીર પર ચારથી પાંચ ઈંચ લાંબા કાન તેની વિશેષતા છે. મોટી આંખોને કારણે અન્ય શિયાળ કરતાં તે જુદું દેખાય છે.

દિવસે ખૂબ જ ગરમી અને રાત્રે ખૂબ જ ઠંડી હોય તેવા રણપ્રદેશમાં થતા ફેનેક ફોક્સને શરીર પર ભરચક વાળ હોય છે. આ પ્રાણી ટોળામાં રહે છે. સામાજિક છે એટલે પાળી શકાય છે. તે ઉંદર, ખિસકોલી જેવા નાના પ્રાણીઓનો શિકાર કરે છે. ફેનેક બે ફૂટ ઊંચો કૂદકો મારી શકે છે. પાણી વિના લાંબો સમય જીવી શકે છે. ફેનેક ફોક્સ જમીનમાં દર બનાવીને રહે છે.

## વિકરાળ જડબું ધરાવતી બાસ્કિંગ શાર્ક

બાસ્કિંગ શાર્ક તેના વિકરાળ જડબાને કારણે બધા કરતાં જુદી પડે છે. ૧૦૦ દાંતોનું ભયાનક જડબું જ તેની વિશેષતા છે. પેસીફિક અને એટલાન્ટીક સમુદ્રમાં જોવા મળતી બાસ્કિંગ શાર્ક ૬ થી ૮ મીટર લાંબી હોય છે. ધીમી ગતિએ તરતી બાસ્કિંગને પાણીની સપાટી ઉપર રહેવાનું વધારે ગમે છે. કલાકમાં તે લાખો લીટર પાણી ગટગટાવી જાય છે ને ચૂઈ વાટે બહાર પણ કાઢે છે.

## ફર્નીચરમાં વપરાતું સનમાઈકા શું છે?

જાતજાતના રંગો અને સુંવાળી સપાટીવાળી સનમાઈકાના પાટીયાનો ઉપયોગ જાણીતો છે. સનમાઇકા વોટરપ્રુફ છે અને તેમાં ઊધઈ પણ લાગતી નથી એટલે લાંબો સમય રહે છે.

સનમાઇકા શું છે? તે લાકડું તો નથી જ. ફોર્માલ્ડિહાઈડ અને મેલામાઈન નામના રસાયણોને ગરમ કરી, ઠારીને ઘટ્ટ બનાવવાથી સનમાઇકા બને છે. તેની સપાટી સુંવાળી હોય છે. આ પાટીયાને સનમાઈકા અને ફોરમાઈકા જેવા નામ તેની ઉત્પાદક કંપનીએ આપેલા છે. તેમાં ઉપયોગી ફોર્માલ્ડિહાઈડ ઊધઈ અને કીડીનાશક છે. લેટીન ભાષામાં ઊધઈ, કીડી જેવા કીટકોને ફોરમાઈકા કહે છે. માઈકા એ ચળકતી સપાટીવાળું ખનીજ છે. તે સિલિકેટનો એક પ્રકાર છે. તેને અબરખ પણ કહે છે.

*વિચાર વિના શીખવું એ મહેનત બરબાદ કર્યા જેવું છે અને વિવેક વિના આચરવું ભયંકર છે.*

## એક જ વાક્યમાં અંગ્રેજીના એ ટુ ઝેડ

અંગ્રેજીના જાણકારો માટે આ વાક્ય ખૂબ જ રસપ્રદ છે : "The quick brown fox jumps over the lazy dog." આ વાક્યમાં અંગ્રેજી એ બી સી ડીના દરેક અક્ષરો આવી જાય છે.

## પૃથ્વીનો પડોશી ગ્રહ : બુધ

પૃથ્વીની સૌથી નજીકનો ગ્રહ બુધ સૂર્યની પણ સૌથી નજીક છે. તે પ્રચંડ તાપમાન ધરાવે છે. બુધ સૂર્યમાળાનો સૌથી નાનો ગ્રહ છે અને પૃથ્વી પરથી નરી આંખે જોઈ શકાય છે. વહેલી સવારે અને સાંજે આકાશમાં દેખાતો બુધ ચંદ્રની જેમ કળા બદલે છે.

સૂર્યની નજીક હોવાથી તેની ભ્રમણ કક્ષા પણ નાની છે. તે આપણા ૮૮ દિવસમાં સૂર્યની એક પ્રદક્ષિણા પૂરી કરે છે અને આપણા ૧૧૬ દિવસે એક ધરી ભ્રમણ કરે છે. એટલે કે બુધનો એક દિવસ આપણા ૧૧૬ દિવસ જેટલો લાંબો હોય છે.

બુધનો વ્યાસ ૪૮૭૮ કિ.મી. છે. તેની સપાટી પર ચંદ્ર જેવા ખાડા ટેકરા છે. બુધ ઉપર હવા નથી. એટલે તેની સપાટીને ઘસારો લાગતો નથી. તેની સપાટી પાતળી અને ખડકોની બનેલી છે. તેનો આકાર બદલાતો નથી તથા તેના પર ક્યાંક સપાટ મેદાનો છે. બુધ ઉપર વાતાવરણ નથી. એટલે તેનું તાપમાન પ્રચંડ ગરમીથી પ્રચંડ ઠંડીમાં પળવારમાં જ બદલાય છે. બુધ ઉપર દિવસે પણ આકાશ કાળું દેખાય છે.

## વૃક્ષના વિકાસનું વિજ્ઞાન

જમીનમાં બીજ રોપાયા પછી અંકુર ફૂટે અને કુંપળ બહાર નીકળે. થોડા દિવસમાં આ કુંપળ મોટી થઈ છોડ બને અને વર્ષો પછી વૃક્ષ બને. સજીવ સૃષ્ટિ વિકાસ પામે છે. પ્રાણીઓના કદ વધે છે. તે જ રીતે વૃક્ષો પણ મોટા થાય છે. વનસ્પતિના વિકાસની વાત થોડી જુદી છે.

વૃક્ષ જમીનમાંથી પાણી અને ખનીજ મેળવે છે. તેના પાનમાં સૂર્ય પ્રકાશ વડે સ્ટાર્ચ, સાકર દ્રવ્ય અને સેલ્યુલોઝ બને છે. થડમાં રહેલા કોષો દ્વારા તે પોષણ મેળવે છે. છોડનું થડ પાતળું અને નરમ હોય છે. ટોચે ડાળી અને પાન ફરતા જાય તેમ વજન વધે અને થડ મજબૂત અને જાડું થતું જાય.

છોડની દરેક ડાળીના છેડે કોશો વિભાજિત થઈ તળે ડાળી અને પાન ફૂટે. જૂના કોશો સખત થતા જાય. થડની છાલ મજબૂત થતી જાય, વૃક્ષના થડની ઊંચાઈ વધતી નથી પરંતુ ટોચના છેડે નવી ડાળીઓ ફૂટીને ઊંચી થાય છે. થડનો વ્યાસ વધે છે.

## કાવ્ય : બહુ યાદ આવે માવતર

ખોવાઈ ગયું છે પિયર મારું
ખોવાયો આવકાર મીઠો માવતરનો!
સિધાવી ગયા મા ને બાપ પછી
પડઘો છવાઈ ગયો માવતરનો!

એક દિવસ તો આવ!
એવું કોણ કહેશે? કોણ હવે રાહ જોશે?
દીકરીના આગમને હરખતું એમનું હૈયું!
હવે એવું કોણ હરખાશે?

અટવાઈ ગયા છે ભાઈ ને ભાભી,
એમના સુંદર માળામાં!
ઇચ્છે તોય ન મળે ફુરસદ એમને,
ગુંથાયા રળિયામણા સંસારમાં!

એવું નથી કે ના મળે આવકાર,
જ્યારે જઇએ એમનાં ફળિયે!
સ્નેહ ને માનપાન થકી કરે સ્વાગત,
હેત રાખે હેતાળ હૈયે!

તોય ક્યારેક ઓછું આવે મનને,
આંખોમાં છલકાઈ જાય આંસુ!
માવતર વગરનું પિયર જોઈને,
અનુભવાય એકલું અટુલું.

પળે પળે રાહ જોતી માની આંખો સાંભરી આવે મનને!
'ક્યારે આવીશ?' માના એ જ સવાલનો પડઘો પડે પિયરના બારણે!

'બહુ દિવસે દેખાઈ!' કહેતી બાપની વાણી ઠારી દેતી ભીતરને!
બંધ આંખ કરી પામી લઉં એમના અસ્તિત્વના આભાસને!

જેમાં માતા-પિતા હોય એવું પિયર ક્યાંથી મને મળે!
ડુમો ભરાઈ જાય, હૈયું તરસે, માવતર કેરા પિયરને!

ક્યાંથી લાવું મા-બાપ પાછા,
જેમના અંતરમાં સદાય રહેતો ઉમળકો!
સમજું છું, જાય એ ના આવે પાછા, જાણી મનમાં ઉઠે સણકો!

યાદ એમની બહુ સતાવે છે મનને! સૂનું જીવન ને સંસાર ખારો!
નથી કોઈ આરો, જીરવવો પડશે ઊંડો ખાલીપો હવે એમના વગરનો!

ભાઈ, ભાભી, ભત્રીજા ને બાળકો પ્રેમથી કરે સ્વાગત,
તોય માવતર વગરનું પિયર જાણે રંગ વગરની રંગત!

જડાઈ જાય જીવનમાં કોઈ ખાલીપો ત્યારે બહુ યાદ આવે માવતર!


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY,
BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Eco Chair
Flower Pot Stands
Bird Bracket
Deko Chips
info@sharpex.com | www.sharpexindia.com | Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening Community On
Our Online Partners: amazon.in Flipkart


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
HARSHA
ENGINEERS
www.harshaengineers.com
PRODUCTS & PROCESS EXCELLENCE THROUGH TPM
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
BRASS CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
• TAPER ROLLER CAGES
STEEL CAGES
• DEEP GROOVE CAGES
• TAPER ROLLER CAGES
• SPHERICAL ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
• ANGULAR CONTACT CAGES
• THRUST ROLLER CAGES
POLYAMIDE CAGES
• DEEP GROOVE CAGES
• ANGULAR CONTACT CAGES
• TAPER ROLLER CAGES
• CYLINDRICAL ROLLER CAGES
STAMPED COMPONENTS
• AUTOMOTIVE INDUSTRY
• BEARING & SEALING
• ELECTRICAL & APPLIANCE INDUSTRY
• SPECIAL APPLICATION
BRONZE BUSH & CASTINGS
• PRECISE BRONZE BUSHES
• CENTRIFUGAL AND SAND CASTINGS
INDIA
Harsha Engineers International Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Precision Bearing Components (China) Co., Ltd.
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

**Shashikant Pindoria**
+91 94276 09013
+91 97141 09013

**JAY AMBE HIMGHAR PVT. LTD.**
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.

**Madhusudan COOL STORES PVT. LTD.**
Nr. Ranasan Char Rasta,
Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.

**VINOD Cool Stores Pvt. Ltd.**
Ahmedabad - Himatnagar Highway,
N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી

**INDOTEX PAINTS**
● DURABLE ● DECORATIVE ● PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 ● M. : 9909444598 ● Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in ● Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 ● Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા






હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪

॥ શાશ્વત બિલ્ડર્સ ॥
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.




Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month


ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

બેંકની વિવિધ સગવડો

- FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
- Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
- ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
- રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રૂપ લીમીટ રૂા. ૧૫ કરોડ
- Online RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

*Condition apply

■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

Patel Tours & Travels®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888
AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT
BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

Parbatbhai Patel
M. : 98240 62711
Shivam Packaging
Shiv Packing Industries
સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને રીમ,પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ
Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka, Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

Mahalaxmi
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow
• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com

आत्मनिर्भर
सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम्
Everything that is in other's control is painful.
All that is in self control is happiness.
AMBICA TIMBER MART
logs. lumber. select veneers.
Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.
અગણિત ફોટોગ્રાફ સહિત રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
અમદાવાદ ગૌરવગાથા
કિંમત રૂ. 1600
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1, ફોન : 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com
ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

ફ્યુઝન કિડની કેર પ્રા. લી.
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions
ડો.હિમાંશુ શાહ [M.S. Mch.(યુરોલોજી)] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ, બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત
ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

JAY ENTERPRISE
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt
C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899


Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)